

Page 03


# સિટી ન્યૂઝ

સૌરાષ્ટ્રનો ધબકાર...

Digital Editions

2002-2026 25 વર્ષ લગાતાર પ્રજાનો વિશ્વાસ

**Year :** 04, **Issue :** 76, Dt. 27-07-2026 (MONDAY) Rs. 02/- **Page :** 30, RNI No. GUJGUJ/2023/84789




રાજકોટમાં પોલીસનો 'ડબલ રોલ' : આવારા તત્વો જ્યાં અડિંગો જમાવે છે ત્યાં તો બધુંય ખુલ્લુ હોય છે

# નાના વેપારીઓની રેંકડી જપ્ત મોટા ધંધાર્થીઓને ખુલ્લી છૂટ



તસવીરઃ મેહુલ ચૌહાણ

## ■ પોલીસ કહે તો વેપારીઓ બંધ કરી દે છે તો જપ્ત કેમ કરી?

## ■ દારૂ, ડ્રગ્સના અડ્ડા સુરક્ષિત : નાના ધંધાર્થી ભયમાં!

## ગૃહમંત્રીએ વેપારીઓને ધંધો કરવા 24 કલાકની છૂટછાટ આપી હતી








**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટમાં રવિવારે રાત્રે નાના ધંધાર્થીઓ પર પોલીસની કાર્યવાહીથી રોષ ફાટી નીકળ્યો છે. રસ્તા પર રેંકડી-લારી ચલાવી રોજીંદું ગુજરાન ચલાવતા વેપારીઓની રેંકડીઓ પોલીસ દ્વારા જપ્ત કરવામાં આવી હતી, જેને કારણે અનેક પરિવારો મુશ્કેલીમાં મુકાયા છે.

ગુજરાત સરકારના ગૃહમંત્રી દ્વારા ૨૪ કલાક વેપારની છૂટ હોવાનો દાવો કરવામાં આવ્યો છે, છતાં રાજકોટમાં પોલીસ દ્વારા નાના વેપારીઓને જ નિશાન બનાવવામાં આવતા સવાલો ઊભા થયા છે. વેપારીઓનું કહેવું છે કે તેઓ રોજનું કમાઈને ખાવા વાળા લોકો છે, છતાં એમને જ હેરાન કરવામાં આવે છે.

બીજી તરફ શહેરની મોટી હોટલો અને રેસ્ટોરન્ટમાં ચાલી રહેલી ગેરરીતિઓ સામે કોઈ કાર્યવાહી ન થતા પોલીસના વલણ પર પ્રશ્નચિહ્ન લાગી રહ્યું છે. રવિવારના દિવસે અનેક પરિવારો નાસ્તા અને ફરવા નીકળે છે, ત્યારે નાના વેપારીઓને બંધ કરાવવાથી જનતા પણ પરેશાન થઈ રહી છે. આ મામલે નાના વેપારીઓમાં ભારે રોષ જોવા મળી રહ્યો છે અને પોલીસની આ કાર્યવાહી સામે ન્યાયની માંગ ઉઠી રહી છે.

## સરકારની મોટી કાર્યવાહી

# કિર્તી પટેલના ઈન્સ્ટાગ્રામ એકાઉન્ડ ભારતમાં પ્રતિબંધ

## કીર્તિ પટેલ સોશિયલ મીડિયાના માધ્યમથી અન્યોને બદનામ કરવામાં આવી રહ્યા હતા : તંત્રએ 'મેટા'ને સત્તાવાર રિપોર્ટ કરછ તેનું ID ભારત દેશ પૂરતું બેન કરી દેવામાં આવ્યું

સિટી ન્યૂઝ@રાજકોટ

સોશિયલ મીડિયાના માધ્યમથી હંમેશામાં વિવાદમાં રહેતી કીર્તિ પટેલ સામે સરકાર તરફથી મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ૧.૩ મિલિયન ફોલોઅર્સ ધરાવતા કીર્તિ પટેલના ઈન્સ્ટાગ્રામ પરના મુખ્ય ID સિવાયના અન્ય એકાઉન્ટ્સ પર ભારતમાં પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. કીર્તિ પટેલ સામે હત્યાના પ્રયાસ, ખંડણી, ધાકધમકી સહિતના ૧૦થી વધુ ગુના નોંધાઈ ચૂક્યા છે અને જેલની હવા






પણ ખાઈ ચૂકી છે.

કીર્તિ પટેલ સામે અત્યાર સુધીમાં ૧૦થી વધુ ગુનાઓ નોંધાઈ ચૂક્યા છે, જેમાં સોશિયલ મીડિયા પર લોકોને ધમકી આપવી અને બદનામ કરવા જેવા ગંભીર કેસોનો સમાવેશ થાય છે. તાજેતરમાં સુરતના પુણા પોલીસ સ્ટેશનમાં એક મહિલા સરપંચ અને તેમના પતિને સોશિયલ મીડિયા પર બદનામ કરવાનો ગુનો દાખલ થયો હતો. આ કેસ બાદ કીર્તિ પટેલે પુણા પોલીસ સ્ટેશનની બહાર ભારે બૂમબરાડા પાડીને હંગામો મચાવ્યો હતો અને તેનો પણ વિડીયો બનાવી સોશિયલ મીડિયા પર વાયરલ કર્યો હતો.

પોલીસ અને વહીવટી તંત્રના જણાવ્યા અનુસાર, કીર્તિ પટેલ દ્વારા સતત સોશિયલ મીડિયાના માધ્યમથી અન્યોને બદનામ કરવાના કેસો સામે આવી રહ્યા હતા. અલગ-અલગ ગુનાઓ અને ફરિયાદોને આધારે પ્લેટફોર્મ ઓનર 'મેટા'ને સત્તાવાર રિપોર્ટ કરવામાં આવ્યો હતો. આ રિપોર્ટ બાદ મેટા દ્વારા કડક કાર્યવાહી કરીને કીર્તિ પટેલના IDને ભારત દેશ પૂરતું બેન કરી દેવામાં આવ્યું હોવાની શક્યતા છે.

### સોશિયલ મીડિયા પર પડકાર ફેંક્યો

પોતાના વિરોધીઓ સામે આક્રમક વલણ અપનાવતા કીર્તિ પટેલે ખુલ્લી ચીમકી આપતા કહ્યું કે, હવે હું રાત-દિવસ એક કરી દઈશ અને ૨૪ કલાક સોશિયલ મીડિયા પર સક્રિય રહીશ. ૨૪એ ૨૪ કલાક હું લાઈવ આવીને ધમાકો  બોલાવીશ, કેમ કે તમે મને શાંત રહેવા ન દીધી અને હવે મારે ચૂપ રહેવું નથી. સુરત પોલીસ છેલ્લા કેટલાક સમયથી ગુનાહિત ધમકી, ખંડણી અને ખાસ કરીને સોશિયલ મીડિયાનો દુરુપયોગ કરી ગુનાહિત પ્રવૃત્તિ આચરતા ઈસમો સામે કડક વલણ અપનાવી રહી છે. કાપોદ્રા પોલીસ સ્ટેશનના ઈન્ચાર્જ પોલીસ ઈન્સ્પેક્ટર એમ.આર. સોલંકી દ્વારા આ પ્રકારના આરોપીઓ, જેઓ વારંવાર પકડાવા છતાં સુધરતા નથી, તેમની સામે પાસા હેઠળ અટકાયતી કાર્યવાહી કરવા સ્પષ્ટ સૂચના આપવામાં આવી હતી. પોતાના વિવાદિત નિવેદનો અને સોશિયલ મીડિયા પોસ્ટને કારણે હંમેશા ચર્ચામાં રહેતી સોશિયલ મીડિયા સ્ટાર કીર્તિ પટેલ ફરી એકવાર કાયદાના સકંજામાં આવી છે.

## કીર્તીનું ID બંધ થતા નવા ID બનાવી કટાક્ષા કર્યો

# આઈ એમ ફોરેનર ભૂરી, ચૂનો!





કીર્તિ પટેલના ઈન્સ્ટાગ્રામ પરના બે ID પર ભારતમાં પ્રતિબંધ મૂકી દેવામાં આવતા કીર્તિએ નવી ID બનાવી કટાક્ષ કરતા કહ્યું હતું કે, હું યુ.કે., લંડન, કેનેડા, યુએસએ, દુબઈ... આઈ એમ ફોરેનર ભૂરી, યુ નો!" તેણે પોતાના લોકેશન અંગે સ્પષ્ટતા કરતાં ઉમેર્યું કે, હું એક ભારતીય નાગરિક છું, પરંતુ અત્યારે ભારતમાં હોવા છતાં પણ ઈન્ડિયાના લોકેશન પર નથી. હું અત્યારે એક રીતે ફોરેનર જેવી લાઈફ જીવી રહી છું. તમે મને ભારતમાંથી એક પ્રકારે વિદેશ મોકલી દીધી હોય તેવું લાગે છે, તે બદલ તમારો આભાર!

## કાર્ગો કમ્પાર્ટમેન્ટમાં ધૂમાડાથી આકાશમાં અફરાતફરી મચી




# દુબઇ-મુંબઇ ફ્લાઇટમાં ધૂમાડો નીકળતા રાજકોટ એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ









**સિટી ન્યૂઝ@રાજકોટ**

- 194 મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા
- તપાસના અંતે હાશકારો : રાજકોટથી ફરી ફ્લાઇટ મુંબઇ જવા રવાના
- આગના સમાચાર મળતા ફાયર ફાઇટરો, બોમ્બ–ડોગ સ્કવોડે એરપોર્ટ પહોંચી તપાસ કરી

દુબઈથી મુંબઈ આવતી ઈન્ડિગો ફ્લાઈટ (IGO૧૪૫૨)ના કાર્ગો કમ્પાર્ટમેન્ટમાં અચાનક આગ લાગતા આ ફ્લાઈટનું રાજકોટ ઈન્ટરનેશનલ એરપોર્ટ પર ઈમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. જોકે, આ દરમિયાન ક્રૂ મેમ્બર સહિત ૧૯૪ મુસાફરોના જીવ તાળવે ચોંટી ગયા હતા, પરંતુ આ ફ્લાઈટનું સફળતાપૂર્વક લેન્ડિંગ કરાયું હતું. મુસાફરોને કોઈપણ પ્રકારની જાનહાનિ ન થતા એરપોર્ટ ઓથોરિટી અને રાજકોટ વહીવટી તંત્રએ રાહતનો શ્વાસ લીધો હતો. હાલ બૉમ્બ અને ડોગ સ્કવોડ એરપોર્ટ પહોંચી ગઈ છે.

એરપોર્ટ ઓથોરિટીના સૂત્રોના જણાવ્યા પ્રમાણે દુબઈથી મુંબઈ આવતી ઈન્ડિગોની ફ્લાઇટ દુબઈથી સહી સલામત ઉપડી હતી, પરંતુ રસ્તામાં ફ્લાઈટના કાર્ગો કમ્પાર્ટમેન્ટમાં સ્મોક શરૂ થતા આ ફ્લાઈટને રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર લેન્ડ કરવાનું નક્કી કરવામાં આવ્યું હતું. જેને લીધે ફલાઇટમાં બેસેલા ક્રૂ મેમ્બર સહિત ૧૯૪ મુસાફરો ડરી ગયા હતા પરંતુ પાયલોટ દ્વારા ફલાઇટનું ઇમરજન્સી લેન્ડિંગ સફળતાપૂર્વક કરવામાં આવતા મુસાફરોનો જીવ બચી ગયો હતો.

રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટ પર ફ્લાઈટમાં કાર્ગો કમ્પાર્ટમેન્ટમાંથી ધુમાડો નીકળતો હોવાને કારણે તેનું ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવી રહ્યું હોવાનો મેજર કોલ મળતા જ રાજકોટથી મહાનગરપાલિકાના ૨ ફાયર ફાઇટર અને ૨ એમ્બ્યુલન્સ તાત્કાલિક એરપોર્ટ પર પહોંચી ગઈ હતી અને આ સમયે ફાયર બ્રિગેડના જવાનો તેમજ તબીબી સ્ટાફ પણ તૈયાર હતો. CISF અને એરપોર્ટ પોલીસ સહિતનો સ્ટાફ પણ ત્યાં પહોંચી ગયો હતો. રાજકોટ ઇન્ટરનેશનલ એરપોર્ટના ડાયરેક્ટર દિગંત બોરાહે જણાવ્યું હતું કે, IGO ૧૪૫૨ દુબઈ-મુંબઈ વચ્ચેની ફલાઇટમાં કાર્ગો કમ્પાર્ટમેન્ટમાં સ્મોક થતા ૨:૪૫ વાગ્યે ફુલ ઇમરજન્સી જાહેર કરવામાં આવી હતી. જે બાદ ૩:૨૭ વાગ્યે આ ફ્લાઇટનું રાજકોટ એરપોર્ટ પર ઇમરજન્સી લેન્ડિંગ કરવામાં આવ્યું હતું. ફ્લાઈટમાં બેસેલા ૧૯૪ જેટલા મુસાફરો સુરક્ષિત છે.

### રોગચાળો બેકાબુ: મચ્છર અને પાણીજન્ય રોગચાળો ચારે કોર ફેલાયો

# રાજકોટ 'બિમાર' મચ્છરોનું 'રાજ'

| | | |
|---|---|---|
| શરદી-ઉધરસ | 879 | કેસ |
| તાવ | 916 | કેસ |
| ઝાડા-ઉલ્ટી | 417 | કેસ |
| ટાઈફોઈડ | 2 | કેસ |
| કમળાનો | 1 | કેસ |



## તંત્રએ 262 ઘરોમાં ફોગીંગ કર્યું, મચ્છર ઉત્પત્તિ કરતા 101 રહેણાંક અને 271 કોમર્શિયલ આસામીઓને નોટિસ ફટકારી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરમાં મચ્છરજન્ય અને પાણીજન્ય રોગચાળો ચારેકોર ફેલાતાં સ્થિતિ અત્યંત ગંભીર બની છે. બદલાતા હવામાન અને માનવીય બેદરકારીના કારણે શહેરમાં શરદી, ઉધરસ, તાવ અને ઝાડા-ઊલટીના કેસોમાં ચિંતાજનક ઉછાળો જોવા મળી રહ્યો છે. રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખા દ્વારા જાહેર કરાયેલા આંકડા મુજબ ૨૦/૦૭/૨૦૨૬ થી ૨૬/૦૭/૨૦૨૬ દરમિયાન માત્ર એક જ અઠવાડિયામાં સામાન્ય તાવના ૯૧૬, શરદી-ઉધરસના ૮૭૯ અને ઝાડા-ઊલટીના ૪૧૭ કેસો નોંધાયા છે. આ ઉપરાંત ટાઈફોઈડના ૨ અને કમળાનો ૧ કેસ પણ સામે આવ્યો છે, જેના કારણે પ્રજામાં ભારે ચિંતા વ્યાપી છે.

ડેન્ગ્યુ, મેલેરિયા અને ચિકુનગુનિયા જેવા વાહકજન્ય રોગોને અટકાવવા માટે RMC ના આરોગ્ય વિભાગ દ્વારા ઘનિષ્ઠ અટકાયતી પગલાં લેવામાં આવી રહ્યા છે. મચ્છરોનું જીવનચક્ર ટૂંકું હોવાથી અને ચોખ્ખા પાણીમાં તેમની પુન ઉત્પત્તિ ઝડપી થતી હોવાથી તંત્ર દ્વારા ૨૧,૨૨૩ ઘરોમાં પોરાનાશક કામગીરી કરવામાં આવી છે. આ ઉપરાંત મચ્છરોની ઘનતા વધુ હોય તેવા વિસ્તારો, જાહેર રસ્તાઓ અને સંવેદનશીલ સોસાયટીઓમાં વહિકલ માઉન્ટેડ મશીન દ્વારા ૨૬૨ ઘરોમાં ફોગિંગ હાથ ધરવામાં આવ્યું છે. તંત્ર દ્વારા રહેણાંક સિવાયની ૬૭૭ જેટલી પ્રીમાઈસીસની પણ આકસ્મિક તપાસ કરવામાં આવી હતી.

મચ્છરજન્ય રોગચાળાને નિયંત્રણમાં લેવા માટે મહાનગરપાલિકા દ્વારા બાયલોઝ અંતર્ગત કડક કાર્યવાહી શરૂ કરવામાં આવી છે. તપાસ દરમિયાન મચ્છરના પોરા મળી આવતા ૧૦૧ રહેણાંક અને ૨૭૧ કોમર્શિયલ મળી કુલ ૩૭૨ આસામીઓને નોટિસ ફટકારી વહીવટી ચાર્જ વસૂલવાની કાર્યવાહી કરવામાં આવી છે. ડેન્ગ્યુ ફેલાવતા એડીસ મચ્છર દિવસના સમયે કરડતા હોવાથી અને શાળાઓ, હોસ્પિટલો, બાંધકામ સાઈટો જેવા સ્થળોએ જોખમ વધુ હોવાથી તંત્ર દ્વારા આવી તમામ જગ્યાઓ પર કડક નજર રાખવામાં આવી રહી છે.

બીજી તરફ પાણીજન્ય રોગચાળાને નાથવા માટે શહેરી પ્રાથમિક આરોગ્ય કેન્દ્રના ફિલ્ડ સ્ટાફ દ્વારા ૨,૯૪,૮૫૫ જેટલી વસ્તીનો સર્વે કરવામાં આવ્યો છે. આ સર્વે દરમિયાન નાગરિકોને પીવાના પાણીની સુરક્ષા માટે ૮,૨૦૩ ક્લોરીન ટેબ્લેટ અને ૧,૩૩૫ ORS પેકેટનું વિતરણ કરવામાં આવ્યું છે તેમજ ૩,૧૭૩ જેટલા RC ટેસ્ટ કરવામાં આવ્યા છે. તંત્ર દ્વારા લોકોને પોતાના ઘર અને આસપાસના વિસ્તારમાં સાફ-સફાઈ રાખવા તથા પાણી ભરાઈ રહેવા ન દેવા અપીલ કરવામાં આવી છે.

## મ્યુનિસિપલ કમિશનરએ રૈયાધાર WTP ખાતે પાણીની ગુણવત્તાની ચકાસણી કરી



રાજકોટ શહેરના નાગરિકોને શુદ્ધ અને સલામત પીવાનું પાણી ઉપલબ્ધ થાય તે સુનિશ્ચિત કરવા માટે મ્યુનિસિપલ કમિશનર તુષાર સુમેરાએ રૈયાધાર વોટર ટ્રીટમેન્ટ પ્લાન્ટ (WTP) ખાતે રૂબરૂ મુલાકાત લીધી હતી.મુલાકાત દરમિયાન કમિશનરે પ્લાન્ટની કામગીરીની સમીક્ષા કરી હતી તેમજ પીવાના પાણીની ગુણવત્તા જળવાઈ રહે તે માટે ક્લોરિનેશન પ્રક્રિયાનું નિરીક્ષણ કર્યું હતું. આ ઉપરાંત ક્લોરિનના સેમ્પલની સ્થળ પર જ ચકાસણી કરી જરૂરી સૂચનો આપ્યા હતા.કમિશનરે અધિકારીઓને પાણી શુદ્ધિકરણ પ્રક્રિયા નિયમો મુજબ સતત જાળવી રાખવા, ક્લોરિનનું પ્રમાણ નિર્ધારિત ધોરણો અનુસાર જાળવવા તેમજ પાણીની ગુણવત્તાની નિયમિત ચકાસણી કરવામાં આવે તે અંગે સૂચના આપી હતી. રાજકોટ મહાનગરપાલિકા દ્વારા શહેરના તમામ નાગરિકોને સ્વચ્છ, શુદ્ધ અને આરોગ્યપ્રદ પીવાનું પાણી સતત ઉપલબ્ધ કરાવવા માટે જરૂરી તમામ પગલાં લેવામાં આવી રહ્યા છે.

## લોકોને સસ્તા I-PHONE અને વિદેશી ટૂરની લાલચ પડી મોંઘી

# રાજકોટમાં 'ફેસ્ટિવલ હોલી ડે'એ ફરવાના શોખીનો સાથે રૂપિયા 50 લાખની ઠગાઈ કરી

## જાપાન, સિંગાપોર, બાલી અને હોંગકોંગના ફેક ટૂર પેકેજ બતાવી પ્રોફેસર સહિત આઠ લોકો સાથે ફેસ્ટીવ હોલીડે ટુર્સ એન્ડ ટ્રાવેલ્સના દંપતીએ શિકાર બનાવ્યા



## અભિનવ પટેલ અને ધારા પટેલ વિરૂધ્ધ ગુન્હો નોંધાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

શહેરના નાનામૌવા રોડ પર આવેલ આર.કે. પ્રાઈમ બિલ્ડીંગની ઓફિસ નં. ૧૧૦ માં ફેસ્ટીવ હોલીડે નામે ટ્રાવેલ્સ એજન્સી ચલાવતા અભિનવ હિતેશભાઈ પટેલ અને તેની પત્ની ધારાબેન અભિનવભાઈ પટેલ નામના દંપતી સામે રૂ. ૫૦ લાખથી વધુની ઠગાઈનો મામલો સામે આવ્યો છે.આ મામલે રાજકોટની શ્રી એમ એન્ડ એન વિરાણી સાયન્સ કોલેજ (આત્મીય યુનિવર્સિટી કેમ્પસ) ખાતે કેમેસ્ટ્રી વિષયના પ્રોફેસર તરીકે ફરજ બજાવતા અને નાનામૌવા રોડ પર રહેતા ભરતકુમાર મુળાભાઈ વાઢેર (ઉં.વ. ૫૮) એ માલવીયાનગર પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી છે. ફરિયાદની વિગત મુજબ, પ્રોફેસર ભરતકુમાર વાઢેરે પરિવાર સાથે વિયેતનામ જવા માટે ફેસ્ટીવ હોલીડેના સંચાલક અભિનવ પટેલનો સંપર્ક કર્યો હતો. ત્યારબાદ સયાજી હોટલ ખાતે યોજાયેલા ટ્રાવેલ એક્સપોમાં અભિનવના પત્ની ધારાબેન પટેલે ડિસ્કાઉન્ટ સ્કીમની લાલચ આપી વિયેતનામના ૮ નાઈટ અને ૯ દિવસના પેકેજ પેટે રૂ. ૩.૭૦ લાખ નક્કી કર્યા હતા. ફરિયાદીએ ટુકડે-ટુકડે રૂ. ૩.૭૦ લાખ ચૂકવી દીધા હતા. જોકે, ઈલેક્શન ડ્યુટી હોવાથી તારીખ બદલ્યા બાદ સંચાલકોએ ફ્લાઈટ કેન્સલ થયાનું બહાનું બતાવી ટ્રીપ રદ કરી હતી. રૂપિયા પરત માગતાં અભિનવ પટેલે પોતાની એજન્સીના લેટરપેડ પર રૂ. ૩.૭૦ લાખની ક્રેડિટ નોટ લખી આપી હતી, પરંતુ નક્કી કરેલી તારીખે નાણાં આપવાને બદલે મોબાઈલ સ્વિચ ઓફ કરી ઓફિસને તાળાં મારી દંપતી ભૂગર્ભમાં ઉતરી ગયું હતું. પ્રોફેસર વાઢેર તપાસ માટે ઓફિસે પહોંચ્યા ત્યારે અન્ય પીડિત સુનીલભાઈ જાકાસણીયા સાથે સંપર્ક થયો હતો. તેમણે 'ફેસ્ટીવ પેમેન્ટ' નામનું વોટ્સએપ ગ્રુપ બનાવતા સામે આવ્યું હતું કે આ ઠગ દંપતીએ અન્ય ૮ જેટલા લોકોને પણ પોતાની જાળમાં ફસાવ્યા છે.

## 9 જૂને કહ્યું હતું, સિટી ન્યૂઝના અહેવાલને મ્હોર લાગી !



સિટી ન્યૂઝ — Crime — 14 — 09 JUNE 2026, TUESDAY

ટૂરના નામે લાખો-કરોડોની છેતરપિંડી કરી રાતોરાત ગાયબ

### ફેસ્ટિવલ ટૂર એન્ડ ટ્રાવેલ્સની ઓફિસે લાગ્યા તાળા; સંચાલક રફુચક્કર !

નાનામવા સર્કલ પાસે આવેલ ઓફિસના સંચાલક અભિનય પટેલનો ફોન બંધ

MOST TRUSTED TRAVEL AGENCY OF SAURASHTRA
DUBAI
Festive HOLIDAYS
celebrate travelling

**ઓફિસમાંથી સ્ટાફને છૂટો કરી દેવાયો; રાતોરાત સામાન ભરી લીધો, પ્રવાસીઓ તેમજ અનેકને નાણાં લઈને ચેક પધરાવી દીધા, હવે લેણદારોના ઓફિસે ધક્કા કર્મચારીઓની કઠણાઈ, પેઢી ઉઠી ગઈ કે અન્ય કાંઈ? ભારે ચર્ચા**

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટના નાનામવા સર્કલ પાસે આવેલા એક ટાવરમાં વિદેશનો પ્રવાસ કરાવતી ટૂર્સ એન્ડ ટ્રાવેલ્સની પેઢીને રાતોરાત તાળાં લાગી જતાં લેણદારો તથા લાખો રૂપિયાના એડવાન્સ પેમેન્ટ કરી દેનારા પ્રવાસીઓમાં ભારે દોડધામ થઈ પડી છે. ઓફિસ પર અત્યાર સુધી તો સ્ટાફ રહેતો હવે તો જવાબ આપનારો સ્ટાફ પણ નહીં અને ઓફિસ પણ બંધ હોવાથી આયોજકને શોધવા માટે લેણદારો તેના નજીકનાઓના સંપર્ક કરી રહ્યા છે. પેઢી સંચાલક દ્વારા અવનવી ખરીદી કે પ્રોગ્રામ ગોઠવીને રોકડના બદલે મુદતના ચેક પધરાવી દેવાતા હતા. આવા અનેક વ્યક્તિઓ પણ ચેક લઈને ચક્કરો કાપી રહ્યા હોવાની અને પેઢીના ઉઠમણા થઈ ગયા કે શું?ની ભારે ચર્ચા ચાલી છે.

આધારભૂત સૂત્રોમાંથી ચર્ચાતી વિગતોમાં અભિનય પટેલ ત્યારબાદ નાનામવા સર્કલ પાસેના એક ટાવરમાં ઓફિસ કરી હતી. ઓફિસમાં લેડીઝ, જેન્ટ્સ સહિતનો સ્ટાફ રખાયો હતો. દુબઈ, વિયેતનામ સહિતના દેશમાં આ પેઢી ફોર ટૂર પેકેજ આયોજન કરતી હતી જેમાં અલગ-અલગ અને અન્ય એજન્સીઓ કરતાં સસ્તા પેકેજ રાખતા હોવાથી ટ્રીપો પણ થતી. છેલ્લા છએક માસથી વધુ સમયથી સંચાલકના તામજામ વધી ગયા હતા.

માર્ચ પૂર્વેના દુબઈ સહિતના અન્ય દેશના ટૂર પેકેજસ માટે એડવાન્સ બુકિંગ અને પેમેન્ટ પણ લઈ લીધા હતા. આયોજક દ્વારા એમ કહીને હાથ ઉંચા કરી દેવાયા કે હવે યુધ્ધની સ્થિતિને લઈને ખતરો છે, પેકેજ માટેના હોટલ્સ, એરફેર સહિતના બુકિંગ તો કરાવી લીધા છે ત્યાં એડવાન્સ પેમેન્ટ કરી આપ્યા છે. જો ટૂર કેન્સલ કરાવો તો અત્યારે તો નાણાં ન મળે, જોઈતા હોય તો ચેક આપી શકાય. કહી એડવાન્સમાં ટૂર પેકેજના નામે ઉઘરાવેલા નાણાંના નામે જેઓ માંગ્યા તેમને ત્રણ-ચાર માસ કે આવી મુદતના ચેકો પધરાવી દેવાયા હતા. પેકેજના નામે જો ચેક આપો તો પુરી એમાઉન્ટ અને કેશ આપો તો વ્યક્તિદીઠ ૧૦,૨૦ હજાર કે આવી રકમની રાહત કન્સેશન આપવાની સ્કીમ (જાળ) મુકી હતી. જેમાં એક સાથે પાંચ, સાત, દશ કે આવી સંખ્યામાં પેકેજ બૂક કરાવનારા સમૂહ કે ફેમિલીએ નાણાં બચાવવાની લ્હાયમાં રોકડ રકમ એડવાન્સમાં આપી દીધી હતી. આવા પ્રવાસીઓ પાસે તો નાણાં ચૂકવ્યાના બેન્ક પ્રુફ કે આવા કોઈ ઓનપેપર એડવાન્સ પણ ન હોવાથી આવા લોકો વધુ ફસાયાનું જાણવા મળે છે.

ઓફિસ ચાલુ રાખીને જવાબો આપવા રાખેલા બે-ત્રણ કર્મચારીને પણ રજા આપીને હવે તો પેઢીને જ સાવ તાળાં લગાવી દીધા હોવાનું જાણવા મળે છે. સંચાલકનો મોબાઈલ ફોન પણ સ્વિચ ઓફ આવતો હોવાથી જેઓ પાસે પેઢીના અન્ય કર્મચારીઓના નંબર છે તેના પર ફોન કરીને સંચાલક અને પેઢી બંધ કેમ છે તે બાબતે ખબર અંતર લેવાઈ રહ્યા છે.

વિદેશના ટૂર પેકેજ બૂક કરાવનારા ઉપરાંત એર ટિકિટ્સ, હોટેલ બુકિંગ્સ માટે એડવાન્સ પેમેન્ટ આપનારા તથા અન્ય રીતે પણ નાણાં આપનારા અનેક લોકો ઓફિસે તાળા લાગતા અને ફોન સ્વિચ ઓફ થઈ જતાં ધંધે લાગ્યા છે.

### 2027 વિધાનસભા ચૂંટણીની હજુ વાર છતાં ખાનગી એજન્સી મેદાનમાં

# સૌરાષ્ટ્રમાં 'મુરતિયાની શોધ'; ખાનગી એજન્સીઓથી ઉમેદવારોનો ગુપ્ત સર્વે ?




**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુજરાત વિધાનસભાની ૨૦૨૭ની ચૂંટણીને હજુ સમય બાકી હોવા છતાં રાજકીય ગરમાવો અત્યારથી જ જોવા મળી રહ્યો છે.

રાજયના એક મોટા રાજકીય પક્ષ દ્વારા ખાનગી એજન્સીઓ મારફતે સંભવિત ઉમેદવારો અંગે સર્વે શરૂ કરાયા હોવાની ચર્ચાએ રાજકીય વર્તુળોમાં ખળભળાટ મચાવ્યો છે.

ખાસ કરીને સૌરાષ્ટ્રના વિવિધ વિસ્તારોમાં એજન્સીના પ્રતિનિધિઓ સ્થાનિક આગેવાનો, કાર્યકરો અને પ્રભાવશાળી વ્યક્તિઓ સાથે સંપર્ક સાધી માહિતી એકત્ર કરી રહ્યા હોવાના અહેવાલો સામે આવી રહ્યા છે.આ સર્વેમાં માત્ર પરંપરાગત માપદંડો જ નહીં, પરંતુ નવા યુગના રાજકીય પરિમાણો પર પણ ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યું છે. જેમાં કયા નેતા સામે સ્થાનિક સ્તરે કેટલો વિરોધ છે, સોશિયલ મીડિયા પર તેમની સક્રિયતા કેટલી છે, યુવાનોમાં તેમની ઓળખ અને લોકપ્રિયતા કેટલી છે જેવા મુદ્દાઓનું વિશ્લેષણ કરવામાં આવી રહ્યું છે. ખાસ કરીને યુવા મતદારોને ધ્યાનમાં રાખીને "ડિજિટલ ઈમેજ" અને "પબ્લિક કનેક્ટ"ને મહત્વ આપવામાં આવી રહ્યું છે.

રાજકીય પક્ષો દ્વારા ખાનગી એજન્સીઓને આ જવાબદારી સોંપવાની પદ્ધતિ હવે સામાન્ય બની રહી છે, પરંતુ ચૂંટણીના લાંબા સમય પહેલાં જ આ પ્રક્રિયા શરૂ થવાથી પક્ષની આંતરિક રાજનીતિમાં હલચલ વધવાની શક્યતા છે. સર્વેમાં આગળ આવનારા દાવેદારોમાં ઉત્સાહ વધશે, જ્યારે અન્ય ઈચ્છુક ઉમેદવારોમાં નારાજગી પેદા થઈ શકે છે. જેના કારણે જૂથબાજી વધુ ઉગ્ર બનવાના એંધાણ પણ દેખાઈ રહ્યા છે. સ્થાનિક સંગઠન અને કાર્યકરોની ભૂમિકા સામે હવે બહારની એજન્સીઓના સર્વેને વધુ પ્રાધાન્ય મળતા પ્રશ્નો પણ ઊભા થઈ રહ્યા છે. રાજકીય વિશ્લેષકોનું માનવું છે કે આ પ્રકારની પહેલ પક્ષોને વ્યૂહરચના ઘડવામાં મદદરૂપ બનશે, પરંતુ સાથે સાથે આંતરિક અસંતોષ અને ટિકિટ માટેની ખેંચતાણને પણ વેગ આપશે. આ રીતે, ચૂંટણીને હજુ સમય હોવા છતાં પક્ષોએ મુરતિયા શોધવાની કવાયત શરૂ કરી દીધી છે, જેના કારણે રાજ્યની રાજકીય હવામાં અત્યારથી જ ગરમાવો અનુભવાઈ રહ્યો છે.

## ક્યાં નેતા સામે સ્થાનિક શું વિરોધ છે

» યુવાનોમાં કેટલા ફેમસ છે
» સોશિયલ મીડિયામાં કેટલા એક્ટિવ છે
» પ્રજાના પ્રશ્નોને કેવી વાંચા આપી રહ્યા છે
» 'ડિજિટલ ઈમેજ' અને 'પબ્લિક કનેક્ટ' કેવા છે તેના ઉપર એજન્સી વધારે મહત્વ આપી ઉમેદવારોના નામો નક્કી કરશે

### કાલાવડ રોડ ઉપર ગ્રાહકોએ પેસ્ટ્રીનો વીડિયો વાયરલ કરી પોલ ખોલી

# રાજકોટના 'પોમોઝ પીઝા' ગંદુ પીરસે છે ?




## દુકાનદારે કહ્યું, પેસ્ટ્રી બેક ન થઈ હોવાનો દાવો કર્યો: ગ્રાહકે કહ્યું: પેસ્ટ્રી બગડી ગયેલી હતી અંદરથી ચીકણા તાંતણ નીકળે છે





**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટના કાલાવડ રોડ પર આવેલા 'પોમોઝ પીઝા'માં મળતી પેસ્ટ્રી અખાદ્ય હોવાના આક્ષેપ સાથેનો વીડિયો વાઈરલ થયો છે. જેમાં યુવતી કાઉન્ટરમાં રાખેલી પેસ્ટ્રી બતાવી ખાવાલાયક ન હોવાનો આક્ષેપ કરી રહી છે. તો બીજી તરફ દુકાનદાર આ પેસ્ટ્રી બરોબર બેક ન થઈ હોવાનો દાવો કરી રહ્યો છે. આ મામલે આરોગ્ય અધિકારી સાથે વાત કરતા તેઓએ જણાવ્યું હતું કે, આ મામલે કોઈ ફરિયાદ મળી નથી. પરંતુ, જે વીડિયો વાઈરલ થયો છે તેના આધારે પીઝા શોપમાં તપાસ કરાશે.વાયરલ થયેલા વીડિયોમાં મહિલા ગ્રાહક પાર્લરના કર્મચારીઓ અને સંચાલકો સામે આકરા પાણીએ જોવા મળે છે. મહિલાએ પોતાના હાથમાં વાસી પેસ્ટ્રી પકડીને તેનો બગડેલો ભાગ કેમેરા સામે બતાવતા કહ્યું હતું કે, "તમે આ જુઓ, આ પેસ્ટ્રી પૂરેપૂરી બગડી ગઈ છે અને અંદરથી ચીકણા તાંતણા નીકળે છે. આ કઈ રીતે ખાવાલાયક ગણાય? શું તમે આવી વસ્તુ તમારા ઘરે ખાઈ શકો છો? તમારા કર્મચારીઓ એવું બહાનું બતાવે છે કે આ બરાબર શેકાઈ (બેક થઈ) નથી અથવા ફ્રીઝરમાં રાખવાને કારણે ભીની થઈ છે, પરંતુ આ બેક ન થવાનો પ્રશ્ન નથી, આ પ્રોડક્ટ સંપૂર્ણપણે વાસી અને ખરાબ થઈ ગઈ છે."આ વાસી ખોરાક ખાધા પછી કોઈ ગ્રાહકની તબિયત ખરાબ થશે કે હોસ્પિટલ ભેગા થવું પડશે, તો તેની જવાબદારી આખરે કોણ લેશે? ભૂલ સ્વીકારવાને બદલે માત્ર બહાના બનાવવામાં આવી રહ્યા છે. ગ્રાહકો નાણાં ચૂકવીને શુદ્ધ અને ગુણવત્તાયુક્ત ખોરાકની અપેક્ષા રાખે છે, પરંતુ આવી બ્રાન્ડેડ જગ્યાઓ પર પણ વાસી અને અસ્વાસ્થ્યપ્રદ ખોરાક પીરસીને લોકોના સ્વાસ્થ્ય સાથે ખુલ્લેઆમ ચેડાં કરવામાં આવી રહ્યા છે. આ પ્રકારની ગંભીર બેદરકારી સામે અવાજ ઉઠાવવો જરૂરી બન્યો છે જેથી અન્ય ગ્રાહકો પણ આવી છેતરપિંડીનો ભોગ બનતા અટકે."સમગ્ર મામલે મનપાનાં આરોગ્ય અધિકારી ડો. જયેશ વાંકાણીએ જણાવ્યું હતું કે, અમારા દ્વારા છેલ્લા ઘણા સમયથી અખાદ્ય પદાર્થોનું વેચાણ કરનારા વેપારીઓની સામે કાર્યવાહી કરવામાં આવી રહી છે. વાયરલ વીડિયો દ્વારા આ બાબત હાલમાં જ અમારી સામે આવી છે. જે અંગે કોઈ સત્તાવાર ફરિયાદ મળી નથી. પરંતુ વીડિયોનાં આધારે અમારી ટીમ દ્વારા કાલાવડ રોડ નજીક આવેલા પોમોઝ પિઝામાં પણ તપાસ કરવામાં આવશે. એટલું જ નહીં જો ત્યાં અખાદ્ય કે વાસી પદાર્થનું વેચાણ કરવામાં આવતું હોવાનું સામે આવશે તો પેઢીના સંચાલકો સામે નિયમ અનુસાર કડક કાર્યવાહી કરવામાં આવશે. જેમાં વાસી-અખાદ્ય ખોરાકનો નાશ કરી સંચાલકો પાસેથી દંડ પણ વસુલવામાં આવશે અને જરૂર પડે તો સિલિંગની કાર્યવાહી કરવામાં આવશે. ઉલ્લેખનીય છે કે, આ વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ લોકોમાં ભારે આક્રોશ જોવા મળી રહ્યો છે. લોકો ખાદ્યપદાર્થો વેચતા વેપારીઓની આવી બેદરકારી સામે આકરા પ્રહારો કરી રહ્યા છે.

# રાજકોટ સ્માર્ટ સિટી કે ડેન્જર સિટી?

### નાનામૌવા સર્કલ પાસે તંત્ર નિંદરમાં

## 8 દિવસથી રોડ પર 'ભયજનક બોર્ડ'; અકસ્માતનો ખતરો




## કામગીરી કેમ નથી કરતા અધિકારીઓને નગરસેવકો પ્રશ્ન પૂછી શકતા નથી


**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાની સ્માર્ટસિટીના શહેરોમાં ગણના કરવામાં આવે છે ત્યારે કોર્પોરેશનનું તંત્ર પણ નકર કામગીરી કરી હોય તેવો દેખાવો કરવામાં હોશિયાર ગણાય છે ત્યારે ચોમાસા પૂર્વે કોર્પોરેશન દ્વારા મોન્સુન કામગીરી કરી હોવાનું કોર્પોરેશન દ્વારા શહેરીજનોને જણાવી છે પરંતુ, હજુ ચોમાસાની સીઝન પૂર બહારમાં જામી નથી ત્યાજ કોર્પોરેશનની બેદરકારી સાબિત થઈ રહી છે શહેરના ૧૫૦ ફુટ રીંગરોડ નાનામૌવા સર્કલ ખાતે ટ્રાફિક થી ધમધમતા રોડ ની વચ્ચે કોર્પોરેશન તંત્ર દ્વારા ભયજનક બોર્ડ છેલ્લા આઠ દિવસથી મૂકવામાં આવેલ છે.

જેમાં વરસાદી પાણીના નિકાલ માટે ખોલવામાં આવેલ હોય તેવું દર્શાવવામાં આવી રહ્યું છે પરંતુ, આજ સુધી આ પ્રશ્નના કોઈ કાયમી ઉકેલ આવેલ નથી કે ચૂંટાયેલા પ્રતિનિધિઓની નજરમાં પણ આ બોર્ડ નો આવતું હોય તેવું જણાઈ છે. પરંતુ, આ ભયજનક બોર્ડ રાત્રિના સમયે પૂરપાટ ઝડપે આવતી ગાડીની નજરમાં નહીં દેખાઈ તો અકસ્માતનો ભય થવાની સંભાવના દેખાઈ રહી છે ત્યારે સત્વરે આ બોર્ડ રોડ પરથી હટાવી કાયમી નિકાલ લાવવા રાહદારીઓ માગ કરી રહ્યા છે.

### કાશીવિશ્વનાથ પ્લોટમાં પાંચ દિવસથી ગટરનું પાણી આવે છે

## વોર્ડ નં. 2માં પીવાનું પાણી ગંદુ કોર્પોરેટરોએ હાથ ઉંચા કર્યા



## નગરસેવકોનો જવાબ : જોવડાવી લવ છું : પરિણામ શૂન્ય

### તંત્ર : વરસાદ છે એટલે આવી સમસ્યા ઉભી થઈ છે

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકા ભલે 'સ્માર્ટ સિટી' અને વિકાસના મોટા મોટા બણગા ફૂંકતી હોય, પરંતુ જમીની વાસ્તવિકતા અત્યંત શરમજનક અને હચમચાવી મૂકનારી છે. પ્રદ્યુમન નગર પોલીસ સ્ટેશન પાસે આવેલા કાશીવિશ્વનાથ પ્લોટ (શેરી નં. ૯) વિસ્તારમાં છેલ્લા પાંચ દિવસથી સ્થાનિક રહીશોના ઘરમાં પીવાના શુદ્ધ પાણીને બદલે ગટરનું અતિ દુર્ગંધમારતું અને દૂષિત પાણી વિતરણ થઈ રહ્યું છે. લોકોની ભૂગર્ભ ટાંકીઓમાં ભરાયેલા આ અત્યંત ડહોળા પાણીમાં વંદા અને અન્ય જીવાતો સ્પષ્ટપણે તરી રહી છે. સ્માર્ટ સિટીના શાસકો અહીંના નાગરિકોને પીવાના પાણીના નામે રોગચાળો અને મોતનું ધીમું ઝેર પીરસી રહ્યા છે, છતાં લાકડાની જેમ જડ થઈ ગયેલા તંત્રના પેટનું પાણી હલતું નથી.

આ ગંભીર સમસ્યા અંગે જ્યારે વોર્ડ નં. ૨ ના ચૂંટાયેલા નગરસેવકો સમક્ષ રજૂઆત કરવામાં આવી, ત્યારે તેઓએ પોતાની નૈતિક જવાબદારીમાંથી સદંતર હાથ ઊંચા કરી દીધા છે. ચૂંટણી વખતે મતો માંગવા માટે ઘરે-ઘરે હાથ જોડતા આ નેતાઓ હવે માત્ર "જોવડાવી લઉં છું" તેવા ઉડાઉ જવાબો આપીને પ્રજાની લાચારીની મજાક ઉડાવી રહ્યા છે. પાંચ-પાંચ દિવસથી લોકો ગટરવાળું પાણી વાપરવા મજબૂર છે અને નગરસેવકોનું આ "જોવડાવી લેવાનું" પરિણામ સદંતર શૂન્ય આવ્યું છે. પ્રજાના ટેક્સના પરસેવાની કમાણી પર તાગડધિન્ના કરતા આ કહેવાતા લોકસેવકોની સંવેદનહીનતા અને નિષ્ક્રિયતાની આ પરાકાષ્ઠા છે. સૌથી વધુ હાસ્યાસ્પદ અને આક્રોશજનક બાબત તો મહાનગરપાલિકાના નિંભર તંત્રનો બચાવ છે. પોતાની ઘોર બેદરકારી અને નબળી કામગીરી છુપાવવા અધિકારીઓ "વરસાદ છે એટલે આવી સમસ્યા ઊભી થઈ છે" તેવું વાહિયાત અને બેજવાબદાર બહાનું ધરી રહ્યા છે.

ગુનાખોરી વચ્ચે હથિયારોનું કેન્દ્ર બન્યું શહેર

# 'રંગીલુ' રાજકોટ 'બેરંગી' તરફ; નાઈટ પેટ્રોલિંગમાં 67 શખ્સો છરી-હથિયાર સાથે ઝડપાયા




## લોકોમાં ભયનો માહોલ હથિયારોનું હબ બની ગયું

સિટી ન્યૂઝ@રાજકોટ

રાજકોટ શહેરમાં સામાન્ય બોલાચાલી બાદ છરી વડે હુમલો કરવાની વધતી ઘટનાઓને પગલે પોલીસ કમિશનર બ્રજેશ કુમાર ઝા અને અધિક પોલીસ કમિશનર ચૈતન્ય મંડલીકની સૂચનાથી નાઈટ પેટ્રોલિંગની ખાસ ડ્રાઈવ યોજવામાં આવી હતી. આ ઝુંબેશ દરમિયાન એ ડિવિઝન પોલીસે એક શખ્સને, થોરાળા પોલીસે ૯ શખસને, પ્રદ્યુમનનગર પોલીસે ૫ શખસને, ગાંધીગ્રામ પોલીસે ૪ શખસને, યુનિવર્સિટી પોલીસે ૮ શખસને, માલવિયાનગર પોલીસે ૧૧ શખસને અને તાલુકા પોલીસે ૪ શખસને છરી કે અન્ય તીક્ષ્ણ હથિયાર સાથે ઝડપી પાડી કુલ ૪૨ શખસ વિરુદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરવામાં આવી છે.ઝુંબેશ દરમિયાન એ-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કાર્તિક દીલીપભાઈ ગોહેલ જાહેર રસ્તા પર છરી સાથે ઝડપાયો હતો. જ્યારે થોરાળા પોલીસે છરી રાખવા બદલ રોહીત ઉર્ફે માથારો રાજુભાઈ મકવાણા, રવી ઉર્ફે દકળ મનશુખભાઈ સોલંકી, જયદીપ મનસુખભાઈ ફતેપરા, મયુર ઉર્ફે ભુરો ભૂપતભાઈ ઓળકીયા, નીતીન વિનોદભાઈ દેગામા, સચીન મહેશભાઈ ચાવડા, આઝાદ દીપકભાઈ સોલંકી, ભાવેશ મગનભાઈ ભવા અને અખ્તરહુશેન અબ્દુલભાઈ સુમરા સહિત કુલ ૯ આરોપીની અટકાયત કરવામાં આવી હતી.આ ઉપરાંત પ્રદ્યુમનનગર પોલીસ સ્ટેશન વિસ્તારમાં પેટ્રોલિંગ દરમિયાન જાહેર માર્ગો પર તીક્ષ્ણ છરી સાથે નીકળેલા નેવીલ સંજયભાઈ હદવાણી, વીજયભાઈ દેવજીભાઈ કોળી, ઘનશ્યામ હસમુખભાઈ સોલંકી, અજીતભાઈ હમીરભાઈ મકવાણા અને અજયભાઈ ધનજીભાઈ પાટડીયા નામના ૫ શખસોને હથિયારબંધી ભંગ બદલ પકડી પાડવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગાંધીગ્રામ પોલીસ સ્ટેશનની ટીમે કાર્યવાહી કરીને રાધે ચા, ઘંટેશ્વર અને રૈયા ચોકડી સહિતના વિસ્તારોમાંથી લાલા વિરમભાઈ સાડમીયા, ગૌતમ ભીખુભાઈ રામાણી, સાગર બીપીનભાઈ હેરમાં તથા ફારૂક બસીરભાઈ મલેક મળી કુલ ૪ શખસને ગેરકાયદે છરી સાથે રોકી કાયદેસરના પગલાં લેવામાં આવ્યા હતા.
યુનિવર્સિટી પોલીસ સ્ટેશન વિસ્તારમાંથી કેવલમ આવાસ, રૈયાગામ, રૈયાધાર અને ગુરૂજીનગર આસપાસના વિસ્તારોમાંથી રોહન રમેશભાઇ સોની-નેપાળી, ભાવિન મનોજભાઇ ભોલા-સુથાર, અમીત મંગલભાઇ પરમાર, પ્રશાંત વિનોદરાય સિમેજીયા-સોની, પાર્થ અતુલભાઇ નિમાવત-બાવાજી, ગિરીશ માલજીભાઇ વાઘેલા, વિક્રમ રમેશભાઈ બીકે સોની-નેપાળી અને મિતેશ રમેશભાઇ પરમાર એમ કુલ ૮ શખસોને છરી સાથે અટકાયતમાં લેવામાં આવ્યા હતા.

## ક્રાઈમ બ્રાન્ચે 4 હથિયાર સાથે બેને ઝડપી લીધા



રાજકોટમાં ગેરકાયદે હથિયારોની હેરફેરી ડામી દેવાની સૂચના અન્વયે ડીસીબીએ કુવાડવા રોડ પરથી બે શખ્સોને આંતરીને પોલીસે દેશી બનાવટની ૩ પિસ્તોલ અને ૧ તમંચો મળી કુલ રૂ. ૯૦,૦૦૦નો ગેરકાયદે શસ્ત્રોનો જથ્થો કબજે કરી આર્મ્સ એક્ટ હેઠળ ગુનો નોંધી ફરાર શખસની શોધખોળ આદરી છે.ક્રાઈમ બ્રાન્ચના પી.એસ.આઈ. એ.એન. પરમાર અને તેમની ટીમને ચોક્કસ ખાનગી બાતમી મળી હતી કે, મધ્યપ્રદેશ તરફથી લાવવામાં આવેલા ગેરકાયદે હથિયારો સાથે બે શખ્સો કુવાડવા રોડ પરથી પસાર થવાના છે. બાતમીના આધારે પોલીસે કુવાડવાથી વાંકાનેર તરફ જતા હાઈવે પર વોચ ગોઠવી હતી. દરમિયાન વિજય મસરૂભાઈ બાવળીયા રહે. ઢીકવાળી, જિ. સુરેન્દ્રનગર) અને રિપલાભાઈ ઉર્ફે વિપુલભાઈ કાગડીયાભાઈ રાઠવા રહે. ગાંઠીયા, જિ. છોટાઉદેપુરને દબોચી લઈ ઝડતી લેતા વિજય પાસેથી ૧ પિસ્તોલ અને રિપલા પાસેથી ૨ પિસ્તોલ તથા ૧ તમંચો મળી આવ્યા હતા.પોલીસની પૂછપરછમાં આરોપીઓએ ખુલાસો કર્યો હતો કે, સુરેન્દ્રનગરમાં મજૂરી કામ કરતી વખતે બંને વચ્ચે પરિચય થયો હતો. પોતાના શોખ અને જરૂરિયાત પૂરી કરવા માટે તેઓ આશરે બે વર્ષ પહેલાં મધ્યપ્રદેશમાંથી આ હથિયારો ખરીદીને લાવ્યા હતા. તેમજ પકડાયેલ વિજય બાવળીયા અગાઉ પણ સાબરકાંઠા જિલ્લામાં પ્રોહિબિશન અને સુરેન્દ્રનગરમાં ગુનાહિત ઈતિહાસ ધરાવે છે.

## GEN-Zનો પાવર : યુવાનોએ 30 સેકન્ડની રીલથી દેશની દિશા બદલી


# રાજનીતિમાં નવો યુગ; ગેમ ચેન્જ હવે IT સેલ નહીં; 'ઈન્સ્ટાગ્રામ સેલ'

## દેશના ઈતિહાસમાં પહેલીવાર નેશનલ મીડિયા ફેલ થયું યુવાનોનું રીલ જીતી ગયું


**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

જંતર-મંતરથી ઊઠેલા યુવા તેવર, ખાસ કરીને જેન-ઝીના ઉદયે દેશમાં આંદોલનની રીતની તસવીર બદલી નાખી છે, ત્યાં જ રાજકીય પક્ષોને નવો રાજકીય પાઠ પણ ભણાવ્યો છે. હવે પોલિટિકલ નૅરેટિવ લાંબા ભાષણો, પોસ્ટર અને સોશિયલ મીડિયા પોસ્ટથી નહીં, પરંતુ ઇન્સ્ટાગ્રામની ૧૫ થી 30 સેકન્ડની રીલથી ઘડવામાં આવી રહ્યો છે. જંતર-મંતરનું વિદ્યાર્થી આંદોલન હોય કે આ પહેલા તમિલનાડુમાં અભિનેતા વિજયની પાર્ટી ટીવીકેનું વિજયી અભિયાન, ઇન્સ્ટાગ્રામ રીલ જનમાનસમાં પોતાની જગ્યા બનાવીને બદલાવનું સૌથી મોટું હથિયાર બની ગયું છે.

આવામાં ફેસબુક અને એક્સ (X) ના સમયમાં બનેલા દેશના રાજકીય પક્ષોના આઈટી સેલને હવે




ઈન્સ્ટાગ્રામની ભાષા શીખવી પડશે. અત્યાર સુધી આઈટી સેલનો અર્થ પોસ્ટર, હેશટેગ અને પ્રાયોજિત ટ્રેન્ડ હતો. પરંતુ ઈન્સ્ટાના ઝડપથી બદલાતા અલ્ગોરિધમે આ ધારણાને ધ્વસ્ત કરી દીધી છે. રાજકીય પક્ષો




સામે સૌથી મોટો પડકાર યુવાઓ સુધી એ જ મંચ અને એ જ અંદાજમાં પહોંચવાનો છે, જ્યાં તેઓ સૌથી વધુ સક્રિય છે. આ બદલાવની આહટ પક્ષોના ઉચ્ચ નેતૃત્વ સુધી પણ પહોંચી ચૂકી છે.

### ઈન્સ્ટા પર મોદીની જાહેરાતઃ નીલેકણી ફોર્સ પરીક્ષા સુધારના ઉપાય બતાવશે



વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ રવિવારે સાંજે ઈન્સ્ટાગ્રામ પર જારી વીડિયોમાં પરીક્ષા પ્રણાલીમાં સુધાર પર સૂચનો આપવા માટે તકનીકી વિશેષજ્ઞ નંદન નીલેકણીના નેતૃત્વમાં હાઈ પાવર્ડ ટાસ્ક ફોર્સ બનાવવાની જાહેરાત કરી. તેમણે કહ્યું કે પરીક્ષાઓની વિશ્વસનીયતા સુનિશ્ચિત કરવા માટે ટાસ્ક ફોર્સના રિપોર્ટના આધારે પગલાં લેવામાં આવશે. તેમણે પેપર લીકના આરોપીઓને જેલ મોકલવા, ફાસ્ટ ટ્રેક કોર્ટ બનાવવા અને સોમવારે સંસદમાં કાયદો લાવવાનો પણ ઉલ્લેખ કર્યો.

### પીએમ મોદી નેતાઓમાં સૌથી આગળ (ઈન્સ્ટાગ્રામ ફોલોઅર્સ – આંકડા કરોડમાં)


**નરેન્દ્ર મોદી**
**10.4**


**અમિત શાહ**
**3.53**


**વિજય જોસેફ**
**1.88**


**યોગી આદિત્યનાથ**
**1.66**


**રાહુલ ગાંધી**
**1.48**

### ઈન્સ્ટા પર ભાજપ પાછળ

COCKROACH JANTA PARTY

| CJP | કોંગ્રેસ | ભાજપ |
|---|---|---|
| 2.68 કરોડ | 1.4 કરોડ | 95 લાખ |

**વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આંદોલન દરમિયાન યુવાનો સાથે સીધા જોડાવા માટે ઈન્સ્ટાગ્રામ પર રીલ ફોર્મેટમાં વીડિયો શેર કર્યો**

### શા માટે બદલવી પડશે IT સેલની રણનીતિ?

- **પોસ્ટ નહીં, 'રીલ' હથિયારઃ** લાંબી પ્રેસ નોટ ઈગ્નોર થાય છે, ૧૫-30 સેકન્ડનો વીડિયો માઈન્ડસેટ બદલી રહ્યો છે.
- **ગ્રાફિક્સ નહીં, 'ક્રિએટર નેટવર્ક':** ચમકતા પોસ્ટર ફેલ છે; લોકલ ક્રિએટર્સનું કનેક્ટ પાસ (સફળ) છે.
- **ભાષણ નહીં, 'સચોટ મેસેજિંગ':** એક કલાકની રેલી કરતાં વધુ અસર 30 સેકન્ડની અનકટ રીલ છોડી રહી છે.
- **પ્રાયોજિત ટ્રેન્ડ નહીં, 'ઓર્ગેનિક રીચ':** બોટ્સના સહારે ટ્રેન્ડ કરાવવું બેઅસર છે, યુવાનો દ્વારા જાતે જ ડીએમ (DM) માં શેર કરવું એ જ સાચી તાકાત છે.

### ઉંમરવાર ઈન્સ્ટાગ્રામ યુઝર્સ

- ૧૮-૨૪ વર્ષઃ ૩૩-૩૫%
- ૨૫-૩૪ વર્ષઃ ૪૫-૪૮%
- ૩૫-૪૪ વર્ષઃ ૧૧-૧૩%
- ૪૫ વર્ષઃ ૬-૮%

### ડેટા જે કહાની કહી રહ્યો છે

- ભારતમાં કુલ રીલ્સ રીચ (મેટા): ૫૫ કરોડથી વધુ
- ઈન્ડિપેન્ડન્ટ ઈન્સ્ટાગ્રામ યુઝર્સઃ ૪૧.૪ કરોડ (દુનિયામાં નંબર-૧)
- વોટ બેંકઃ ૮૦% થી વધુ યુઝર બેઝ ૩૪ વર્ષથી ઓછી ઉંમરનો.

### આંદોલનઃ રીલ્સનું વાવાઝોડું અને રેકોર્ડ રીચ

જંતર-મંતરના વિદ્યાર્થી આંદોલન અને સીજેપીની કેસ સ્ટડી સાબિત કરે છે કે કોઈપણ રાજકીય ફંડ અને આઈટી સેલ વિના પણ ડિજિટલ ક્રાંતિ કેવી રીતે થાય છે. સીજેપીએ ૫ દિવસમાં ૨.૨ કરોડ ફોલોઅર ભેગા કર્યા હતા. આંદોલનની પીક પર દરરોજ ૧.૨ લાખથી ૧.૫ લાખ નવી રીલ્સ બની રહી હતી. આ રીલ્સને રોજના ૪૦ કરોડથી વધુ વ્યુઝ મળ્યા.

### વિદ્યાર્થીઓ સાથે મારપીટ મુદ્દે વિપક્ષ ચર્ચા પર અડગઃ સ્પીકરે કહ્યું, બધા પક્ષો સહમતિ બતાવે


# સંસદમાં હોબાળોઃ પરીક્ષા સુધારણા બિલ પર ચર્ચા અટકી



**ધર્મેન્દ્ર પ્રધાનનું NDA સાંસદોએ સ્વાગત કર્યું**



**રિજ્જુએ કહ્યું, વિદ્યાર્થીઓના હિતવાળા બિલથી ધ્યાન ન ભટકાવે વિપક્ષ**



**પ્રિયંકા ગાંધીએ કહ્યું, બિહાર અને બંગાળમાં વિદ્યાર્થીઓ સામે FIR નોંધવામાં આવી રહી છે**



**રાહુલ ગાંધીએ કહ્યું, દિલ્હીમાં પેલેટ ગન, બિહારમાં AK-47 ચલાવાઈઃ પીએમ માફી માંગે**

**સિટી ન્યૂઝ@નવીદિલ્હી**

વિપક્ષના હોબાળાને કારણે લોકસભામાં પરીક્ષા સુધારણા બિલ પર બપોરે ૨ વાગ્યે ચર્ચા શરૂ થઈ શકી નહીં. કાર્યવાહી શરૂ થતાં જ વિપક્ષી સાંસદો વેલમાં પહોંચી ગયા. વિદ્યાર્થીઓની મારપીટના મામલે ચર્ચાની માગ કરવા લાગ્યા.સ્પીકર ઓમ બિરલાએ વિપક્ષી સાંસદોને કહ્યું કે તમે ચર્ચા નથી ઈચ્છતા. ત્યારબાદ ૫ મિનિટ સુધી હોબાળો ચાલુ રહ્યો. સ્પીકરે કહ્યું કે હું સાંજે ૫ વાગ્યા સુધીનો સમય આપું છું. સરકાર અને વિપક્ષી સાંસદો સહમતિ બનાવીને આવે.આ પહેલાં લોકસભા ૧૨ વાગ્યે, ૨ વાગ્યે અને પછી સાંજે ૫ વાગ્યા સુધી સ્થગિત કરવામાં આવી હતી. રાજ્યસભાની પણ આવી જ સ્થિતિ રહી. સદનને ૨ વાર સ્થગિત કરવામાં આવ્યું.સવારે ૧૧ વાગ્યે કેન્દ્રીય મંત્રી જિતેન્દ્ર સિંહે સદનમાં પેપર લીક સંબંધિત લોક પરીક્ષા સુધારણા બિલ રજૂ કર્યું હતું. બીજી તરફ, પૂર્વ શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાન




રાજીનામા બાદ સોમવારે પહેલીવાર સંસદ પહોંચ્યા. NDA સાંસદોએ તેમને શાલ અને મિથિલા પાઘ પહેરાવી સન્માનિત કર્યા અને સંસદ ભવનની અંદર સુધી લઈ ગયા. સાંસદોએ ધર્મેન્દ્ર પ્રધાન ઝિંદાબાદના નારા પણ લગાવ્યા. પ્રધાને NEET પેપર લીક વિવાદ વચ્ચે ૨૫ જુલાઈએ રાજીનામું આપ્યું હતું. લોક પરીક્ષા સંશોધન બિલ પર ચાલી રહેલા ગતિરોધને દૂર કરવા માટે સરકાર પ્રયાસ કરી રહી છે. મીડિયા રિપોર્ટ્સ અનુસાર, લોકસભા સ્પીકર ઓમ બિરલા અને સંસદીય કાર્ય મંત્રી કિરેન રિજિજુએ ઘણા વિપક્ષી નેતાઓ સાથે મુલાકાત કરી છે. તેમાં અખિલેશ યાદવ અને કેસી વેણુગોપાલ પણ સામેલ છે. તેમની વચ્ચેની વાતચીતની વિગતો સામે આવી નથી. કોંગ્રેસ સાંસદ કેસી વેણુગોપાલે વિદ્યાર્થીઓના પ્રદર્શન પર થયેલી પોલીસ કાર્યવાહીને લઈને કેન્દ્ર સરકાર પર નિશાન સાધ્યું. તેમણે કહ્યું- અમિત શાહ ક્યાં છુપાયા છે? બિહારમાં AK-૪૭ અને દિલ્હીમાં પેલેટ ગન ચલાવવાનો આદેશ કોણે આપ્યો? ગૃહ મંત્રીએ આનો જવાબ આપવો જોઈએ.

**નવ સાંસદ પેપર લીક સુધાર બિલ પર સરકારનો પક્ષ રજુ કરશે**

## મહારાષ્ટ્રમાં પેપરમાં માર્કસ ઓછા આવવાથી ગળે ફાંસો ખાધો

# NEETની વિદ્યાર્થિનીએ આત્મહત્યા કરી






- અંકિતાને 720માંથી 166 માર્કસ મળ્યા હતા, રિઝલ્ટ પછીથી તણાવમાં હતી
- પહેલી પરીક્ષામાં અંકિતાનું પેપર સારું ગયું હતુંઃ પિતા
- NEETના વિવાદ પછી અંકિતા ધીમે-ધીમે ડિપ્રેશન જેવી સ્થિતિમાં જતી રહી હતી

### ■ સુસાઈટ નોટમાં લખ્યુંઃ આશાઓ પુરી ન કરી શકી

### ■ ભાઈને કહ્યું, મમ્મી અને પપ્પાનું ધ્યાન રાખજે

સિટી ન્યૂઝ@મહારાષ્ટ્ર

મહારાષ્ટ્રના અહિલ્યાનગર જિલ્લામાં NEETમાં ઓછા માર્ક્સ આવવાથી પરેશાન એક વિદ્યાર્થિનીએ ગળે ફાંસો ખાઈને આત્મહત્યા કરી લીધી. જલાલપુર ગામની રહેવાસી અંકિતા સાંગલેને પરીક્ષામાં ૭૨૦ માંથી ૧૬૬ માર્ક્સ મળ્યા હતા. પરિવાર મુજબ, તે રિઝલ્ટ પછીથી તણાવમાં હતી. શનિવારે સાંજે તેનો મૃતદેહ ઘરમાંથી મળ્યો.પોલીસને ઘટનાસ્થળેથી મરાઠીમાં લખેલી એક સુસાઈડ નોટ મળી છે. તેમાં અંકિતાએ લખ્યું- તમે બધાએ મને ખૂબ પ્રેમ આપ્યો, પરંતુ હું તમારી એક પણ ઈચ્છા પૂરી ન કરી શકી. મારા મૃત્યુ માટે કોઈ જવાબદાર નથી. તેણે પોતાના ભાઈને માતા-પિતાનું ધ્યાન રાખવાની પણ અપીલ કરી છે. પોલીસે આ મામલે આકસ્મિક મૃત્યુનો કેસ નોંધી તપાસ શરૂ કરી દીધી છે.વિદ્યાર્થિનીના મૃત્યુ બાદ પરિવાર આઘાતમાં છે. જ્યારે પિતાનો દાવો છે કે પુત્રી છેલ્લા કેટલાક સમયથી NEET પરીક્ષા સંબંધિત ઘટનાક્રમ બાદ તણાવમાં રહેવા લાગી હતી. પરિવારજનોના જણાવ્યા અનુસાર, ઘટના બપોરની છે. અંકિતાએ ઘરની છત પર લાગેલા પંખા પર ફાંસી લગાવીને આત્મહત્યા કરી લીધી. જ્યારે પરિવારના લોકોને આની જાણ થઈ ત્યારે ઘરમાં હાહાકાર મચી ગયો. માહિતી મળતા પોલીસ ઘટનાસ્થળે પહોંચી અને મૃતદેહનો કબજો લઈને આગળની કાયદેસરની કાર્યવાહી શરૂ કરી. પોલીસ સમગ્ર મામલાની તપાસ કરી રહી છે.

નોટમાં અંકિતાએ પોતાના ભાઈને માતા-પિતાનું ધ્યાન રાખવાની પણ અપીલ કરી છે. તેના દાદાને માતા-પિતાનું ધ્યાન રાખવા અપીલ પણ કરી. તેણે લખ્યું કે દાદા, મમ્મી-પપ્પાનું સારી રીતે ધ્યાન રાખજો. તેમને કોઈ વાતની કમી ન થવા દેતા. જો મારાથી કોઈ ભૂલ થઈ હોય તો મને માફ કરી દેજો. નોટમાં તેણે એ પણ લખ્યું કે તે પરિવારને કોઈ ખુશી આપી શકી નહીં, જેનો તેને દુખ છે. NEET પરીક્ષામાં થયેલી ગેરરીતિઓને લઈને કોકરોચ જનતા પાર્ટી (CJP) એ દિલ્હીના જંતર-મંતર પર પ્રદર્શન કર્યું હતું. ૨૫ જુલાઈએ ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પછી પ્રદર્શન પૂર્ણ થઈ ગયું હતું.

# ‘‘વિકાસ’’માં ફસાયા

## શિક્ષણ મંત્રી રીવાબા જાડેજાનો કાફલો કીચડમાં ફસાયો







### અંતે મામલતદારની ગાડીમાં જવું પડ્યું

સિટી ન્યૂઝ@છોટાઉદેપુર

રાજ્યના શિક્ષણ મંત્રી રિવાબા જાડેજાનો કાફલો છોટાઉદેપુર જિલ્લાના કવાંટ તાલુકાના અંતરિયાળ વિસ્તારમાં કીચડ અને બિસ્માર રસ્તાના કારણે અટવાઈ જતાં તેમને પોતાની કાર છોડીને મામલતદારની સરકારી ગાડીમાં આગળનો પ્રવાસ કરવો પડ્યો હતો. આ ઘટનાએ અંતરિયાળ વિસ્તારોના માર્ગોની સ્થિતિ ફરી ચર્ચામાં લાવી છે.

શિક્ષણ મંત્રી માનુકલા અને હાફેશ્વર ગામ ખાતે નવનિર્મિત કન્ટેનર શાળાના ઉદ્ઘાટન કાર્યક્રમમાં હાજરી આપવા જઈ રહ્યા હતા. આ દરમિયાન આંબાડુંગર નજીકનો આશરે ૬ કિલોમીટર લાંબો કાચો માર્ગ સતત વરસાદને કારણે કાદવ અને કીચડથી ભરાઈ જતાં કાફલાના વાહનોને આગળ વધવામાં મુશ્કેલી પડી હતી.

મળતી માહિતી મુજબ, શિક્ષણ મંત્રી સાથે જિલ્લા કલેક્ટર, સ્થાનિક ધારાસભ્ય અને અન્ય વહીવટી અધિકારીઓ પણ કાફલામાં સામેલ હતા. રસ્તાની સ્થિતિ ગંભીર બનતાં મંત્રીની કાર આગળ વધી શકી નહોતી, જેના કારણે તેમને મામલતદારની ગાડીમાં બેસાડીને કાર્યક્રમ સ્થળે પહોંચાડવામાં આવ્યા હતા.

ઘટનાની જાણ થતાં સ્થાનિક વહીવટી તંત્ર દોડતું થયું હતું. JCB મશીનની મદદથી રસ્તા પરનો કાદવ દૂર કરવામાં આવ્યો તેમજ જ્યાં જરૂરી હતું ત્યાં માટી અને કાંકરી નાખી કામચલાઉ રીતે માર્ગ વાહનવ્યવહાર લાયક બનાવવામાં આવ્યો હતો. ત્યારબાદ કાફલો આગળ વધ્યો હતો.

આ ઘટનાને પગલે અંતરિયાળ વિસ્તારોમાં માર્ગ સુવિધાની સ્થિતિ અંગે ફરી પ્રશ્નો ઊભા થયા છે. સ્થાનિકોનું કહેવું છે કે આવા વિસ્તારોમાં મજબૂત અને સર્વમોસમી રસ્તા માત્ર વાહનવ્યવહાર માટે જ નહીં, પરંતુ શિક્ષણ, આરોગ્ય અને અન્ય આવશ્યક સેવાઓ માટે પણ અત્યંત જરૂરી છે.



## કાદવ કીચડમાં ફસાયા ધારાસભ્ય લવિંગજી ઠાકોર

### મહામહેનત બાદ સ્થાનિકોએ બહાર કાઢ્યા

સિટી ન્યૂઝ@સાંતલપુર

સાંતલપુર પૂરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેવા પહોંચેલા રાધનપુરના ધારાસભ્ય લવિંગજી ઠાકોર શનિવારે ભારે કાદવ-કિચડમાં ફસાઈ ગયા હતા. સ્થાનિક ગ્રામજનો અને સમર્થકોએ ભારે જહેમત અને મહામહેનત બાદ ધારાસભ્યનું સુરક્ષિત રેસ્ક્યુ કરીને બહાર કાઢ્યા હતા. આ ઘટના વિસ્તારમાં ગંભીર સ્થિતિ અને વહીવટી તંત્રની મુશ્કેલીઓનો સાચો ચિતાર આપે છે.

પ્રાપ્ત વિગતો અનુસાર, સાંતલપુર તાલુકાના પૂર અસરગ્રસ્ત વિસ્તારની મુલાકાત લેવા માટે ધારાસભ્ય લવિંગજી ઠાકોર પોતાના કાફલા અને સ્થાનિક કાર્યકરો સાથે પહોંચ્યા હતા. ભારે વરસાદ અને પૂરની સ્થિતિના કારણે આ વિસ્તારમાં મોટા પાયે પાણી ભરાયા હતા અને રસ્તાઓ સંપૂર્ણપણે ક્ષતિગ્રસ્ત થઈ ગયા હતા. જમીન પર ભારે કાદવ અને કીચડ જામી ગયો હતો, જેના કારણે સામાન્ય નાગરિકો માટે પણ અવરજવર કરવી અત્યંત મુશ્કેલ બની ગઈ હતી.

આ કપરી પરિસ્થિતિ વચ્ચે જ્યારે ધારાસભ્ય જનતાની વેદના સાંભળવા અને આગળ વધી રહ્યા હતા, ત્યારે અચાનક તેમનો પગ લપસી ગયો હતો અને તેઓ કાદવમાં ફસાઈ ગયા હતા. કાદવ એટલો વધારે હતો કે તેઓ જાતે બહાર નીકળવા માટે અસમર્થ બન્યા હતા. આ અણધારી સ્થિતિ જોઈને ત્યાં ઉપસ્થિત સ્થાનિક લોકો અને કાર્યકરો તાત્કાલિક મદદે દોડી આવ્યા હતા.

સ્થાનિક નાગરિકો દ્વારા તાત્કાલિક ધોરણે રેસ્ક્યુ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. મહામહેનત બાદ સ્થાનિક લોકોએ ધારાસભ્ય લવિંગજી ઠાકોરને સુરક્ષિત રીતે કાદવમાંથી બહાર કાઢ્યા હતા. આ ઘટનાનો વીડિયો સોશિયલ મીડિયા પર વાયરલ થતાં જ રાજકીય બેડામાં અને સામાન્ય જનતામાં અનેક પ્રકારની ચર્ચાઓ શરૂ થઈ ગઈ છે. પૂરગ્રસ્ત વિસ્તારોમાં માળખાકીય સુવિધાઓની નબળી હાલત અને વિકાસના દાવાઓની પોલ ખોલતી આ ઘટનાએ પ્રશાસનની કામગીરી સામે પણ મોટા સવાલો ખડા કરી દીધા છે.

# ‘આપ’ મેદાને જંગમાંઃ આંદોલનના મંડાણ ?

### ધારાસભ્ય ગોપાલ ઈટાલિયાનો આરોપ

## ગુજરાત આયુર્વેદ યુનિવર્સિટીનું શલ્યતંત્ર ભાગ-1નું પેપર લીક

**પેપર લીકની નવી મોડસ ઓપરેન્ડી IMP પ્રશ્નોના નામે વોટસએપ પર પ્રશ્નપત્ર વાયરલઃ ગોપાલ ઈટાલિયા**



**સિટી ન્યૂઝ@રાજકોટ**

આમ આદમી પાર્ટીના વિસાવદરના ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ એક વિડીયો મારફતે જણાવ્યુ હતું કે, વડાપ્રધાનશ્રીએ દેશભરમાં પેપર લીક સામે કડક કાયદા બનાવવા, ફાસ્ટ ટ્રેક કોર્ટ ઊભી કરવા અને દોષિતોને જેલભેગા કરવાની મોટી મોટી વાતો કરી હતી. તાજેતરમાં જ ધર્મેન્દ્ર પ્રધાને રાજીનામું આપ્યું ત્યારે પણ વડાપ્રધાને દેશને કડક પગલાં લેવાનું આશ્વાસન આપ્યું હતું. પરંતુ વડાપ્રધાનની આ વાતોની ગુજરાત સરકાર પર કોઈ અસર થઈ હોય તેમ લાગતું નથી. તાજેતરમાં જ ગુજરાત રાજ્યની આયુર્વેદ યુનિવર્સિટી દ્વારા લેવાયેલી પરીક્ષામાં ’શલ્યતંત્ર ભાગ-૧’નું પેપર લીક થઈ ગયું છે, જે દર્શાવે છે કે સ્થિતિમાં કોઈ સુધારો થયો નથી. આપ ધારાસભ્ય ગોપાલ ઇટાલિયાએ પેપર લીકની નવી પદ્ધતિનો પર્દાફાશ કરતા જણાવ્યું કે, આ વખતે આખું પેપર લીક કરવાના બદલે આયુર્વેદના વિદ્યાર્થીઓને વોટ્સએપ પર ’મહત્વના પ્રશ્નો’ (IMP)ના નામે એડવાન્સમાં ૧૨ પ્રશ્નોનું લિસ્ટ મોકલી દેવાયું હતું. આશ્ચર્યજનક રીતે, વાસ્તવિક પરીક્ષામાં એ ૧૨માંથી ૧૧ પ્રશ્નો બેઠા પૂછાયા હતા. તેમણે સવાલ ઉઠાવ્યો કે વડાપ્રધાન ગમે તેટલા કડક કાયદા બનાવે, પણ જો ચોરી કરનારાઓને શાસક પક્ષનો જ સપોર્ટ હોય તો આ કૌભાંડ કેવી રીતે રોકાશે? તેમણે ઉમેર્યું કે પેપર લીક સામેની લડાઈ હજુ પૂરી થઈ નથી અને ગુજરાતના યુવાનોની કારકિર્દી બચાવવા માટે સૌએ એક થઈને અવાજ ઉઠાવવો પડશે.



### કેજરીવાલનો રાષ્ટ્રીય આંદોલનનો શંખનાદ

## E-20 પેટ્રોલની સમસ્યા ઉકેલવા દેશવાસીઓને એક થવા અપીલ

### 1 ઓગસ્ટના રોજ દિલ્હીમાં કાર્યક્રમ ઓનલાઈન જોડાવવા માટે 85888 33212 ઉપર વોટસએપ મેસેજ કરોઃ કેજરીવાલ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

આમ આદમી પાર્ટીના રાષ્ટ્રીય સંયોજક અને દિલ્હીના પૂર્વ મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે વિડીયોના માધ્યમથી જણાવ્યુ હતું કે, ધર્મેન્દ્ર પ્રધાનનું રાજીનામું તો થઈ ગયું છે. હવે મારી વડાપ્રધાનજીને વિનંતી છે કે E-૨૦ ઈંધણની સમસ્યાનો પણ ઉકેલ લાવી દો. લોકો આનાથી ખૂબ જ પરેશાન છે, સૌની ગાડીઓ ખરાબ થઈ રહી છે અને વાહનોની માઈલેજ પણ ઘટી ગઈ છે. વડાપ્રધાનજી પણ ત્યારે જ સાંભળશે જ્યારે આપણે બધા મળીને એકસાથે અવાજ ઉઠાવીશું. આ શનિવારે અમારો પ્રયાસ છે કે દેશભરમાં જેટલા લોકો E-૨૦ થી દુખી છે અને એની સામે અવાજ ઉઠાવી રહ્યા છે, તે તમામ લોકોને એક જ મંચ પર લાવવામાં આવે.
તેમણે વધુમાં ઉમેર્યું કે, શનિવારે સવારે ૧૧:૩૦ વાગ્યે આપ સૌ આ ’નેશનલ ટાઉન હોલ’માં ભાગ લેવા માટે આમંત્રિત છો. જો તમે દિલ્હી કે તેની આસપાસ રહો છો, તો સવારે ૧૧:૩૦ વાગ્યે ’કોન્સ્ટિટ્યૂશન ક્લબ’ પહોંચો, જ્યાં તમને તમારી વાત રજૂ કરવાનો મોકો મળશે. જો તમે દિલ્હી બહાર કે દૂર રહો છો અને આવી શકો તેમ નથી, તો તમે વર્ચ્યુઅલી (ઓનલાઇન) પણ અમારી સાથે જોડાઈ શકો છો.
ઓનલાઇન જોડાવા માટે આપેલા નંબર ૮૫૮૮૮ ૩૩૨૧૨ પર વોટ્સએપ મેસેજ કરો, જેથી તમને એક દિવસ પહેલાં લિંક મોકલી દેવાશે. આ લિંક પર ક્લિક કરીને તમે ઓનલાઇન જોડાઈ શકશો અને તેમાંથી પણ ઘણા લોકોને બોલવાની તક અપાશે. આમાં તજજ્ઞો, કન્ટેન્ટ ક્રિએટર્સ, ઇન્ફ્લુઅન્સર્સ અને પીડિત જનતા સહિત તમામ લોકો આમંત્રિત છે. આપણે સૌ સાથે મળીને અવાજ ઉઠાવીશું તો વડાપ્રધાનજીએ આપણી વાત સાંભળવી જ પડશે.

### પ્રદર્શન પર બળપ્રયોગ અયોગ્યઃ પ્રોટોકલ બનાવો

# આંદોલન અધિકાર છે, દમન નહીંઃ સુપ્રિમ કોર્ટ

## પોલીસ સાથે મારઝૂડ પણ ચિંતાજનક

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સુપ્રીમ કોર્ટે સોમવારે કહ્યું કે શાંતિપૂર્ણ પ્રદર્શન કરવું એ એક બંધારણીય અધિકાર છે, જેને છીનવી શકાય નહીં. ફક્ત પ્રદર્શન કે આંદોલન થવાના આધારે પોલીસની ક્રૂરતા કે વધુ પડતી કડકાઈને યોગ્ય ઠેરવી શકાય નહીં.૨૦ જુલાઈએ જંતર-મંતર પર પોલીસ લાઠીચાર્જ સંબંધિત અરજીઓ પર સુનાવણી કરતા CJI સૂર્યકાંત, જસ્ટિસ જોયમાલ્યા બાગચી અને જસ્ટિસ વી મોહનાની બેન્ચે કહ્યું કે પ્રદર્શન દરમિયાન પોલીસકર્મીઓ પર હુમલા થવા એ ચિંતાની વાત છે અને સરકાર પાસેથી આ અંગે જવાબ માંગી શકાય છે.




હવે કોર્ટ મંગળવારે આ તમામ અરજીઓ પર એકસાથે સુનાવણી કરશે. આ અરજીઓમાં આરોપ છે કે NEET પેપર લીક અને શિક્ષણ મંત્રીના રાજીનામાને લઈને પ્રદર્શન કરી રહેલા વિદ્યાર્થીઓ પર પોલીસે અત્યાચાર કર્યો. આ અરજીઓ ૨૦ જુલાઈએ કોકરોચ જનતા પાર્ટી (CJP)ના સંસદ માર્ચ સાથે સંબંધિત છે. કોકરોચ જનતા પાર્ટીએ ૨૦ જુલાઈએ જંતર-મંતરથી સંસદ સુધી કૂચ કરી હતી. સવારે ૮ થી સાંજે ૫ વાગ્યા સુધી ચાલેલા પ્રદર્શનમાં પ્રદર્શનકારીઓ અને પોલીસ વચ્ચે ઘણી વખત અથડામણ થઈ હતી.કેટલાક પ્રદર્શનકારીઓએ બેરિકેડ તોડ્યા, સંસદ તરફ કૂચ કરી. આ લોકો જંતર-મંતરથી સંસદ માર્ગ, જનપથ ચોક, વોર મેમોરિયલ, કર્તવ્ય પથ, વિજય ચોક થઈને સંસદની નજીક પહોંચી ગયા હતા.
આ લોકોએ સંસદમાં ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. જે બાદ પોલીસે ટીયર ગેસના ગોળા છોડ્યા હતા. મોડી સાંજે પથ્થરમારાની તસવીરો પણ સામે આવી. આમાં ૧૦૦થી વધુ લોકો ઘાયલ થયા. જોકે, પોલીસે સાંજે ૫ વાગ્યા સુધીમાં જંતર-મંતર ખાલી કરાવી લીધું હતું. પરંતુ, રાત્રે લગભગ ૧૧ વાગ્યે CJP સમર્થકો જંતર-મંતર પહોંચ્યા અને ફરીથી પ્રદર્શન શરૂ કરી દીધું હતું.

### CJP આંદોલનમાં ભાજપના ઘરમાં જ આગ

# ભાજપ નેતાઓની દીકરીઓ સરકાર વિરુદ્ધ ગઈ






**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

શિક્ષણ મંત્રી ધર્મેન્દ્ર પ્રધાનના રાજીનામા પછી ભલે કોકરોચ જનતા પાર્ટી સીજેપીનું વિદ્યાર્થી આંદોલન શાંત પડી ગયું હોય, પરંતુ તેનાથી સંબંધિત ચર્ચાઓ હજુ પણ ચાલુ છે. આંદોલન દરમિયાન ઘણા વિદ્યાર્થીઓ અને યુવાનોએ ખુલ્લેઆમ સરકારનો વિરોધ કર્યો હતો. હવે આ આંદોલનની ગુંજ ભાજપ નેતાઓના પરિવારો સુધી પહોંચી ગઈ છે.છેલ્લા કેટલાક દિવસોમાં બે એવા કિસ્સાઓ સામે આવ્યા છે, જેમાં સીજેપી નેતાઓની દીકરીઓના નામ આ આંદોલન સાથે જોડાયા. પહેલો કિસ્સો ઓડિશાનો છે જ્યાં સીજેપી સાંસદ અપરાજિતા સારંગીની દીકરી અર્ચિતા રાહરના ઇન્સ્ટાગ્રામ પોસ્ટ વાયરલ થઈ. દાવા મુજબ, અર્ચિતાએ લખ્યું- હું મારી પોસ્ટ ડિલીટ નહીં કરું.જ્યારે બીજી તરફ આસામના મંત્રી કેશબ મહંતની દીકરી દિબીસા મહંત પોતે નીટ પેપર લીક વિરુદ્ધ પ્રદર્શનમાં સામેલ જોવા મળી. આ દરમિયાન તેમણે પીએમ મોદી વિરુદ્ધ નારા પણ લગાવ્યા. આ મામલે મુખ્યમંત્રી હિમંતા બિસ્વ સરમાએ કહ્યું કે દિબીસાના પ્રદર્શન માટે તેમના પિતા કેશબ મહંતને ટ્રોલ ન કરવા જોઈએ.



### રેપિડ એક્શન ફોર્મના વડાએ સ્વીકાર્યું

# વિરોધ પ્રદર્શનમાં વધુ પડતો બળપ્રયોગ ખોટો

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

સેન્ટ્રલ રિઝર્વ પોલીસ ફોર્સ (સીઆરપીએફ)ના રેપિડ એક્શન ફોર્સ (આરએએફ)ના વડાએ ૨૦ જુલાઈના રોજ જંતર-મંતર પર કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શન પર કાર્યવાહીને તાલીમ વિરુદ્ધ ગણાવી છે. આરએએફના વડા આઈજી સીમા ધુંધિયા માને છે કે ફોર્સની કાર્યવાહી અસંતોષકારક હતી.સૂત્રો કહે છે કે ૨૨ જુલાઈના રોજ આરએએફ કંપની કમાન્ડરો અને સંબંધિત કમાન્ડન્ટ સાથેની વીડિયો કોન્ફરન્સમાં આઈજીએ આ અંગે ઊંડી ચિંતા વ્યક્ત કરી હતી.તેમણે વિદ્યાર્થીઓ સામે સૈનિકો દ્વારા ઉપયોગમાં લેવામાં આવેલા અતિશય બળપ્રયોગને સંપૂર્ણપણે ખોટો ગણાવ્યો હતો. સૂત્રો કહે છે કે મીટિંગમાં, આઈજીએ કડક શબ્દોમાં કહ્યું હતું કે સોશિયલ મીડિયા પર ફરતા કેટલાક વીડિયોમાં આરએએફ સૈનિકો ભીડથી અલગ થઈ ગયેલા લોકો પર બળપ્રયોગ કરતા, તેમને જાણી જોઈને નીચે પછાડતા અને બેરિકેડ છોડવાનો પ્રયાસ કરી રહેલા લોકોને માર મારતા જોવા મળે છે. આ આરએએફની સ્ટાન્ડર્ડ ઓપરેટિંગ પ્રોસિજર (એસઓપી)ની વિરુદ્ધ હતું.

### દુનિયાની પ્રતિષ્ઠિત પર્યટન પત્રિકા T ટ્રાવેલ્સ Leisureએ 2026ના રેન્કિંગ જાહેર કર્યા

# વર્લ્ડના ટોપ-20 પર્યટન શહેરમાં જયપુર અને ઉદયપુરનો સમાવેશ

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**




વિશ્વના ટોપ ૨૦ બેસ્ટ શહેરોમાં આ વખતે રાજસ્થાનનું જયપુર ૧૬મા સ્થાને આવ્યું છે. જ્યારે ઉદયપુર ૧૨મા સ્થાને છે. દુનિયાની પ્રતિષ્ઠિત પર્યટન પત્રિકા Travel + Leisure એ વર્લ્ડ બેસ્ટ એવોર્ડ ૨૦૨૬ રેન્કિંગ જાહેર કર્યા છે.બંને શહેરોને વિશ્વના શ્રેષ્ઠ શહેરો (World's Best Cities) અને એશિયાના શ્રેષ્ઠ શહેરો (Best Cities in Asia) ની બંને યાદીઓમાં સ્થાન મળ્યું છે.આ વખતે જયપુર ૫મા સ્થાનેથી સરકીને ૧૬મા નંબરે આવી ગયું છે. ગયા વખતે ઉદયપુર આ યાદીમાં સામેલ નહોતું. એશિયામાં ટોપ ૧૦ શ્રેષ્ઠ શહેરોમાં ઉદયપુર ૮મા અને જયપુર ૧૦મા નંબરે પોતાનું સ્થાન જાળવી રાખ્યું છે.જ્યારે વિશ્વની વાત કરીએ તો, ટોપ ૧૦ શ્રેષ્ઠ શહેરોમાં મેક્સિકોના સાન મિગુએલ ડી એલેન્ડેએ ૧ નંબર પર પોતાનું સ્થાન બનાવ્યું છે, જ્યારે એશિયામાં ટોપ ૧૦ બેસ્ટ શહેરોમાં જાપાનનું ક્યોટો ૧ નંબર પર આવ્યું છે.પર્યટન નિષ્ણાતોના મતે, કોઈપણ શહેરનું એકસાથે વૈશ્વિક અને ખંડીય બંને યાદીઓમાં સમાવેશ થવો એ એક ખૂબ જ ખાસ સિદ્ધિ છે. આનાથી માત્ર વિદેશી પ્રવાસીઓનો વિશ્વાસ જ નથી વધતો, પરંતુ આંતરરાષ્ટ્રીય પર્યટન રોકાણ, હોટેલ ઉદ્યોગ, ટ્રાવેલ કંપનીઓ, સ્થાનિક હસ્તકલા, પરિવહન અને રોજગારની નવી તકો પણ ઝડપથી વધે છે.Travel + Leisure ના વર્લ્ડ બેસ્ટ એવોર્ડ્સ દુનિયાના સૌથી પ્રતિષ્ઠિત પર્યટન સન્માનોમાં સામેલ છે. વર્ષ ૨૦૨૬ના સર્વેમાં ૨.૦૭ લાખથી વધુ વાચકોએ ભાગ લીધો અને ૬.૬૧ લાખથી વધુ મત આપ્યા. આ મતોના આધારે દુનિયાભરના ૧૦,૦૮૮ થી વધુ પર્યટન સ્થળો, શહેરો, હોટલો, ક્રુઝ, એરલાઈન્સ અને અન્ય પર્યટન સેવાઓનું મૂલ્યાંકન કરવામાં આવ્યું. શહેરોની પસંદગીમાં મુખ્યત્વે ઘણા માપદંડોનો સમાવેશ કરવામાં આવ્યો. તેમાં ઐતિહાસિક વારસો અને સ્મારકો, સાંસ્કૃતિક ઓળખ અને સ્થાનિક અનુભવ, પર્યટક આકર્ષણો, સ્થાનિક ભોજન (Cuisine), હોટેલ અને આતિથ્ય સેવાઓ, ખરીદી અને પરંપરાગત બજારો, સ્થાનિક લોકોનો વ્યવહાર અને સ્વાગત, સ્વચ્છતા અને યાત્રા અનુભવ, વેલ્યુ ફોર મની અને પર્યટકોની એકંદર સંતોષ મુખ્યત્વે સામેલ હતો.

### RSS પ્રમુખ મોહન ભાગવતનું નિવેદન

# લિવ-ઈનમાં કોઈ જવાબદારી હોતી નથી

## ભાગવતે કહ્યુંઃ મન થાય ત્યાં સુધી સાથે રહે, મન ભરાય જાય પછી અલગ થાયઃ જીવનમાં લગ્ન શિસ્ત લાવે છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**



આરએસએસ પ્રમુખ મોહન ભાગવતે કહ્યું કે લગ્ન જીવનમાં શિસ્ત લાવે છે અને ધર્મ તથા જવાબદારીનો ભાવ પેદા કરે છે. તેનાથી વિપરીત, લિવ-ઇન સંબંધોમાં લોકો જવાબદારીથી બચીને ફક્ત સુખ ઇચ્છે છે.તેમણે સવાલ કર્યો કે તેના પરિણામો શું છે? લોકો જવાબદારી નથી ઇચ્છતા, ફક્ત ખુશી ઇચ્છે છે. જ્યાં સુધી મન થાય ત્યાં સુધી સાથે રહો અને જ્યારે મન ન થાય ત્યારે અલગ થઈ જાઓ. આમાં કોઈ જવાબદારી હોતી નથી.આવા સંબંધોના પરિણામો આખી દુનિયા જોઈ રહી છે. રવિવારે હૈદરાબાદમાં વિશ્વ મંગલ્ય સભાના સમકાલીન માતૃત્વ કાર્યક્રમમાં બોલતા ભાગવતે કહ્યું કે સમય સાથે બદલાવું પણ ભારતીય પરંપરાનો એક ભાગ છે.આરએસએસ પ્રમુખે કહ્યું કે એલજીબીટીક્યુ સમુદાય વિશે વાત કરતા તેમણે કહ્યું કે તેઓ આપણા સમાજનો જ એક ભાગ છે અને તેમને હીન ભાવનાથી જોવા ન જોઈએ.ભાગવતે કહ્યું કે આવા લોકો પણ આપણા સમાજમાં હાજર છે. આમાંથી કેટલાક જન્મજાત હોય છે, જેને પ્રકૃતિ નક્કી કરે છે. આવા કિસ્સાઓમાં ન તો સંબંધિત વ્યક્તિ અને ન તો કોઈ બીજું કંઈ કરી શકે છે, કારણ કે તેઓ જન્મથી જ આવા હોય છે.જ્યારે, કેટલાક પાછળથી માનસિકતા કે શારીરિક ઝુકાવને કારણે સામે આવે છે. તેમણે કહ્યું કે જ્યારે આખી દુનિયામાં આવા લોકો હાજર છે તો એવું કહી શકાય નહીં કે ભારતમાં આવું ક્યારેય નહોતું. આપણા સમાજમાં પણ આવા લોકો પહેલાથી જ હાજર રહ્યા છે અને આપણી પરંપરાએ તેમના અસ્તિત્વને સ્વીકાર્યું છે.

### ઈથેનોલ ફ્યૂઅલ વિવાદ ડીપફેક વીડિયો સામે હાઈકોર્ટમાંથી મંજૂરી મળી

# નિતિન ગડકરી મેટા અને એક્સ પર કેસ કરી શકે છે

**સિટી ન્યૂઝ@નવી દિલ્હી**

કેન્દ્રીય પરિવહન મંત્રી નીતિન ગડકરી હવે મેટા પ્લેટફોર્મ્સ, એક્સ અને ગૂગલ એલએલસી વિરુદ્ધ સિવિલ દાવો દાખલ કરી શકે છે. બોમ્બે હાઈકોર્ટે સોમવારે ગડકરીને ઈથેનોલ વિવાદ સંબંધિત AI-જનરેટેડ ડીપફેક વીડિયો અને ડિજિટલ કન્ટેન્ટ વિરુદ્ધ કાર્યવાહી કરવાની મંજૂરી આપી છે.ગડકરીએ પોતાની અરજીમાં જણાવ્યું છે કે આ વીડિયોમાં તેમને ઈથેનોલ બ્લેન્ડેડ પેટ્રોલ પ્રોગ્રામ અને E૨૦ પહેલ સાથે ખોટી રીતે જોડવામાં આવ્યા છે.અરજી મુજબ, આ બંને પ્રોજેક્ટ સંપૂર્ણપણે કેન્દ્રીય પેટ્રોલિયમ અને કુદરતી ગેસ મંત્રાલયના છે અને તેમાં ગડકરીની કોઈ ભૂમિકા નથી.આ મામલે કેન્દ્રીય ઈલેક્ટ્રોનિક્સ અને સૂચના પ્રૌદ્યોગિકી મંત્રાલય તથા દૂરસંચાર મંત્રાલયને પણ પ્રતિવાદી બનાવવામાં આવ્યા છે. ગડકરીએ સ્પષ્ટ કર્યું છે કે આ મુકદ્દમાનો ઉદ્દેશ્ય જાહેર ચર્ચા કે સરકારી નીતિઓની ટીકાને રોકવાનો નથી. અરજીમાં જણાવાયું છે કે તેનો હેતુ જનતાને કોઈપણ સરકારી નિર્ણય પર નિષ્પક્ષ ચર્ચા કે ટીકા કરતા રોકવાનો નથી.ગડકરી દલીલ કરે છે કે સોશિયલ મીડિયા પરની સામગ્રી સંપૂર્ણપણે ખોટી, મનઘડંત અને દ્વેષપૂર્ણ છે. અરજી મુજબ, અજાણ્યા લોકોએ AI વીડિયો દ્વારા એવી ખોટી ધારણા ફેલાવી કે ગડકરી અને તેમનો પરિવાર EBP અને E૨૦ પહેલથી લાભ મેળવી રહ્યો છે. ગડકરીએ કહ્યું કે આ આરોપો તેમની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા માટે લગાવવામાં આવ્યા છે, જેથી એવું દર્શાવી શકાય કે તેમણે ખાનગી લાભ માટે જાહેર પદનો દુરુપયોગ કર્યો છે.

### હકાભા ગઢવીની કારે સાપને બચાવવા જતા નડ્યો અકસ્માત

# હકાભા ગઢવી બચી ગયા !

### કારનો દરવાજો ન ખુલતા કલાકારને બારીમાંથી બહાર કાઢ્યા; છાતીસમા પાણીમાંથી માંડ-માંડ જીવ બચ્યો

**સિટી ન્યૂઝ@સુરેન્દ્રનગર**





હાસ્ય કલાકાર હકાભા ગઢવીની ગાડી સુરેન્દ્રનગર જિલ્લાના ધ્રાંગધ્રાના બૈસાબગઢ પાસે નદીમાં ખાબકી ગઈ હતી. આ સમયે ગાડીમાં પાણી ભરાઈ જવાના કારણે દરવાજો ખોલી શકાતો ન હતો. જો કે દરવાજાનો કાચ ખુલ્લો હતો. આ સમયે ગાડી નદીમાં ખાબક્યાની જાણ થતા આસપાસના લોકો તાત્કાલિક સ્થળ પર પહોંચ્યા હતા. મહામહેનતે હકાભા ગઢવીને ગાડીમાંથી સુરક્ષિત રીતે બહાર કાઢ્યા હતા.ગત મોડી રાત્રે એક વાગ્યા આસપાસ હાસ્ય કલાકાર હકાભા ગઢવી પોતાની ગાડી લઈને જઈ રહ્યા હતા. બૈસાબગઢ ખાતે દર્શન કરવા ગયા હતા જે બાદ પરત ફરી રહ્યા હતા. તે સમયે મોડી રાત્રે રસ્તા વચ્ચે સાપ આવી ગયો હોવાથી તેને બચાવવા હકાભા ગઢવીએ ગાડીનું સ્ટેયરીંગ ફેરવી દીધું હતું. તે બાદ સ્ટેયરિંગ કાબૂમાં ન રહેતા ગાડી સીધી નદીમાં ખાબકી ગઈ હતી. ગાડી હકાભા ચલાવતા હતા અને તેમની સાથે તેમના મિત્ર ગાડીમાં હતા.ફોર્ચ્યુનર ગાડી સીધી નદીમાં ખાબકી જતા પાણી પણ અંદર ઘૂસી ગયા હતા. જેથી ગાડી નદીમાં ખાબકી જવાનો અવાજ સાંભળતા જ આસપાસના લોકો ત્યાં પહોંચી ગયા હતા. તેમજ સ્થાનિકો પાણીમાં ઉતારીને દરવાજો ખોલીને બહાર કાઢવાનો પ્રયાસ કર્યો હતો. પરંતુ ગાડીમાં પાણી ભરાઈ ગયું હતું અને અડધી ગાડી પણ પાણીમાં ઘૂસી ગઈ હોવાથી દરવાજો ખુલી શક્યો નહતો. જેથી આખરે દરવાજાનો કાચ ખુલ્લો હોવાથી મહામહેનતે સ્થાનિકોએ હકાભા ગઢવીને બહાર કાઢી તેમનો જીવ બચાવ્યો હતો. આમ કહેવાય છે ને કે, કુદરત એક તક તો આપે જ છે, બસ તેને પરખવાની નજર જોઈએ બસ, તે જ સમયે હકાભા ગઢવીને પહેલો મોકો ચારણ સમાજ દ્વારા યોજાયેલ બાવળા તાલુકાના ખોબા જેવડા રાણેકસર ગામમાં મળ્યો હતો. બસ તે જ સમયે લોકડાયરો શરૂ થયો અને હકાભા ગઢવીએ પ્રથમ વખત સ્ટેજ પર પગ મૂક્યો, અને હાસ્ય દરબારથી લોકોને પેટ પકડીને હસાવાની સાથે ભજનિકમાં સફળતા મેળવી અને આ કાર્યક્રમમાંથી એક કલાકાર તરીકે જીવનની પહેલી કમાણી સ્વરૂપે ૫૦૦ રૂપિયા મળ્યા હતા. જ્યારે બીજો લોકડાયરો હકાભાએ ખેડા જિલ્લાના જેતલપુર ગામે કર્યો. ત્યારબાદ નાના- મોટા લોક ડાયરાઓ સહિતના કાર્યક્રમો કરવા હકાભા ગઢવી મોટર સાઇકલ પર બેસી ૩૦૦ કિ.મી. સુધી કાર્યક્રમો કરવા નીકળી પડતા. આમ સ્ટેજના પ્રોગ્રામમાં જ્યાં લોકોની ભીડ વચ્ચે રંગમંચને ડોલાવવા હાસ્યનાં કામણ પાથર્યાં બાદ તેમની લોકચાહનામાં વધારો થતો ગયો અને જોતજોતામાં માત્ર ૭ વર્ષમાં ૧૭૦૦ નાના-મોટા લોકડાયરા સહિત સ્ટેજના કાર્યક્રમો કરી ચૂક્યા છે. છેલ્લે જૂન, ૨૦૨૬માં મોરબીના જેતપરમાં ખેડૂત આંદોલનના સમર્થનમાં ડાયરો કરીને ફરી ચર્ચામાં આવ્યા હતા.

### અંબાજી કડવા પ્લોટનો બનાવઃ ચાર સામે ફરિયાદ

## ગેરકાયદે બાંધકામની ફરિયાદ કરતા મહિલાને આપી ધમકી

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના કૃષ્ણનગર મેઈન રોડ વિસ્તારમાં પડોશી દ્વારા કરાયેલા ગેરકાયદે બાંધકામ અંગે મહાનગરપાલિકામાં ફરિયાદ કરનાર મહિલા અને તેના પરિવારને જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હોવાનો ચોંકાવનારો બનાવ સામે આવ્યો છે. મનપા દ્વારા નોટિસ ફટકારાતા ઉશ્કેરાયેલા પડોશી પરિવારે મહિલાના ઘરે જઈ હંગામો મચાવ્યો હતો. આ મામલે માલવિયાનગર પોલીસ સ્ટેશનમાં ચાર વ્યક્તિઓ સામે ગુનો નોંધાતા પોલીસે વધુ તપાસ હાથ ધરી છે. પોલીસમાં નોંધાયેલી ફરિયાદ અનુસાર, અંબાજી કડવા પ્લોટ શેરી નં. ૧ ખાતે રહેતા ૨૯ વર્ષીય પૂજાબેન ઘનશ્યામભાઈ ઝાલાએ પાડોશમાં રહેતા નથવાણી પરિવારના મકાનનું આશરે સાત ફૂટ જેટલું બાંધકામ ગેરકાયદેસર હોવાનું જણાતા રાજકોટ મહાનગરપાલિકામાં અરજી કરી હતી. અરજીના પગલે મહાનગર પાલિકાની ટીમે સ્થળ તપાસ કરી મકાનમાલિકને નોટિસ ફટકારી હતી.નોટિસ મળતા જ ખાર રાખીને ગત ૨૩ જુલાઈના રોજ બપોરના સમયે પડોશી ભાવનાબેન અભીરામ નથવાણી અને વિજુબેન પરમારે પૂજાબેનના ઘર બહાર આવી ઉશ્કેરણીજનક ભાષામાં ગાળો બોલવાનું શરૂ કર્યું હતું. ત્યારબાદ ભાવનાબેનનો પુત્ર તેજસ નથવાણી પણ ત્યાં પહોંચ્યો હતો અને પૂજાબેન તથા તેમના પરિવારને અપશબ્દો બોલી "તને જાનથી મારી નાખવી છે" એવી ખુલ્લેઆમ ધમકી આપી હતી. આ દરમિયાન તેજસના પિતા અભીરામ નથવાણી પણ ઝઘડામાં જોડાયા હતા અને ઉશ્કેરાઈને પૂજાબેનના ઘરના મુખ્ય દરવાજા સુધી પહોંચી અંદર ઘૂસવાનો પ્રયાસ કર્યો હતો. જોકે, આસપાસના લોકોએ ત્વરિત વચ્ચે પડીને મામલો થાળે પાડ્યો હતો. પૂજાબેન ઝાલાની ફરિયાદના આધારે માલવિયાનગર પોલીસે ભાવનાબેન નથવાણી, તેજસ નથવાણી, અભીરામ નથવાણી અને વિજુબેન પરમાર સામે ગુનો નોંધી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

## મચ્છોમાંના મંદિરમાં ચોરી કરનાર રીઢો તસ્કર મુદામાલ સાથે ઝડપાયો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ શહેરના એ-ડિવિઝન પોલીસ સ્ટેશન વિસ્તારમાં આવેલા મંદિરમાં થયેલી ચોરીનો ભેદ શહેર ક્રાઇમ બ્રાન્ચે ગણતરીના કલાકોમાં ઉકેલી આરોપી પાસેથી ચોરીની રૂ.૧૨,૫૦૦ની રોકડ કબજે કરી છે. પોલીસે આરોપી વિવેક બીરેન્દ્રસિંહ ચૌહાણ (ઉ.વ.૪૦), રહે. કેસરી પુલ નીચે ઝૂંપડપટ્ટી, રાજકોટ (મૂળ ઉત્તરપ્રદેશ)ને ઝડપી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે. શહેરમાં DCBની ટીમ પેટ્રોલિંગમાં હતી. દરમિયાન પોલીસને મળેલી ચોક્કસ બાતમીના આધારે આરોપીને ઝડપી તેની પાસેથી ચોરીમાં ગયેલી સંપૂર્ણ રૂ.૧૨,૫૦૦ની રોકડ રકમ કબજે કરવામાં આવી હતી. આ કાર્યવાહીથી



એ-ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાયેલ મંદિર ચોરીનો ગુનો ડિટેક્ટ થયો છે આ શખ્સ સામે અગાઉ રાજકોટમાં ૧૮ અને જામનગરમાં એક સહીત ૧૯ ગુના નોંધાઈ ચુક્યા છે.

## સુરતમાં ગૌભક્તોની ઉગ્ર રેલી : લોહીથી આવેદનપત્ર લખ્યું






# ગાયનું દૂધ પીને નેતા બન્યા હવે કતલખાને મોકલો છો!

### ગૌમાતાને 'રાષ્ટ્રમાતા' જાહેર કરવા માંગ

### વોટ બેંકની રાજનીતિ કરતા નેતાઓ ઉપર આકરા પ્રહાર : ગૌ માતાના નામે મત માંગીને પછી ભૂલી જાય છે

### જંતર-મંતર મોટા આંદોલનની ચેતવણી

**સિટી ન્યૂઝ@સુરત**

સુરતમાં ગૌમાતાને 'રાષ્ટ્રમાતા'નો દરજ્જો આપવાની અને દેશભરમાં સંપૂર્ણ ગોવધ પ્રતિબંધ મૂકવાની માગ સાથે ગૌરક્ષકો અને વિવિધ સંગઠનો દ્વારા એક અનોખું વિરોધ પ્રદર્શન યોજવામાં આવ્યું હતું. આજે હજારોની સંખ્યામાં ઉમટેલા ગૌભક્તો અને નાગરિકો સુરત કલેક્ટર કચેરી ખાતે સીધા વાછરડાને અને પોતાના લોહીથી લખેલા આવેદનપત્ર સાથે પહોંચી ગયા હતા. કલેક્ટર કચેરી પરિસરની અંદર અચાનક ગૌમાતાના વાછરડાને જોઈને ત્યાં હાજર સરકારી અધિકારીઓ અને કર્મચારીઓ પણ આશ્ચર્યચકિત થઈ ગયા હતા. સુરત ઉપરાંત ભરૂચ, જામનગર અને બનાસકાંઠા જિલ્લામાં પણ ગૌપ્રેમીઓ દ્વારા આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું.

આ જનજાગૃતિ અને વિરોધ રેલી શહેરના વનિતા વિશ્રામ ગ્રાઉન્ડ ખાતેથી અત્યંત ઉત્સાહપૂર્વક નીકળીને કલેક્ટર કચેરી સુધી પહોંચી હતી. રેલીમાં જોડાનારા હજારો લોકોએ અલગ-અલગ પૌરાણિક અને સાંસ્કૃતિક વેશભૂષા ધારણ કરી હતી. વિરોધનો સૌથી આશ્ચર્યજનક પાસું એ હતું કે, ગૌરક્ષકો તથા મહિલાઓએ પોતાના જ લોહીથી પત્રો અને પોસ્ટરો લખ્યા હતા. આ લોહીથી લખાયેલા આક્રોશપત્ર કલેક્ટરને સુપરત કરવામાં આવ્યા



### બે મોઢાના રાજકારણીઓનું તાપી નદીમાં વિસર્જન થવું જોઇએ

હતા. વહીવટી તંત્રને આવેદનપત્ર આપીને ગૌમાતાના રક્ષણ માટે કડક કાયદો બનાવવાની ત્વરિત માંગ કરવામાં આવી હતી. આખા દેશમાં ગૌમાતાને રાષ્ટ્રમાતા જાહેર કરવા માટે સહી અભિયાન ચાલી રહ્યું છે. પરંતુ હિન્દુત્વ અને ગૌમાતાના નામે આટલા વર્ષોથી સરકારમાં બેઠેલા લોકોની આંખો ખુલ્લી નથી થતી. જ્યારે સત્તામાં ન હોય ત્યારે ગૌમાતા યાદ આવે છે અને જેવી સત્તા મળે એટલે ગૌમાતા માત્ર એક પશુ બની જાય છે! દેશભરમાં ગૌરક્ષા માટે રેલીઓ થાય છે પણ એક પણ ધારાસભ્ય, સંસદસભ્ય કે મંત્રી આ રેલીઓમાં ડોકાતા પણ નથી. નેતાઓ માત્ર ચૂંટણી વખતે વોટની ભીખ માંગવા જ બહાર નીકળે છે. આજે વર્ષોથી સત્તામાં બેઠા હોવા છતાં આ સરકારના રાજમાં મોટા પ્રમાણમાં બીફ વેચાઈ રહ્યું છે. આ સરકારની આંખ અને કાનના પડદા ખુલવા જરૂરી છે. તાપી માતાના જન્મદિવસ પ્રસંગે જ અમે કહીએ છીએ કે જે નેતાઓ ગૌમાતાના નામે મત માંગીને પછી ભૂલી જાય છે, એવા રાજકારણીઓનું તાપી નદીમાં વિસર્જન થઈ જવું જોઈએ. ગૌભક્તો હવે આવા વચનભંગ કરનારાઓને સાંખી લેવાના મૂડમાં નથી."

બાપાસીતારામ મહિલા મંડળના અગ્રણી હીરલબેને કહ્યું હતું કે, "દેશના નેતાઓ બાળપણમાં ગૌમાતાનું દૂધ પીને જ મોટા થયા છે અને નિરોગી રહીને સત્તાની ગાદી સુધી પહોંચ્યા છે. પરંતુ આજે એ જ ગૌમાતા કતલખાને કપાઈ રહી છે, કચરાપેટીમાં પ્લાસ્ટિક ખાવા મજબૂર છે. જો નેતાઓમાં થોડું પણ ઋણ ચુકવવાની ભાવના હોય તો ગૌમાતાને રાષ્ટ્રમાતાનો દરજ્જો આપે. ગૌમાતાના શરીરમાં ૩૩ કોટી દેવો, ભાગવત અને શિવજીનો વાસ છે. જો સરકાર ગાયને રાષ્ટ્રમાતા જાહેર નહીં કરે તો અમે તમામ ગૌભક્તો ભવિષ્યમાં મતદાન કરવાનો જ બહિષ્કાર કરીશું.

## દક્ષિણ કોરિયાનો બિઝનેસમેન ચે-તાઈ-વોનને પત્નીને રૂપિયા ચૂકવવાનો આદેશ

# સદીના સૌથી મોંઘા ડિવોર્સ 8200 કરોડ માંગ્યા





**સિટી ન્યૂઝ@સિઓલ**

ઘરના ચાર ભીંત વચ્ચે સમાઈ જતી ગૃહિણીના ત્યાગ અને સમર્પણની કિંમત કેટલી? આ પ્રશ્નનો એક એવો જવાબ દક્ષિણ કોરિયાની કોર્ટે આપ્યો છે, જેણે આખા એશિયાના કોર્પોરેટ જગતમાં ભારે ખળભળાટ મચાવી દીધો છે.

દક્ષિણ કોરિયાના બીજા સૌથી મોટા બિઝનેસ સામ્રાજ્ય SK Groupના ચેરમેન અને અબજોપતિ ચે તાઈ-વોનને પોતાની પૂર્વ પત્ની રો સો-ચોંગને આશરે ૮,૨૦૦ કરોડ ચુકવવાનો આદેશ મળ્યો છે. ૩૬ વર્ષ જૂના આ લગ્નસંબંધ કોર્પોરેટ ઈતિહાસની સૌથી મોંઘી અને ચર્ચિત કાનૂની જંગ બની ગયો છે.

આ કેસ એશિયાના ઈતિહાસમાં સૌથી મોંઘા ડિવોર્સ સેટલમેન્ટ્સમાંથી એક માનવામાં આવે છે. બંનેના લગ્ન ૧૯૮૮માં થયા હતા અને તેમને ત્રણ બાળકો છે. પૂર્વ પત્ની રો સો-યોંગ દક્ષિણ કોરિયાના પૂર્વ રાષ્ટ્રપતિ રો તે-વૂના પુત્રી છે. ૨૦૧૭થી કોર્ટમાં આ વિવાદ ચાલી રહ્યો હતો. વર્ષ ૨૦૧૫માં ચે તાઈ-વોન અચાનક જાહેરમાં સ્વીકાર્યું કે તેમનું અન્ય મહિલા સાથે અફેર છે અને તેમને એક સંતાન પણ છે. આ ખુલાસાથી આખા દેશમાં આંચકો લાગ્યો. વર્ષ ૨૦૧૭થી શરૂ થયેલી ડિવોર્સની કાનૂની જંગ આખરે સીઓલ હાઈકોર્ટના ચુકાદા સુધી પહોંચી, જેને હવે 'સેન્ચ્યુરી ઓફ ડિવોર્સ' કહેવામાં આવે છે.

કોર્ટે ચુકાદો આપતા ખૂબ જ મહત્વની ટિપ્પણી કરીઃ "બિઝનેસમેન પતિ આજે જે અબજોની સંપત્તિ પર બેઠા છે, તેના મૂળમાં પત્નીનો ત્યાગ, બાળકોનો ઉછેર અને સામાજિક જવાબદારીઓ છે. બિઝનેસની સફળતામાં પત્નીના આ પરોક્ષ યોગદાનને નકારી શકાય નહીં. દુનિયામાં એમેઝોનના જેફ બેઝોસ અને માઈક્રોસોફ્ટના બિલ ગેટ્સના ડિવોર્સ સેટલમેન્ટ્સ બાદ, એશિયાના કોર્પોરેટ ઈતિહાસમાં આ સૌથી મોંઘું સેટલમેન્ટ માનવામાં આવે છે.



**એશિયાનો અબજોપતિ બિઝનેસમેન મેરેજ બાદ અફેર કરી લૂંટાઇ ગયો**

સાઉથ કોરિયામાં સેમસંગ પછી જો કોઈ કંપનીનો ડંકો વાગતો હોય તો તે SK Group છે. સેમિકન્ડક્ટર, ટેલિકોમ અને એનર્જી ક્ષેત્રે આ ગ્રૂપ ગ્લોબલ લીડર છે. AI ટેક્નોલોજીમાં વપરાતી મેમરી ચિપ્સ બનાવવામાં તેમની કંપની 'SK Hynix' વિશ્વભરમાં પ્રખ્યાત છે. કોર્ટે તમામ રકમ રોકડમાં ચૂકવવાનો આદેશ આપ્યો હોવાથી, બિઝનેસમેન ચે તાઈ-વોન પોતાની કંપનીના શેર વેચ્યા વગર પત્નીને આ જંગી રકમ આપવી પડશે, જેથી તેમની કંપની પરની પકડ જળવાઈ રહે.

## પ્રખ્યાત ગાયિકા હેમા સરદેસાઈનો ખુલાસો

# દરેક મારી સાથે સૂવા ઈચ્છતાં : કંટાળીને સિંગરે બોલિવૂડ છોડ્યું



## હૈ જવાની તો ઈશ્ક હોના હૈ, આવારા ભંવરે જેવા સુપરહિટ ગીતોથી ઓળખ મેળવી હતી

**સિટી ન્યૂઝ@મુંબઈ**

એક ઈન્ટરવ્યુ દરમિયાન હેમા સરદેસાઈએ જણાવ્યું કે માત્ર એક્ટર્સ જ નહીં પરંતુ સિંગર્સ પણ કાસ્ટિંગ કાઉચનો શિકાર બને છે. તેમણે દાવો કર્યો હતો કે બોલિવૂડમાં તેમને કોઈ સારો માણસ ન મળ્યો અને તેઓ જે પણ સ્ટુડિયોમાં જતા, લોકો તેમની તરફ ખરાબ નજરથી જ જોતા હતા.

હેમાએ જણાવ્યું કે, "દરેક વ્યક્તિ મારી સાથે સોદો કરવા કે સૂવા માંગતી હતી." પરંતુ તેમણે ક્યારેય પણ ખોટા સમઝૌતા સ્વીકાર્યા નહીં અને સામનેથી સ્પષ્ટ ના કહી દીધી. તેઓ કહેતા કે જો ગીત ન આપવું હોય તો વાંધો નહીં, પણ હું ખોટું કામ નહીં કરું. આ જ કારણે તેમને ઈન્ડસ્ટ્રીમાં કામ મળવાનું બંધ થઈ ગયું અને તેમણે બોલિવૂડથી અંતર બનાવી લીધું. મીટૂ આંદોલન અને મ્યુઝિક ડાયરેક્ટર્સ પર લાગેલા આરોપો અંગે વાત કરતા હેમાએ કહ્યું કે, "કાસ્ટિંગ કાઉચ એ એક પ્રોપોઝલ જેવું હોય છે. સામે વાળી વ્યક્તિ તેને સ્વીકારે કે ન સ્વીકારે તે તેના પર નિર્ભર કરે છે. આ ઈન્ડસ્ટ્રીમાં કોઈ બળજબરી કરતું નથી."

તેમણે ઉમેર્યું કે જે મ્યુઝિક ડાયરેક્ટર પર આરોપો લાગ્યા હતા, તેમને તેઓ ક્લીન ચિટ નથી આપતા પરંતુ તેમને રેપિસ્ટ કે મોલેસ્ટર કહેવું પણ યોગ્ય નથી. એક ગર્લ ચાઈલ્ડ એસોસિએશનની એમ્બેસેડર હોવાના નાતે તેમની જવાબદારી બને છે કે તે તે મ્યુઝિક ડાયરેક્ટરની દીકરી અને પત્નીની ઈજ્જત વિશે પણ વિચારે.

બોલિવૂડની ચકાચૌંધ છોડ્યા પછી હેમા સરદેસાઈએ શ્રી શ્રી રવિશંકરના આર્ટ ઓફ લિવિંગ (Art of Living) સાથે જોડાણ કર્યું અને હાલમાં તેઓ આર્ટ ઓફ લિવિંગના ટીચર તરીકે સેવા આપી રહ્યા છે. તેઓ લોકોને સંગીત, યોગ અને અધ્યાત્મ દ્વારા જીવન જીવવાની સાચી દિશા બતાવે છે.

અંગત જીવનની વાત કરીએ તો હેમાએ હોકી પ્લેયર અને ઈન્વેસ્ટમેન્ટ બેંકર ઝેવિયર ડિસૂઝા સાથે આંતરધર્મીય લગ્ન કર્યા હતા. પરંતુ વર્ષ ૨૦૨૦માં હાર્ટ એટેકના કારણે તેમના પતિનું અવસાન થયું હતું. પતિના અવસાન બાદ હેમાએ પોતાનું સમગ્ર જીવન ધર્મ-કર્મ અને સેવાકાર્યમાં સમર્પિત કરી દીધું છે.

### અમદાવાદ, ધોળકા, સુરેન્દ્રનગર, માંડવી અને કચ્છના રૂટ બંધ હતા

# વરસાદના કારણે 3 દિવસમાં રાજકોટ એસ.ટી.ની 723 ટ્રીપ રદ્દઃ રૂા.35 લાખનું નુકસાન


તસવીરઃ અક્ષય ગોંડલિયા

**રાજકોટ જિલ્લો**

રદ રૂટ - ૩
રદ ટ્રીપ - ૫
અર્ધ સંચાલિત ટ્રીપ- ૦૧
રદ કિલોમીટર - ૧૩૩૨.૧૨
ગુમાવેલ આવક - રૂ.૨૭,૦૯૬

**મોરબી જિલ્લો**

રદ રૂટ - ૦૧
રદ કરેલ ટ્રીપ - ૦૩
અર્ધસંચાલિત ટ્રીપ - ૦૦
રદ કિલોમીટર - ૧૯૬
ગુમાવેલ આવક - રૂ.૩,૭૨૭

**સુરેન્દ્રનગર જિલ્લો**

રદ રૂટ - ૩૬
રદ ટ્રીપ - ૧૩૨
અર્ધ સંચાલિત ટ્રીપ - ૦
રદ કિલોમીટર - ૧૪૬૪૪.૮૮
ગુમાવેલ આવક - રૂ.૩,૫૧,૯૦૨

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ભારે વરસાદને કારણે રાજ્યમાં કેટલાક રસ્તાઓ ધોવાઈ ગયા છે. અમદાવાદ જવા માટે બાવળા પાસેનો રસ્તો બંધ થયો છે. આ ઉપરાંત અન્ય રસ્તાઓ પણ બંધ છે. જેને કારણે રાજકોટ એસટી ડિવિઝન હેઠળના રાજકોટ, મોરબી અને સુરેન્દ્રનગર જિલ્લાની ૨૬ જુલાઈની ૧૪૦ ટ્રીપ રદ કરવામાં આવી છે. એક ટ્રિપમાં મિનિમમ ૪૫ મુસાફરો ગણીએ તો પણ ૭ હજાર મુસાફરોએ હાલાકી ભોગવી છે. જેને લીધે ત્રણેય જિલ્લાની દૈનિક આવકમાં આજે પોણા ચાર લાખનું ગાબડું પડ્યું છે. રાજકોટ એસટીના વિભાગીય નિયામક મનીષ રાજે જણાવ્યું હતું કે, અમદાવાદ તરફ જવા માટે બાવળાનો રસ્તો બંધ છે. જેને કારણે અમદાવાદ જતી ઘણી બસ રદ કરવી પડી છે. જોકે રાજકોટથી અમદાવાદ વાયા ધોળકાથી સનાથલ થઈને બસ જાય છે પરંતુ એ રસ્તો ખૂબ જ લાંબો પડી જાય છે. જેને કારણે બસો કેન્સલ કરવી પડી છે. આ ઉપરાંત સંતરામપુર અને માંડલ તેમજ વાયા રાધનપુર થરા જતી બસો પણ રદ કરવી પડી છે. જેને લીધે અને મુસાફરોએ મુશ્કેલી ભોગવી છે. જોકે વરસાદની રહેતાની સાથે બંધ રૂટ ફરી શરૂ થઈ જશે. રાજકોટ એસટી વિભાગની ૧૪૦ ટ્રીપ રદ થતા આવકમાં પણ મોટું ગાબડું પડ્યું છે. જેમાં રાજકોટ જિલ્લામાં રૂ.૨૭,૦૯૬ ની આવક ગુમાવવી પડી છે. જ્યારે સુરેન્દ્રનગરમાં રૂ.૩.૫૧ લાખ તો મોરબી જિલ્લામાં દૈનિક આવકમાં રૂ.૩૭૨૭નો ઘટાડો થયો છે. જોકે વરસાદી પાણી ઉતરી જતા પરિસ્થિતિ સામાન્ય બની જશે અને ત્યારબાદ વાહન વ્યવહાર શરૂ થઈ જતા મુસાફરો એસટી બસમાં જઈ શકશે.

### શારીરિક સંબંધ માટે દબાણ કર્યા બાદ મહિલા તાબે નહિ થતા ફોટા વાયરલ કરી દીધા

# વીડિયો કોલમાંથી અંગત સ્ક્રીનશોટ લઈ બે શખ્સની પરિણીતા સાથે પજવણી

### રાજકોટ નજીક આવેલા બેડલા ગામના બે નરાધમ સામે પોલીસમાં ગુનો નોંધવામાં આવ્યો

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ તાલુકાના બેડલા ગામની ૨૬ વર્ષીય પરિણીતાના વીડિયોકોલ દરમિયાન તેની જાણ બહાર અંગત સ્ક્રીનશોટ મેળવી બ્લેકમેલિંગ કરવું, શારીરિક સંબંધ માટે દબાણ કરવું અને ઈનકાર કરતાં ફોટા વોટ્સએપ મારફતે સમાજ તથા ગામના લોકોમાં વાઇરલ કરવાનો બનાવ સામે આવ્યો છે. એરપોર્ટ પોલીસે આ મામલે બે આરોપી સામે ભારતીય ન્યાય સંહિતા અને આઈટી એક્ટની વિવિધ કલમો હેઠળ ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ફરિયાદ મુજબ, પરિણીતાનો ગામના જ વિશાલ વલ્લભભાઈ સોરાણી સાથે ઈન્સ્ટાગ્રામ પર પરિચય થયો હતો. બાદમાં બંને વચ્ચે ફોન અને વીડિયોકોલ પર વાતચીત થતી હતી. એક વખત વીડિયોકોલ દરમિયાન પરિણીતા કપડાં બદલતી હોવાનો લાભ લઈ આરોપીએ તેની જાણ બહાર અંગત સ્ક્રીનશોટ મેળવી લીધા હતા. ત્યારબાદ તે સ્ક્રીનશોટના આધારે શારીરિક સંબંધ બાંધવા દબાણ કરી ઈનકાર કરાશે તો ફોટા વાઇરલ કરી બદનામ કરવાની ધમકી આપી હતી. આ દરમિયાન બીજા આરોપી વિશાલ વિનુભાઈ મકવાણાએ પણ પોતાના પાસે અંગત ફોટા હોવાનું કહી પરિણીતાને શારીરિક સંબંધ માટે દબાણ કર્યું હતું. બાદમાં આરોપીઓએ પરિણીતાની આબરૂને ઠેસ પહોંચાડવાના ઈરાદે તેના અંગત ફોટા સમાજના લોકો તથા બેડલા ગામના અન્ય વ્યક્તિઓને વોટ્સએપ મારફતે મોકલી વાઈરલ કર્યા હોવાનું ફરિયાદમાં જણાવાયું છે. આખરે પરિણીતાએ એરપોર્ટ પોલીસમાં ફરિયાદ નોંધાવતા પોલીસે બંને આરોપી સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# વધારાની સફાઈ કામગીરી સામે મનપા કર્મચારીઓનો ઉગ્ર અને અનોખો વિરોધ

## 10 ફૂટના સાવેણા સાથે પ્રતિકાત્મક સફાઈ; નિયમ મુજબ કામ ફાળવવાની માંગ સાથે તંત્ર સામે આક્રોશ, કામગીરી બંધ કરવાની ચેતવણી




**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના વોર્ડ નં. ૪ના કાયમી સફાઈ કામદારોએ વધારાની અને અનિયમિત સફાઈ કામગીરીના વિરોધમાં સોમવારે ઉગ્ર અને અનોખો પ્રતિકાત્મક વિરોધ નોંધાવ્યો હતો. કામદારોએ ૧૦ ફૂટ લાંબા સાવેણા હાથમાં લઈને રસ્તાઓની સફાઈ કરી તંત્ર સામે પોતાનો આક્રોશ વ્યક્ત કર્યો હતો અને નિયમ મુજબ જ કામગીરી ફાળવવાની જોરદાર માંગ ઉઠાવી હતી.

વિરોધ દરમિયાન કામદારોએ જણાવ્યું હતું કે સરકારી નિયમ મુજબ એક સફાઈ કામદારને ૨૫૦થી ૭૫૦ મીટર સુધીનો વિસ્તાર ફાળવવાનો હોય છે, પરંતુ મનપા તંત્ર દ્વારા નિયમથી ઘણો વધુ વિસ્તાર તેમની જવાબદારીમાં સોંપવામાં આવી રહ્યો છે. જેના કારણે કામનું ભારણ અસહ્ય રીતે વધી રહ્યું છે અને કર્મચારીઓ પર શારીરિક તથા માનસિક દબાણ સર્જાઈ રહ્યું છે.

કામદારોએ વધુમાં આક્ષેપ કર્યો હતો કે માત્ર સફાઈ જ નહીં પરંતુ બાંધકામ વિભાગનું રોડ પરથી ધૂળ ઉપાડવાનું કામ, બાગ-બગીચા વિભાગનું ઘાસ કાપવાનું કામ તેમજ ડોર-ટુ-ડોર કચરા ગાડી સાથે સંકળાયેલી કામગીરી પણ તેમના શિરે ઠેલવામાં આવી રહી છે, જે સંપૂર્ણપણે નિયમ વિરુદ્ધ છે.

તેમણે જણાવ્યું હતું કે અગાઉ આ મુદ્દે રજૂઆત કરવામાં આવી હતી, જેના અનુસંધાને પર્યાવરણ ઈજનેર પ્રજેશ સોલંકીએ વિસ્તારોની યોગ્ય માપણી કરી નિયમ મુજબ કામગીરી ફાળવવા તેમજ જરૂર પડે ત્યાં વધારાના કામદારો મુકવા સૂચના આપી હતી. છતાં આજદિન સુધી આ સૂચનાનો અમલ થયો નથી, જેના કારણે સમસ્યા યથાવત છે.

વોર્ડ નં. ૪ના કાયમી સફાઈ કામદારોએ સ્પષ્ટ ચેતવણી આપી હતી કે જો તાત્કાલિક અસરથી નિયમ મુજબ કામગીરીની ફાળવણી કરવામાં નહીં આવે અને વધારાનું કામ બંધ નહીં કરવામાં આવે તો આગામી દિવસોમાં સમગ્ર વોર્ડની સફાઈ કામગીરી સંપૂર્ણપણે બંધ કરી વધુ ઉગ્ર આંદોલન કરવામાં આવશે. તેની સંપૂર્ણ જવાબદારી રાજકોટ મહાનગરપાલિકા તંત્રની રહેશે તેમ કામદારોએ જણાવ્યું હતું.

# મનપાના ફૂડ સેફ્ટી ઓફિસરની સરકારી ગાડીના દસ્તાવેજો એક્સપાયર?

## કૌશિક સરવૈયા ઉપયોગ કરતા સરકારી વાહનના RC, PUC અને ઈન્સ્યુરન્સ મુદ્દે ગંભીર સવાલો; કાયદાના સમાન અમલ અંગે ચર્ચા વધુ તેજ બની

**સિટી ન્યૂઝ@રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકાના આરોગ્ય અને ફૂડ વિભાગમાં ફરજ બજાવતા ફૂડ સેફ્ટી ઓફિસર કૌશિક સરવૈયા ઉપયોગ કરતા સરકારી વાહનના RC, PUC અને ઈન્સ્યુરન્સની મુદત પૂર્ણ થઈ ગઈ હોવાનો દાવો સામે આવ્યો છે. આ દાવા બાદ સરકારી વાહન વ્યવસ્થાપન, નિયમોના અમલ અને જવાબદારી અંગે ગંભીર પ્રશ્નો ઊભા થયા છે.

મળતી વિગતો મુજબ, મોટર વ્હીકલ એક્ટ હેઠળ જાહેર માર્ગ પર કોઈપણ વાહન ચલાવવા માટે RC, PUC અને માન્ય ઈન્સ્યુરન્સ ફરજિયાત ગણાય છે. તેમ છતાં સંબંધિત સરકારી વાહન લાંબા સમયથી સમાપ્ત થયેલા દસ્તાવેજો સાથે ઉપયોગમાં લેવાઈ રહ્યું હોવાનો દાવો કરવામાં આવી રહ્યો છે. આ બાબતે તંત્રની દેખરેખ અને નિયમિત ચકાસણી પ્રક્રિયા પર પણ સવાલો ઉઠી રહ્યા છે.


રાજકોટ મહાનગરપાલિકાનો ફૂડ વિભાગ નિયમભંગના કિસ્સામાં વેપારીઓ, લારી-ગલ્લા અને રેસ્ટોરન્ટ્સ સામે દંડાત્મક કાર્યવાહી, નોટિસ અને સીલિંગ સુધીના કડક પગલાં લેતો રહે છે. ત્યારે કાયદાનું પાલન કરાવતી જ વ્યવસ્થામાં કાર્યરત અધિકારીના ઉપયોગમાં રહેલા વાહન અંગે ઉઠેલા આક્ષેપોને લઈને સમાન ધોરણે કાર્યવાહી થશે કે નહીં તે અંગે ચર્ચા વધુ ઉગ્ર બની છે.નાગરિકોમાં પ્રશ્ન ઉઠી રહ્યો છે કે જો સામાન્ય વેપારીઓ માટે નિયમો કડક રીતે લાગુ કરવામાં આવે છે, તો સરકારી અધિકારીઓ માટે પણ તે જ ધોરણો લાગુ પડશે કે નહીં. કાયદાના સમાન અમલની વાતો વચ્ચે આ પ્રકારના મામલાઓ તંત્રની વિશ્વસનીયતા પર પણ અસર કરે છે તેવી ચર્ચા ચાલી રહી છે.

આ મામલે ટ્રાફિક પોલીસ અને મહાનગરપાલિકાના ઉચ્ચ અધિકારીઓ



દ્વારા વાહનના દસ્તાવેજોની તાત્કાલિક ચકાસણી કરી કાયદેસર કાર્યવાહી કરવામાં આવશે કે કેમ તે જોવું રહ્યું. હાલ સુધી આ મુદ્દે સંબંધિત અધિકારી અથવા મહાનગરપાલિકા તરફથી કોઈ સત્તાવાર પ્રતિસાદ આપવામાં આવ્યો નથી.

આ ઘટનાને પગલે વેપારી વર્ગ તેમજ જાગૃત નાગરિકોમાં કાયદાના સમાન અમલ, જવાબદારી અને પારદર્શિતા અંગે




ચર્ચા વધુ તેજ બની છે.

## જૂનાગઢ મહિલા કોલેજના પ્રિન્સિપાલનું નિવેદન

# NEET પેપર લીક આંદોલન દેશને તોડવાનું ષડયંત્ર,રાષ્ટ્ર વિરોધીઓ છે

**સિટી ન્યૂઝ@જૂનાગઢ**

જૂનાગઢની એમ.એમ. ઘોડાસરા મહિલા કોલેજમાં આયોજિત એક કાર્યક્રમ દરમિયાન કોલેજના પ્રિન્સિપાલ અને ભક્ત કવિ નરસિંહ મહેતા યુનિવર્સિટીના સિન્ડિકેટ સભ્ય દિનેશ ડઢાણિયા દ્વારા આપવામાં આવેલું એક નિવેદન હાલ સોશિયલ મીડિયા પર ભારે વાઈરલ થઈ રહ્યું છે. જેમાં આંદોલનકારી વિદ્યાર્થીઓ અને કોકરોચ જનતા પાર્ટીને દેશ વિરોધી ગણાવ્યા છે.

દિનેશ ડઢાણિયાએ કહ્યું કે, દિલ્હીમાં ચાલતા NEET પેપર લીક આંદોલનને વિદેશી ફંડિંગ આધારિત અને દેશને તોડવાનું ષડયંત્ર છે અને રાષ્ટ્ર વિરોધીઓ છે. સ્થિર સરકારને અસ્થિર કરવા બાંગ્લાદેશ અને નેપાળ જેવી પરિસ્થિતિ ઊભી કરવાનો પ્રયાસ થઈ રહ્યો છે. પેપર લીકના દોષિતોને સજા થવી જોઈએ, પણ આ મુદ્દે દેશવિરોધી પ્રવૃત્તિ ચલાવી લેવાશે નહીં.દિલ્હીના જંતર-મંતર ખાતે ચાલતા આંદોલનમાં યુવાનોને માત્ર એક હાથો બનાવવામાં આવી રહ્યા છે. જે અત્યંત ગંભીર બાબત છે અને તેના મૂળ સુધી પહોંચવું જરૂરી છે.

NEETનું પેપર લીક થવું એ ચોક્કસપણે ગંભીર બાબત હતી અને તેમાં જે પણ દોષિતો હોય તેમને સજા મળવી જ જોઈએ. પરંતુ ત્યારબાદ ફરીથી પરીક્ષા





લેવાઈ, પરિણામ જાહેર થયું અને વિદ્યાર્થીઓ પોતાના અભ્યાસમાં પરત પણ ફરી ચૂક્યા છે. આમ છતાં, આ વિષયને આગળ ધરીને દેશને ખોખલો કરવા માંગતા તત્વો મોટું આંદોલન ચલાવી રહ્યા છે. પરંતુ આપણી પ્રાથમિકતા 'રાષ્ટ્ર પ્રથમ' હોવી જોઈએ. રાષ્ટ્રને નબળું પાડતી કોઈ પણ મૂવમેન્ટ સાંખી લેવાય નહીં.

### વિદ્યાર્થીઓના અધિકારોનું અપમાનઃ NSUI

ગુજરાત પ્રદેશ NSUI ના પ્રમુખ નરેન્દ્ર સોલંકીએ પણ પ્રિન્સિપાલના નિવેદનની આકરી ઝાટકણી કાઢી હતી. તેમણે સ્પષ્ટ કર્યું હતું કે ભારતનું બંધારણ દરેક નાગરિકને શાંતિપૂર્ણ વિરોધ અને અભિવ્યક્તિની સ્વતંત્રતા આપે છે. જ્યારે વિદ્યાર્થીઓ શૈક્ષણિક અને જાહેર હિત માટે અવાજ ઉઠાવે છે, ત્યારે કોઈ શિક્ષણ સંસ્થાના વડા દ્વારા તેમને નકારતી કે અપમાનિત કરતી ભાષા વાપરવી તે ઉચ્ચ શિક્ષણના લોકતાંત્રિક અને બંધારણીય મૂલ્યોથી તદ્દન વિપરીત છે.

### કોંગ્રસના મહેશ રાજપૂતે કહ્યું ભાજપની ચાપલુસી બંધ કરો



પ્રિન્સિપાલના આ નિવેદનનો વીડિયો સોશિયલ મીડિયા પર વાઈરલ થતાં રાજકોટ કોંગ્રેસના નેતા મહેશ રાજપૂતે જણાવ્યું હતું કે, NEET પરીક્ષાના પેપર લીક થવાથી ૨૧ વિદ્યાર્થીઓએ આત્મહત્યા કરી લીધી છે અને હજારો વિદ્યાર્થી માનસિક તણાવથી પીડાઈ રહ્યા છે. આવા સમયે પોતાના ન્યાય માટે અવાજ ઉઠાવતા યુવાનો અને ૧૨ વર્ષની દીકરીઓ પર પોલીસ દ્વારા ક્રૂરતાપૂર્વક લાઠીચાર્જ કરાવવામાં આવે છે. પોતાના હકની માંગણી કરનારા દેશનું ભવિષ્ય એવા વિદ્યાર્થીઓને દેશદ્રોહી ગણાવવા તે અત્યંત શરમજનક અને નિંદનીય છે.ગુજરાતમાં છેલ્લા ૧૦ વર્ષના સમયગાળામાં ૩૪ જેટલી સરકારી ભરતી સહિતની પરીક્ષાઓના પેપરો લીક થયા છે. પ્રિન્સિપાલ દ્વારા પોતાની કોલેજના ફોટોગ્રાફ્સ સાથે સોશિયલ મીડિયામાં મુકાયેલી પોસ્ટ રાતોરાત ડિલીટ કરવા અંગે કટાક્ષ કરતાં તેમણે કહ્યું કે વિદ્યાર્થીઓએ શિક્ષકની ખરી ભૂમિકા શું હોય તે ભાન કરાવતાં શરમજનક પરિસ્થિતિથી બચવા પોસ્ટ હટાવી લીધી છે. કોંગ્રેસ નેતાએ પ્રિન્સિપાલને ટકોર કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાનથી લઈને શિક્ષણ મંત્રી સુધી, જેમણે આટલા દિવસો સુધી આંદોલનકારીઓ પર અન્યાય અને લાઠીચાર્જ ચલાવ્યો છે, તેઓ જ દેશના ભવિષ્ય સાથે રમત રમવા રમવા માટે જવાબદાર છે.

# રાજપરમાં યુવક પર છરીથી જીવલેણ હુમલો, 7 સામે ગુનો

**સિટી ન્યૂઝ@મોરબી**

મોરબી તાલુકાના રાજપર ગામે જૂના ઝઘડાની અદાવતમાં યુવક પર છરી અને ઢીકાપાટુ વડે હુમલો કરાયો હોવાની ફરિયાદના આધારે પોલીસે મનોજ પનારા સહિત ૭ શખ્સો સામે ગુનો નોંધી તપાસ શરૂ કરી છે. ફરિયાદ મુજબ, કરણ ઉર્ફે જતીન ડાંગરના જણાવ્યા અનુસાર તેમના સગા મુકેશ ડાંગર સાથે મનોજ પનારાને અગાઉ થયેલા ઝઘડાનો ખાર રાખીને આરોપીઓ તેમના ઘરે પહોંચ્યા હતા.દરવાજો ન ખોલતા આરોપીઓએ દરવાજો તોડી ઘરમાં પ્રવેશ કર્યો હતો અને ગાળો આપી ફરિયાદીને બહાર ઢસડી ગયા હતા. ત્યાં યોગેશભાઈએ પકડી રાખ્યા બાદ મનોજ પનારાએ છરી વડે હથેળીમાં ઈજા પહોંચાડી હતી. અન્ય આરોપીઓએ પણ ઢીકાપાટુનો માર માર્યાનો આક્ષેપ છે. આરોપીઓએ બાદમાં જાનથી મારી નાખવાની ધમકી આપી નાસી છૂટ્યા હતા.

**જૂના ઝઘડાની અદાવતમાં ઘરનો દરવાજો તોડી હુમલો; જાનથી મારી નાખવાની ધમકી**

ઈજાગ્રસ્ત યુવકને સારવાર માટે હોસ્પિટલ ખસેડવામાં આવ્યો હતો. પોલીસે મનોજ પનારા સહિત કુલ ૭ શખ્સો સામે ગુનો નોંધી વધુ તપાસ હાથ ધરી છે.

# માલિયાસણ પાસે ચોટીલા જતા પદયાત્રીનું અજાણ્યા વાહનની ઠોકરે મોત

**સિટી ન્યૂઝ@માલિયાસણ**

રાજકોટના અમદાવાદ હાઈવે ઉપર કુચીયાદળ નજીક હિટ એન્ડ રનના બનાવ બન્યો હતો જેમાં મહીકા ગામના વૃદ્ધ પગપાળા ચોટીલા જતા હતા તે દરમિયાન અજાણ્યા વાહન ચાલકે ઠોકરે લેતા તેમનું ઘટનાસ્થળે જ મોત નિપજ્યું હતું. અકસ્માત બાદ વાહનચાલક નાસી છૂટ્યો હતો. મહીકા ગામે રહેતા જુગાભાઈ રામાભાઈ સાપરા (ઉ.૬૫) તેના ઘેરથી ચાલીને ચોટીલા જતા હતા તે દરમિયાન કુચીયાદળ પાસેના ઓવર બ્રિજ નજીક પુરપાટ અજાણ્યા વાહને ઠોકરે લેતા તેનુ મોત નિપજયુ હતુ. બનાવની જાણ થતા એરપોર્ટ પોલીસ મથકના એએસઆઈ સાંગાણી સહિતની ટીમે તપાસ હાથ ધરી હતી. નિવૃત જીવન જીવતા વૃદ્ધે અકસ્માતમાં જીવ ગુમાતા એમના છ સંતાન સહિતના પરિવારમાં શોક વ્યાપી ગયો હતો. પોલીસે મૃતકના પુત્ર હિતેશભાઈની ફરિયાદ પરથી અકસ્માત બાદ નાસી જનારા વાહનચાલક સામે ગુનો નોંધી તેની શોધખોળ કરી છે.

## અનોખો પ્રયોગ : દક્ષિણામાં રોકડ નહીં પણ બે વૃક્ષ વાવવા પડશે

# ''પવિત્રતા પહેલા'' ગજાનન આશ્રમમાં ગુરુપૂર્ણિમાએ વ્યસનીઓને 'નો એન્ટ્રી'

### ઓર્ગેનિક-પ્રાકૃતિક ખેતી તરફ વાળવું હોય તો જ પૂજન માટે આવવું

### અભય ભારદ્વાજ કોમ્યુનિટી હોલમાં ગુરુપૂર્ણિમાએ અનેક કાર્યક્રમ



### ગજાનન આશ્રમ માલસરના ગુરુ વિજયભાઈ જોશી છેલ્લા 29 વર્ષથી અનોખી રીતે ગુરુપૂર્ણિમાની ઉજવણી કરી રહ્યા છે

### ભીડ ભેગી કરવાને બદલે રાષ્ટ્રપ્રેમી અને પ્રકૃતિપ્રેમી શિષ્યો તૈયાર કરવા ગુરુ વિજયભાઈ જોશીનો કડક નિર્ધાર

**સિટી ન્યૂઝ@રાજકોટ**

ગુરુપૂર્ણિમાના પવિત્ર તહેવાર પર સામાન્ય રીતે આડંબર, ભીડ અને રોકડ દક્ષિણાના કવરો જોવા મળતા હોય છે, પરંતુ રાજકોટમાં આ વખતે એક ક્રાંતિકારી અને કડક ચીલો ચાતરવામાં આવ્યો છે. ગજાનન આશ્રમ (માલસર) ના પૂજ્ય ગુરુ વિજયભાઈ જોશીએ ૨૦૨૬ ની ગુરુપૂર્ણિમાને માત્ર ધાર્મિક જ નહીં, પરંતુ સામાજિક અને પર્યાવરણીય ક્રાંતિનું માધ્યમ બનાવવાનો સ્પષ્ટ આદેશ આપ્યો છે. છેલ્લા ૨૯ વર્ષથી અનોખી રીતે ગુરુપૂર્ણિમા ઉજવતા ગુરુજીએ આ વખતે સ્પષ્ટ મેસેજ આપ્યો છે કે, "માત્ર માથું ટેકવવા આવતા લોકોની જરૂર નથી, મારે ક્વોલિટીવાળા શિષ્યો જોઈએ છે." આ મેસેજ દર્શાવે છે કે તેઓ માત્ર શિષ્યોની સંખ્યા વધારવાને બદલે સમાજમાં સકારાત્મક પરિવર્તન લાવવા માંગતા વિચારશીલ યુવાનોનું એક મજબૂત સંગઠન ઊભું કરવા માંગે છે.

ગજાનન આશ્રમ દ્વારા ૨૦૨૬ ના ગુરુપૂર્ણિમા મહોત્સવ માટે આકરા નિયમો લાદવામાં આવ્યા છે. જો કોઈ વ્યક્તિ માવા, ફાકી, તમાકુ કે ગુટખાના રવાડે ચડેલો હોય, તો તેણે આશ્રમમાં પૂજન માટે આવવું જ નહીં. ગુરુ પૂજન કે મંત્ર દીક્ષા લેવા માટે આજીવન વ્યસનમુક્ત રહેવાનો સંકલ્પ લેવો ફરજિયાત છે. ભારતનું યુવાધન વ્યસનમાં બરબાદ થઈ રહ્યું છે, ત્યારે યુવા પેઢીને શૌર્યવાન અને તેજસ્વી બનાવવા માટે આ કડક નિર્ણય લેવાયો છે. ગુરુજી માને છે કે જે યુવાન પોતાના શરીરને વ્યસનથી મુક્ત નથી રાખી શકતો, તે રાષ્ટ્ર નિર્માણમાં કેવું યોગદાન આપશે? તેથી, સાચા ગુરુજ્ઞાનની શરૂઆત જ શારીરિક અને




માનસિક પવિત્રતાથી થવી જોઈએ, અને વ્યસનમુક્તિ એ તેની પ્રાથમિક શરત છે.


અંધાધૂંધ વિકાસમાં પર્યાવરણનો જે વિનાશ થઈ રહ્યો છે તેને અટકાવવા આશ્રમે નવી પહેલ કરી છે. ગુરુદક્ષિણામાં કોઈપણ પ્રકારની રોકડ રકમ સ્વીકારવામાં આવશે નહીં. તેના બદલે દરેક શિષ્યે ૨ વૃક્ષ વાવીને તેનું આજીવન જતન કરવાનું રહેશે. આ માત્ર એક પ્રતીકાત્મક કાર્ય નથી, પરંતુ પ્રકૃતિ પ્રત્યેની જવાબદારી નિભાવવાનો એક મજબૂત સંકલ્પ છે. વધુમાં, રાસાયણિક ખાતરો અને ઝેરી દવાઓથી જમીનની ફળદ્રુપતા નષ્ટ થઈ રહી છે અને માનવજાત ગંભીર બીમારીઓનો ભોગ બની રહી છે. તેથી, જે ખેડૂતો સંપૂર્ણપણે ઓર્ગેનિક અને પ્રાકૃતિક ખેતી તરફ વળવા માંગતા હોય તેમણે જ ગુરુ પૂજનમાં આવવું તેવી કડક શરત રખાઈ છે. ગાય, ગંગા અને નદીઓને પ્રેમ કરનારા, પ્રકૃતિનું સંરક્ષણ કરનારા રાષ્ટ્રવાદી યુવાનો જ સાચા શિષ્ય છે. રાસાયણિક ખેતી છોડવી એ માત્ર જમીન બચાવવાનો નહીં, પરંતુ આવનારી પેઢીઓને ઝેર મુક્ત અન્ન પૂરું પાડવાનો સંકલ્પ છે.

આ અનોખો 'ભજન, ભોજન અને ભક્તિનો ત્રિવેણી સંગમ' ૨૮ જુલાઈ ૨૦૨૬, બુધવારના રોજ રાજકોટમાં યોજાશે. રૈયા રોડ પર બાપા સીતારામ ચોક પાસે આવેલા અભય ભારદ્વાજ હોલમાં સવારે ૮:૦૦ થી બપોરે ૧૨:૦૦ વાગ્યા સુધી આ કાર્યક્રમ ચાલશે. બપોરે મહાપ્રસાદની વ્યવસ્થા રાખવામાં આવી છે, જ્યારે બહારગામથી આવતા ભાવિકો માટે આગલા દિવસે રહેવા-જમવાની સગવડ ઊભી કરાઈ છે. આ મહોત્સવમાં સાગર રાવલ (ભૂદેવ), જીતુભાઈ દ્વારકાવાળા (હાસ્ય કલાકાર), વિજય રાવલ અને દેવરાજ ગઢવી (ગીર) સહિતના નામાંકિત કલાકારો ઉપસ્થિત રહેશે. આ કાર્યક્રમ માત્ર એક ધાર્મિક મેળાવડો નહીં બની રહે, પરંતુ વ્યસનમુક્ત અને પ્રકૃતિપ્રેમી સમાજના નિર્માણ માટેનું એક શક્તિશાળી પ્લેટફોર્મ બની રહેશે.


વધુ માહિતી માટે ૯૮૭૯૨૭૧૪૪૪ અને ૯૮૨૫૧૧૭૪૦૮ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# ગોપાલે હાઈકોર્ટ જસ્ટીશ દવેને કહ્યું સર મેં ભુલથી ગુનો કર્યો નથી, મેં ઈરાદાપૂર્વક કરેલું, મને થયેલી સજા સામે મને કોઈ ફરિયાદ નથી

(સજાના પાંચ વર્ષ બાદ...) ગોપાલની જિંદગી કોઈ ફિલ્મના પ્લોટ કરતાં પણ વધારે ઝડપથી બદલાઈ રહી હતી. નિશી તેની પત્ની નહોતી રહી; પણ ગોપાલ તો તેને પ્રેમ કરતો હતો. નિશીની આત્મહત્યા પછી ગોપાલને નોર્મલ થતાં મહિનાઓ લાગ્યા હતા. જેલની લીગલ ઑફિસમાં કામ કરવા ઉપરાંત તે બુક રેકોર્ડિંગ કરતો. તેની સાથે સાથે પત્રકાર આદેશ અને નવજીવન સંસ્થા દ્વારા જે કંઈ પ્રોગ્રામ થતાં તે દરેકમાં તે ભાગ પણ લેતો હતો. કેદીઓનું એક અલગ જ વિશ્વ હોય છે. હવે ગોપાલ પણ તે નવા વિશ્વનો હિસ્સો બની ગયો હતો. રાકેશ ગોપાલનો એક જ મિત્ર હતો. રાકેશ ગોપાલ અને તેનાં મમ્મીપપ્પાનું એટલું ધ્યાન રાખતો હતો, કદાચ સગો ભાઈ પણ એટલું ધ્યાન ન રાખે!આ દરમિયાન ગોપાલ રજા પર પણ બહાર આવ્યો હતો. તે વેદાંતને મળીને પૂછવા માગતો હતો કે, તે આવું કેમ કર્યું? પણ એ રજા પર આવ્યો ત્યારે ખબર પડી કે, વેદાંત અમદાવાદ છોડીને બીજે જતો રહ્યો છે. હવે વેદાંતનો કોઈ પત્તો નથી. લીગલ ઑફિસમાં ઈન્ટરનેટની વ્યવસ્થા હતી. આમ તો જેલના નિયમ પ્રમાણે ઈન્ટરનેટ પર પ્રતિબંધ છે, પરંતુ લીગલ ઑફિસ કોર્ટને લગતી કામગીરી કરતી હોવાને કારણે ગોપાલની ઑફિસમાં ઈન્ટરનેટની વ્યવસ્થા હતી. ગોપાલ લગભગ રોજ હાઈકોર્ટની વેબસાઈટ ખોલીને પોતાની અપીલ અરજીનું સ્ટેટસ ચેક કરી લેતો હતો.તેણે બે વર્ષ પાલનપુર જેલમાં અને ત્રણ વર્ષ સાબરમતી જેલમાં પસાર કર્યા હતા. દસ વર્ષની સજામાંથી તેણે અડધી સજા તો તેણે પૂરી કરી દીધી હતી. એક દિવસ ગોપાલે સાઈટ ઉપર જોયું તો ગોપાલની અપીલની અરજીની તારીખ પડી હતી. ગોપાલે પિટિશનરમાં પોતાની સાથે સલીમને પણ રાખ્યો હતો. ગોપાલને એક આશાનું કિરણ દેખાયું. ગોપાલે તે જ દિવસે એડ્વોકેટ ચાંપાનેરીને ફોન કર્યો.ચાંપાનેરીએ તેને ચેતવણી આપતા કહ્યું, “જો ગોપાલ, તે કહ્યું એ પ્રમાણે તે અને સલીમે કરેલું ઍફિડેવિટ મેં હાઈકોર્ટ સામે મૂકી દીધું છે. પાર્ટી ઈન પર્સનમાં તમે રજૂઆત કરવા માગો છો, તેવી વિનંતી પણ હાઈકોર્ટને કરી છે. પણ મને લાગે છે કે, હજી એકવાર વિચાર કરી લે. તારાં મનમાં ઘુસી ગયેલા ગાંધી ક્યાંક તને નુકસાન ન કરે.” ગોપાલે કહ્યું, “સાહેબ, જિંદગી આખી ખોટું જ બોલ્યા છીએ. એક વખત સાચું બોલીને તો જોઈએ કે શું થાય છે?” ચાંપાનેરીએ કહ્યું, “તો પછી તારી ઈચ્છા. જેલ ઑથોરિટિને હાઈકોર્ટે નોટિસ ઈસ્યૂ કરી દીધી છે. પોલીસ જાપ્તા સાથે તમને હાઈકોર્ટમાં




લાવવામાં આવશે. હવે હાઈકોર્ટમાં મળીશું.” ૫મી માર્ચ થઈ. ગોપાલ અને સલીમ તૈયાર થઈ ગયા. આજે તેમની અપીલનો દિવસ હતો. માત્ર સાબરમતી જેલ માટે જ નહીં, ગુજરાતની તમામ જેલ માટે આ મહત્ત્વનો દિવસ હતો. એક કેદી હાઈકોર્ટ સમક્ષ પોતાનો ગુનો કબૂલ કરવાનો હતો.ગોપાલ તૈયાર થઈ મેલડી માતાનાં મંદિરે દર્શન કરવા ગયો. તેણે જોયું કે, સલીમ પણ માતાજી સામે હાથ જોડીને ઊભો હતો. ગોપાલને બહુ આશ્ચર્ય થયું. તે પણ સલીમની બાજુમાં હાથ જોડીને ઊભો રહી ગયો. મંદિરમાંથી નીકળતી વખતે ખબર નહીં કેમ, પણ ગોપાલ અને સલીમનાં મનમાં એક પ્રકારની શાંતિ હતી. હાઈકોર્ટ તેમની સજા ઘટાડશે કે સજા યથાવત્ રાખશે? તેની કોઈને ખબર નહોતી. સલીમને જ્યારે ખબર પડી કે, ગોપાલ હાઈકોર્ટમાં સાચું કહેવાનો છે; ત્યારે સલીમે એટલું જ કહ્યું હતું કે, તને યોગ્ય લાગે એ કરજે. હું તારી સાથે જ છું.ગોપાલ અને સલીમ ગેટ ઉપર આવ્યા. ત્યાં અમદાવાદ પોલીસના કેટલાક જવાનો અને એક સબ ઈન્સપેક્ટર હથિયાર અને હાથકડી સાથે ઊભા હતા. ગેટ ઉપર રહેલા જમાદારે હાઈકોર્ટના હુકમ પ્રમાણે ગોપાલ અને સલીમની કસ્ટડી અમદાવાદ પોલીસને સોંપી. જેલના ગેટની બહાર નીકળતા પહેલાં એક પોલીસવાળાએ પોતાની પાસે રહેલી હાથકડી કાઢી. ગોપાલના જમણા અને સલીમના ડાબા હાથે હાથકડી બાંધી દીધી.હથિયારી જવાન ગેટની બહાર નીકળ્યો. પછી ગોપાલ અને સલીમને બહાર કાઢવામાં આવ્યા. જેલની બહાર રોજ જેવી જ ચહલપહલ હતી. પોલીસનું એક વાહન ઊભુ હતું. ગોપાલે પાછું વળીને જેલ તરફ જોયું. જેલની છત ઉપર


પ્રશાંત દયાળ


ત્રિરંગો લહેરાઈ રહ્યો હતો. દરવાજાની ઉપર અશોક સ્તંભનું નિશાન હતું. ગોપાલને લહેરાઈ રહેલો ત્રિરંગો જોઈને સારું લાગ્યું. તે મનમાં જ બોલ્યો કે, અમે પણ આઝાદ થઈશું.પોલીસે તેમને પોલીસવાનમાં બેસાડ્યા. વાનમાં તેમના સિવાય બીજા કોઈ કેદી નહોતા. કારણ કે સામાન્ય રીતે હાઈકોર્ટમાં આરોપી તરફથી વકીલો જ પક્ષ મૂકતા હોય છે. પરંતુ ગોપાલે હાઈકોર્ટને પાર્ટી ઈન પર્સન રજૂઆત કરવાની વિનંતી કરી હતી. જેના કારણે તેમને હાઈકોર્ટમાં લઈ જવામાં આવી રહ્યા હતા.ગોપાલ અને સલીમ પોલીસ વાનમાં જઈ રહ્યા હતા; પણ તેમની નજર લોંખડની જાળીની બહાર દેખાતાં પોતાનાં અમદાવાદ શહેર તરફ હતી. તેમનાં મનમાં પોતાનું શહેર જોઈને એક પ્રકારનો હરખ ઉભરાતો હતો. સાથે રહેલા પોલીસવાળા પોતાની રાયફલ બાજુ પર મૂકીને ગપ્પા મારી રહ્યા હતા. પોલીસની વાન અમદાવાદ શહેરની ભીડ ચીરીને એસ.જી. હાઈવે પર પહોંચી. ગોપાલે જોયું કે, એસ.જી. હાઈવે ઘણો બદલાઈ ગયો હતો. રસ્તાઓ પહોળા થઈ ગયા હતા. એક બ્રિજ બની રહ્યો હતો. સોલા સિવિલ હોસ્પિટલ પાર કરીને પોલીસવાન જમણી બાજુ વળી અને હાઈકોર્ટના વિશાળ દરવાજામાં દાખલ થઈ.હાઈકોર્ટનાં પાર્કિંગમાં વાન ઊભી રહી. પોલીસવાળાએ ઈશારો કર્યો કે, નીચે ઉતરો. સાથે રહેલા સબ ઈન્સપેક્ટરે પોલીસવાળાને ઊંચા અવાજે કહ્યું, “અરે, પહેલાં એમની હાથકડી ખોલી નાખો. કોર્ટ હાથકડી સાથે કેદીને જોશે, તો તમારી ધૂળ કાઢી નાખશે.”એક પોલીસવાળાએ તરત ચાવી લગાવીને હાથકડી ખોલી નાખી. પહેલાં ગોપાલ અને પછી સલીમ વાનમાંથી બહાર નીકળ્યા. સૌથી આગળ પી.એસ.આઈ. ચાલી રહ્યા હતા. તેમની પાછળ એક પોલીસવાળો અને પછી ગોપાલ અને સલીમ. સૌથી પાછળ બીજા બે હથિયારી પોલીસવાળા ચાલી રહ્યા હતા.ગોપાલ હાઈકોર્ટમાં પહેલી વખત આવ્યો હતો. તેને હાઈકોર્ટનો માહોલ કંઈક જુદો જ લાગી રહ્યો હતો. લાંબા, કાળા કોટ પહેરીને ફરતાં વકીલો વચ્ચે સબ ઈન્સપેક્ટર રોકાયા. તેમણે એક વકીલને પૂછ્યું, “કોર્ટ નંબર ૧૦? દવે સાહેબની કોર્ટ?” વકીલે કહ્યું, “પહેલાં માળે.” પોલીસનો કાફલો ૧૦ નંબરની કોર્ટમાં પહોંચ્યો. એડ્વોકેટ ચાંપાનેરી પણ આવી ગયા હતા. ગોપાલને એ તરત ઓળખી ગયા. પોલીસવાળાએ ગોપાલ અને સલીમને બેસાડ્યા. હાઈકોર્ટના જસ્ટિસ સુકાંત દવે બરાબર સાડા દસ વાગ્યે ડાયસ ઉપર આવી ગયા. તેમની બાજુમાં રહેતાં કોર્ટસ્ટાફે કેસ નંબર વાંચીને કહ્યું, “પિટિશનર ગોપાલ એન્ડ સલીમ.”ચાંપાનેરી ઊભા થયા. તેમણે કહ્યું, “માય લોર્ડ, મારા ક્લાયન્ટની રિકવેસ્ટ પાર્ટી ઈન પર્સનની છે. સાથે બીજી એક રિક્વેસ્ટ પણ છે કે, તેઓ પોતાની વાત ગુજરાતીમાં કહેવા માગે છે.” જસ્ટિસ દવેએ તેમનાં ટેબલ પર રહેલા કેસપેપર ઉપર એક નજર કરી અને કહ્યું, “ગ્રાન્ટેડ.” ચાંપાનેરીએ ગોપાલને ઈશારો કર્યો. સબ ઈન્સપેક્ટર પણ સાથે ઊભા થયા. ગોપાલ પાછળની કતારમાંથી આગળ આવ્યો. ચાંપાનેરીએ ગોપાલના કાનમાં કંઈક સૂચના આપી. ગોપાલે જસ્ટિસ દવે સાહેબને હાથ જોડીને નમસ્કાર કરતાં કહ્યું, “સર, મારો કેસ મારે જાતે રજૂ કરવો છે.” જસ્ટિસ દવે સાહેબે કહ્યું, “પ્રોસિડ.”ચાંપાનેરીએ ઈશારો કરતાં ગોપાલે પોતાનો કેસ રજૂ કરતાં કહ્યું, “મને સેશન્સ કોર્ટે જે સજા કરી, તેની સામે મને કોઈ ફરિયાદ નથી. મેં અજાણતાં કરેલો આ ગુનો નથી. ઈરાદાપૂર્વકનો ગુનો મેં કર્યો છે. મેં ગુનો કરતાં પહેલાં આઈ.પી.સી. અને સી.આર.પી.સી. પણ વાંચી હતી. પરંતુ મારાં મનમાં પૈસાદાર થવાનું ભૂત સવાર હતું. એ ઘેલછામાં થયેલી આ ભૂલ છે. મારી ઉંમર અત્યારે ૨૬ વર્ષ છે. મારા ઘરે વૃદ્ધ માતાપિતા છે. પિતા લારી ચલાવીને ઘરનું ગુજરાન ચલાવે છે. મારાં માબાપનો હું એકમાત્ર આધાર છું. હું જાણું છું કે, મારો ગુનો માફીને લાયક નથી. બસ, મારી ઉંમર અને મારાં વૃદ્ધ માતાપિતાની સ્થિતિને ધ્યાનમાં લઈને નામદાર કોર્ટ મને નવી જિંદગી શરૂ કરવાનો મોકો આપે. એટલી જ મારી વિનંતી છે.” ગોપાલ બોલી રહ્યો હતો ત્યારે જસ્ટિસ દવે સાહેબના ચહેરા પર એક હકારાત્મક સ્મિત હતું. તે એડ્વોકેટ ચાંપાનેરી નોંધી રહ્યા હતા. (ક્રમશ)

# નેશનલ એવોર્ડ વિજેતા ગુજરાતી ફિલ્મ "મારણ"નું ટ્રેલર લોન્ચ

## 72મા રાષ્ટ્રીય ફિલ્મ પુરસ્કારથી સન્માનિત ફિલ્મ 31 જુલાઈએ સિનેમાઘરોમાં થશે રિલીઝ

**સિટી ન્યૂઝ@રાજકોટ**

૭૨મા નેશનલ ફિલ્મ એવોર્ડ્સમાં 'બેસ્ટ ગુજરાતી ફીચર ફિલ્મ'નો રાષ્ટ્રીય પુરસ્કાર જીતનારી બહુચર્ચિત ગુજરાતી ફિલ્મ 'મારણ' (MAARAN) નું ટ્રેલર તાજેતરમાં રિલીઝ કરવામાં આવ્યું છે. રાષ્ટ્રીય સ્તરે સન્માનિત થયા બાદથી જ દર્શકોમાં આ ફિલ્મને લઈને ભારે ઉત્સુકતા જોવા મળી રહી હતી, અને હવે ટ્રેલર રિલીઝ થતા જ આતુરતાનો અંત આવ્યો છે. આ અર્થપૂર્ણ અને ભાવનાત્મક ફિલ્મ આવનારી ૩૧ જુલાઈ, ૨૦૨૬ ના રોજ સમગ્ર ગુજરાતના સિનેમાઘરોમાં મોટી સ્ક્રીન પર રજૂ થવા માટે સંપૂર્ણ રીતે સજ્જ છે. કેવી રીતે જઈશ, બે યાર, રોંગ સાઈડ રાજુ જેવી અદભુત ફિલ્મ નિર્માતા 'સિનેમેન પ્રોડક્શન્સ' (CineMan Productions)ના પ્રતિષ્ઠિત બેનર




હેઠળ બનેલી આ ફિલ્મનું દિગ્દર્શન અભિષેક જૈન દ્વારા કરવામાં આવ્યું છે.

તાજેતરમાં જ ગુજરાતના માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ અને ઉપમુખ્યમંત્રી શ્રી હર્ષ સંઘવી દ્વારા ફિલ્મના ખાસ પોસ્ટર અને રિલીઝ ડેટનું અનાવરણ કરવામાં આવ્યું હતું, જ્યાં તેમણે ફિલ્મની ટીમને આ રાષ્ટ્રીય સિદ્ધિ બદલ શુભકામનાઓ પાઠવી હતી અને ગુજરાતી સિનેમાના આ અર્થપૂર્ણ પ્રયાસની પ્રશંસા કરી હતી.

આ ફિલ્મ માત્ર મનોરંજન પૂરતી સીમિત ન રહેતા સમાજના ઊંડા અને ગંભીર પાસાઓ, માનવીય સંવેદનાઓ, વાસ્તવિક સંબંધો અને જીવનના કઠિન નિર્ણયોને ખૂબ જ સુંદર અને સચોટ રીતે પડદા પર રજૂ કરે છે. ગુજરાતી સિનેમાના લોકપ્રિય અને પ્રતિભાશાળી કલાકારો યશ સોની અને દીક્ષા જોશી મુખ્ય ભૂમિકામાં જોવા મળશે. જેમની દમદાર એક્ટિંગ અને કેમિસ્ટ્રી ટ્રેલરમાં જ દર્શકોનું ધ્યાન ખેંચવામાં સફળ રહી છે. તેમની સાથે સુહદ ગોસ્વામી, તર્જની ભાડલા અને અભિનય બેંકર જેવા અનુભવી કલાકારોએ પણ મહત્વપૂર્ણ પાત્રો ભજવીને વાર્તાને વધુ મજબૂત બનાવી છે.

આ ફિલ્મનો મુખ્ય ઉદ્દેશ્ય દર્શકોને મનોરંજન સાથે એક સાર્થક સામાજિક વિચાર આપવાનો રહ્યો છે. ટ્રેલર રિલીઝ થતા જ સોશિયલ મીડિયા પર દર્શકો અને વિવેચકો તરફથી ખૂબ જ ભવ્ય અને ઉત્સાહજનક પ્રતિસાદ મળી રહ્યો છે. વાર્તા ફિલ્મનું સૌથી અગત્યનું પાસું છે અને કોઈપણ મુખ્ય પાત્ર વગર પણ ફિલ્મને રજૂ કરી શકાય એ બાબતે દર્શકોના મનમાં આશ્ચર્ય જન્માવ્યું હતું.

ગુજરાતી સિનેમાને વૈશ્વિક સ્તરે નવી ઊંચાઈએ લઈ જતી આ રાષ્ટ્રીય પુરસ્કાર વિજેતા ફિલ્મ ૩૧ જુલાઈથી તમારા નજીકના થિયેટરોમાં જોવા મળશે, જેને પરિવાર સાથે માણવી એ દરેક ગુજરાતી માટે ગૌરવપૂર્ણ અનુભવ બની રહેશે.



# આજથી જયાપાર્વતી વ્રતનો પ્રારંભ

## 31 મી જુલાઈ રાત્રીએ જાગરણ

**આજે અષાઢ સુદ તેરસથી પાંચ દિવસના જયાપાર્વતી વ્રતનો પ્રારંભ થયો છે.ત્યારે શહેરના વિવિધ મંદિરોમાં પૂજન કરવામાં આવ્યું હતું.સતત પાંચ દિવસના વ્રત બાદ ૩૧મી જુલાઈએ ગુરુવાર રાત્રીના જાગરણ રહેશે.**



# પાલીતાણામાં પૂજ્ય આચાર્ય વિજય પ્રબોધચંદ્રસૂરિજીનો ચાતુર્માસ પ્રવેશ

» ગિરિરાજ શત્રુંજયની પાવન છત્રછાયામાં ભક્તિભાવ સાથે મહોત્સવ યોજાયો; પોલીસ અધિકારીઓ સહિત મોટી સંખ્યામાં ભાવિકો ઉપસ્થિત રહ્યા



સિટી ન્યૂઝ@ગોતમ ગોસ્વામી-પાલીતાણા

ભાવનગર જિલ્લાના પવિત્ર તીર્થધામ પાલીતાણામાં ગિરિરાજ શત્રુંજયની પાવન છત્રછાયામાં પૂજ્ય આચાર્ય શ્રી વિજય પ્રબોધચંદ્રસૂરિશ્વરજી મહારાજ સાહેબ (ચકાચક દાદા)નો ચાતુર્માસ પ્રવેશ ભક્તિ, શ્રદ્ધા અને ઉત્સાહભેર યોજાયો હતો. પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજય શ્રમણચંદ્રસૂરિજી મહારાજ સાહેબ, પરમ પૂજ્ય આચાર્ય શ્રી વિજય શ્રુતચંદ્રસૂરિજી મહારાજ સાહેબ તેમજ સાધુ-સાધ્વીજી ભગવંતોની પવિત્ર નિશ્રામાં ચાતુર્માસ પ્રવેશ મહોત્સવ સંપન્ન થયો હતો.

ચાતુર્માસ પ્રવેશ પ્રસંગે ભાવનગર જિલ્લા પોલીસ અધિક્ષક નિતેશ પાંડે તથા પાલીતાણા DYSP મિહિર બારૈયાએ પૂજ્ય આચાર્ય શ્રીના દર્શન કરીને આશીર્વાદ પ્રાપ્ત કર્યા હતા. આ પ્રસંગે અલ્પેશભાઈ સંઘવી સહિત મોટી સંખ્યામાં જૈન શ્રાવક-શ્રાવિકાઓ, આરાધકો અને ભાવિકો ઉપસ્થિત રહ્યા હતા.

આગામી ચાતુર્માસ દરમિયાન વિવિધ ધાર્મિક આરાધનાઓ, પ્રવચનો, પૂજા-ભક્તિ, તપ-આરાધના અને આધ્યાત્મિક કાર્યક્રમોનું આયોજન કરવામાં આવશે, જેમાં મોટી સંખ્યામાં આરાધકો જોડાશે તેવી માહિતી આપવામાં આવી હતી.

સમગ્ર ચાતુર્માસ પ્રવેશ મહોત્સવનું આયોજન ગુરુ ગુણાનુરાગી ભક્ત પરિવાર દ્વારા કરવામાં આવ્યું હતું.

# ગુરુપૂર્ણિમાએ જીવનનગરમાં સામૂહિક સત્યનારાયણ કથાનું આયોજન

## રામેશ્વર મહાદેવ મંદિરે મહિલા મંડળની પહેલ; શ્રદ્ધાળુઓને પૂજન-અર્ચન અને મહાઆરતીમાં જોડાવા અનુરોધ

સિટી ન્યૂઝ@રાજકોટ

જીવનનગર વિકાસ સમિતિ સંચાલિત રામેશ્વર મહાદેવ મંદિર અંતર્ગત મહિલા મંડળ દ્વારા ગુરૂપૂર્ણિમા દિને સામુહિક સત્યનારાયણ કથાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે જેમાં શ્રધ્ધાળુઓ પૂજા-વસ્તુ સાથે કથામાં ભાગ લઈ શકશે.

મહાદેવધામ મહિલા મંડળના વ્યવસ્થાપક શ્રીમતિ સુનિતાબેન વ્યાસે જણાવ્યું કે બુધવાર તા. ૨૯મી એ સાંજે ૪-૦૦ કલાકે ગુરૂપૂર્ણિમા દિને મંદિરના પટ્ટાંગણમાં સામુહિક કથાનું આયોજન કરવામાં આવ્યું છે, જેમાં શ્રધ્ધાળુઓએ કથામાં ભાગ લેવો હોય તેઓએ ગણપતિ ભગવાન સાથે પૂજાપાની વસ્તુઓ સાથે લાવવાની રહેશે. વ્યકિતગત પૂજાવિધિનો અનેરો ઉત્સવ હોય સગાસંબંધી, મિત્ર મંડળ સાથે ભાગ લઈ શકાશે. મંદિરમાં આગામી શ્રાવણ માસમાં શિવજીનું પૂજન-અર્ચન, ઉપરાંત નવરાત્રિ મહોત્સવના પ્રવેશ ફોર્મની જાહેરાત કરવામાં આવશે. મહાદેવધામમાં શાસ્ત્રોક્ત પૂજાવિધિમાં સૌ કોઈ ભાગ લઈ શકશે.

મંદિરના સહવ્યવસ્થાપક શોભનાબેન ભાણવડિયા, યોગીતાબેન જોબનપુત્રાએ કથાની બેઠક વ્યવસ્થા, પ્રસાદ અને મહાઆરતીની જવાબદારી લીધી છે. તુલસીપત્ર દરેક શ્રદ્ધાળુઓ સાથે લાવશે તો ભાવાત્મક યજ્ઞ ગણાશે.

મહિલા મંડળના આશાબેન મજેઠીયા, ભારતીબેન ગંગદેવ, ભક્તિબેન ખખ્ખર, હર્ષાબેન પંડયા, કિર્તીબેન કગથરા, ગીતાબેન મહેતા, યોગીતાબેન જોબનપુત્રા, શોભનાબેન ભાણવડિયા તથા સમિતિના વિનોદરાય ભટ્ટ, પાર્થ ગોહેલ, વિજયભાઈ જોબનપુત્રા, કેતન મકવાણા, વિપુલ પંડયા, ભાવેશ બુંદેલા, અશોકભાઈ મકવાણા, સહિત કાર્યકરો સ્થાને સફળ બનાવવા જહેમત ઉઠાવી રહ્યા છે.

સામુહિક કથામાં ભાગ લેવા ઈચ્છુકોએ જીવનનગર શેરી નં. ૪, અનિલ જ્ઞાન મંદિર પાછળ, બ્રહ્મસમાજ પાસે અથવા સુનિતાબેનનો સંપર્ક નંબર ૯૧૭૩૭ ૮૨૭૨૭ પર સંપર્ક કરવા જણાવાયું છે.

# માંડાડુંગર પાસે નોકરીથી ઘરે જતા વૃદ્ધનુ ટ્રકની ઠોકરે મોત

સિટી ન્યૂઝ@રાજકોટ

માંડા ડુંગર નજીક સુંદરમ્ સોસાયટીમાં રહેતાં રવજીભાઈ વાલજીભાઈ પરમાર-ગુર્જર પ્રજાપતિ (ઉ.વ.૫૮) સાંજે સાડા પાંચેક વાગ્યે માંડા ડુંગર નજીક ભવાની કારખાના પાસે સર્વિસ રોડ પર ચાલીને ઘર તરફ આવતાં હતાં ત્યારે ટ્રકનો ચાલક ઠોકરે લઈ ભાગી જતાં ગંભીર ઈજાઓ થઈ હતી. બનાવને પગલે લોકો ભેગા થઈ જતાં રવજીભાઈના કુટુંબીજનોને જાણ કરવામાં આવી હતી. રવજીભાઈને સારવાર માટે જી. ટી. શેઠ ઓર્થોપેડિક હોસ્પિટલમાં ખસેડાયા હતા. ત્યાંથી વધુ સારવાર માટે સિવિલ હોસ્પિટલમાં રીફર કરાયા હતાં. પરંતુ અહિ રાત્રીના મૃત્યુ થયું હતું. બનાવની જાણ હોસ્પિટલ ચોકીના સ્ટાફે આજીડેમ પોલીસને કરી હતી. મૃત્યુ પામનાર રવજીભાઈ ત્રણ ભાઈ અને ત્રણ બહેનમાં નાના હતાં. સંતાનમાં એક દિકરી અને બે દિકરા છે. પોતે ભવાની કારખાના પાસે બગીચામાં માળી તરીકે નોકરી કરતાં હતાં. નોકરી પુરી થતાં ઘરે આવી રહ્યા હતાં ત્યારે ટ્રકનો ચાલક ઠોકરે ચડાવી ટ્રક લઈ ભાગી ગયો હતો. આજીડેમ પોલીસે ટ્રકચાલકની શોધખોળ હાથ ધરી છે.

# રાજકોટના પત્રકાર ભાર્ગવ જોષીનો આજે જન્મદિવસ

સિટી ન્યૂઝ@રાજકોટ



રાજકોટ લાઈવ ન્યૂઝના ડિરેક્ટર અને પત્રકાર ભાર્ગવભાઈ જોષીનો આજે જન્મદિવસ છે. તેઓ લાંબા સમયથી પત્રકારત્વ ક્ષેત્રે સક્રિય રહી જવાબદારીપૂર્વક કામગીરી બજાવી રહ્યા છે.ભાર્ગવભાઈ જોષી વિવિધ સામાજિક અને શૈક્ષણિક સંસ્થાઓ સાથે પણ સક્રિય રીતે જોડાયેલા છે. બ્રહ્મ સમાજમાં યુવા અગ્રણી તરીકે તેઓ મહત્વની જવાબદારીઓ નિભાવી રહ્યા છે. ઉપરાંત ભારતીય જનતા પાર્ટીના કાર્યકર તરીકે પણ તેઓ સક્રિય છે અને રાજકોટ જિલ્લા ભાજપ IT સેલના સહ-સંયોજક તરીકે ફરજ બજાવી રહ્યા છે. તેમના જન્મદિવસ નિમિત્તે મિત્રો, શુભેચ્છકો, સામાજિક આગેવાનો તથા વિવિધ ક્ષેત્રના લોકો દ્વારા તેમને શુભકામનાઓ પાઠવવામાં આવી રહી છે. તેમના વિશાળ મિત્રવર્તુળમાંથી દિવસભર 74053 00007 પર શુભેચ્છાઓનો ધોધ વહેતો રહ્યો હતો.

# અંબાજીથી સનાતન ધર્મ સંસદનું રાજ્યવ્યાપી અભિયાન શરૂ થશે

» સનાતન ધર્મની આસ્થા અને શાસ્ત્રોક્ત પરંપરાની સમજ વિના લેવાતા સરકારી નિર્ણયો ધર્મનું અપમાન સમાન
» અંબાજી બાદ ડાકોર, સોમનાથ, દ્વારકા, સાળંગપુર, પાવાગઢ સહિતના યાત્રાધામોમાં યોજાશે સનાતન ધર્મ સંસદ

**સિટી ન્યૂઝ@અંબાજી**

જગપ્રસિદ્ધ શક્તિપીઠ અંબાજી ખાતે સનાતન ધર્મ સંસદની અત્યંત મહત્વપૂર્ણ અને વિશાળ બેઠક યોજાઈ હતી. બેઠકમાં સનાતન ધર્મની શાસ્ત્રોક્ત પરંપરાઓના સંરક્ષણ, કર્મકાંડી ભૂદેવોના અધિકારો, દેવસ્થાન ટ્રસ્ટોના વહીવટ, યાત્રાધામોની વ્યવસ્થાપન પદ્ધતિ, ધાર્મિક સેવાઓના વ્યાપારીકરણ તેમજ શ્રદ્ધાળુઓની સુવિધાઓ સહિતના અનેક મુદ્દાઓ પર વિસ્તૃત અને ગંભીર ચર્ચા કરવામાં આવી હતી.

સંસદના પ્રવક્તા હેમાંગ રાવલે જણાવ્યું હતું કે સનાતન ધર્મની પરંપરા, આગમશાસ્ત્ર અને શાસ્ત્રોક્ત વિધિઓની યોગ્ય અને ઊંડાણપૂર્વકની સમજ વિના લેવાતા કેટલાક વહીવટી નિર્ણયો ધાર્મિક પરંપરાઓને અસર પહોંચાડી રહ્યા છે અને કરોડો શ્રદ્ધાળુઓની આસ્થાને ઠેસ પહોંચે તેવી સ્થિતિ સર્જાઈ રહી છે. ધાર્મિક બાબતોમાં કોઈપણ પ્રકારના નિર્ણય લેતા પહેલાં ધર્મશાસ્ત્રના જાણકારો, પરંપરાગત વિદ્વાનો, સ્થાનિક પૂજારી સમાજ તથા અનુભવી સંત-મહંતોનું માર્ગદર્શન ફરજિયાત રીતે લેવામાં આવે તેવી સ્પષ્ટ અને વિસ્તૃત માંગ કરવામાં આવી હતી.



**દેવસ્થાન ટ્રસ્ટોમાં વ્યાપારીકરણ અને ભ્રષ્ટાચાર સામે ઉઠ્યો અવાજઃ ભૂદેવોના અધિકારો મુદ્દે વિસ્તૃત બેઠક; વિવિધ માંગણીઓ સરકાર સમક્ષ રજૂ**



બેઠકમાં અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના વહીવટ, યાત્રાળુઓ માટેની સુવિધાઓ, ભીડ વ્યવસ્થાપન, ધાર્મિક વિધિઓના વ્યાપારીકરણ અને પારદર્શિતાને લઈને અનેક ગંભીર આક્ષેપો અને ચિંતાઓ વ્યક્ત કરવામાં આવી હતી. સંસદે ધ્વજારોહણ, યજ્ઞશાળા, ચંડીપાઠ, નૈવેદ્ય, આરતી તથા અન્ય પરંપરાગત ધાર્મિક વિધિઓના વ્યાપારીકરણને તાત્કાલિક અને સંપૂર્ણ રીતે બંધ કરવા, સ્થાનિક કર્મકાંડી ભૂદેવોના પરંપરાગત અધિકારોનું સંપૂર્ણ અને કાયદેસર રક્ષણ કરવા, ભંડારા વ્યવસ્થાના છેલ્લા ૧૨ મહિનાના CCTV ફૂટેજ જાહેર કરવા તેમજ સમગ્ર પ્રકરણની નિષ્પક્ષ, સ્વતંત્ર અને ઉચ્ચસ્તરીય તપાસ કરવાની માંગ સરકાર સમક્ષ રજૂ કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું.

સાથે જ ટ્રસ્ટોમાં નાણાકીય વ્યવહારોમાં સંપૂર્ણ પારદર્શિતા લાવવા, યાત્રાધામોમાં આવક-ખર્ચની વિગતવાર જાહેર માહિતી નિયમિત રીતે પ્રસિદ્ધ કરવા, ભક્તો માટેની સુવિધાઓમાં સતત સુધારો કરવા અને શ્રદ્ધાળુઓના હિતને સર્વોચ્ચ પ્રાથમિકતા આપવા પણ સંસદે ભારપૂર્વક અને વિસ્તૃત રજૂઆત કરી હતી.

સનાતન ધર્મ સંસદે વધુમાં જણાવ્યું હતું કે આ અભિયાન માત્ર અંબાજી પૂરતું મર્યાદિત નહીં રહે, પરંતુ રાજ્યવ્યાપી સ્તરે વધુ વ્યાપક સ્વરૂપ ધારણ કરશે. અંબાજી બાદ ડાકોર, સોમનાથ, દ્વારકા, સાળંગપુર, પાવાગઢ સહિત રાજ્યના તમામ મુખ્ય યાત્રાધામોમાં પણ આવી બેઠકો યોજાશે. દરેક યાત્રાધામના સ્થાનિક પ્રશ્નો, દેવસ્થાન ટ્રસ્ટોના વહીવટ, પારદર્શિતા, ધાર્મિક પરંપરાઓના સંરક્ષણ તથા શ્રદ્ધાળુઓના હિતના મુદ્દાઓને વિગતવાર રીતે એકત્રિત કરીને રાજ્ય સરકાર સમક્ષ રજૂ કરવામાં આવશે.

મહામંડલેશ્વર ડૉ. જ્યોતિનાથજીના અધ્યક્ષસ્થાને યોજાયેલી આ બેઠકમાં વિવિધ સામાજિક અને ધાર્મિક સંસ્થાઓના પ્રતિનિધિઓ, સમાજના આગેવાનો તથા મોટી સંખ્યામાં સ્થાનિક શ્રદ્ધાળુઓ ઉપસ્થિત રહ્યા હતા. બેઠક દરમિયાન ધાર્મિક એકતા, પરંપરાગત મૂલ્યોના સંરક્ષણ, સમાજમાં જાગૃતિ લાવવાના મુદ્દાઓ તથા સનાતન પરંપરાના વ્યાપક રક્ષણ અંગે પણ વિશેષ અને વિસ્તૃત ચર્ચા કરવામાં આવી હતી.

# ૐકારા-ૐદાદાના પાવન સાનિધ્યમાં ગુરુ પૂર્ણિમા મહોત્સવનું આયોજન



**સિટી ન્યૂઝ@રાજકોટ**

પરમ પૂજ્ય શ્રી ૐકારા-ૐદાદાના પાવન સાનિધ્યમાં ૨૯ જુલાઈ, બુધવારે ગુરુ પૂર્ણિમા મહોત્સવ-૨૦૨૬નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. મેસોનીક હોલ, ભૂતખાના ચોક, ઢેબર રોડ, બસ સ્ટેન્ડ નજીક યોજાનારા આ મહોત્સવમાં ગુરુવંદના, ગુરુપૂજન, દિવ્ય આશીર્વચન અને શક્તિપાત સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે. આયોજકોના જણાવ્યા મુજબ, પરમ પૂજ્ય શ્રી ૐકારા-ૐદાદાના માર્ગદર્શન હેઠળ વર્ષ ૨૦૧૪થી જીવદયા, માનવસેવા, અન્નસેવા, પ્રકૃતિ સંરક્ષણ, વ્યસનમુક્તિ અને આધ્યાત્મિક જાગૃતિના વિવિધ સેવાકીય કાર્યો સતત ચાલી રહ્યા છે. "કર્મ એ જ ધર્મ" અને "દરેક જીવમાં રહેલો આત્મા એ જ પરમાત્માનું સ્વરૂપ છે"ના જીવનસંદેશ સાથે સેવા, કરુણા અને માનવતાના મૂલ્યોનો પ્રચાર કરવામાં આવે છે. મહોત્સવ અંતર્ગત સાંજે ૭:૦૦ વાગ્યે મંગલ પ્રારંભ, ૭:૧૫ વાગ્યે પ્રાસંગિક ઉદબોધન, ૭:૩૦ વાગ્યે ગુરુપૂજન, ૮:૦૦ વાગ્યે શિષ્ય દ્વારા ભાવાંજલિ, ૮:૧૫ વાગ્યે દિવ્ય આશીર્વચન અને શક્તિપાત તેમજ ૮:૩૦ વાગ્યે દિવ્ય દર્શનનું આયોજન કરવામાં આવ્યું છે. કાર્યક્રમના અંતે મહાપ્રસાદનો લાભ પણ આપવામાં આવશે. આયોજકોએ સમસ્ત ૐભક્તોને સહપરિવાર ઉપસ્થિત રહી ગુરુચરણોમાં કૃતજ્ઞતા વ્યક્ત કરવા અને ગુરુકૃપાના આશીર્વાદ પ્રાપ્ત કરવા ભાવપૂર્વક આમંત્રણ પાઠવ્યું છે. વધુ માહિતી માટે મિતેશભાઈ દોશી (મો. ૯૩૭૪૯૧૯૯૩૮)નો સંપર્ક કરવા જણાવાયું છે. સિટી ન્યૂઝની મુલાકાતે મિતેશ દોશી, હર્ષીલભાઈ શાહ, નયનભાઈ કોઠારી, ભાવેશભાઈ પાબારી, જીજ્ઞેશભાઈ વાગડીયા, હેમાંગભાઈ દલસાડિયા, અમિતભાઈ ગોસ્વામી, સુરેશભાઈ ચૌહાણ, સુરેશભાઈ મધારા અને રવીભાઈ શુકલા ઉપસ્થિત રહ્યા હતા.




# લોકતંત્ર અને વિદ્યાર્થી યુવાનોની જીત બદલ કેન્ડલ માર્ચ અને મીઠાઈ વિતરણ

## જંતર મંતર પરથી પેપર લીકના મામલે ઉભી થયેલી ચિનગારી દેશભરમાં જ્વાળામુખી બને એ પહેલા કેન્દ્રીય ગ્રુહ મંત્રીની શાન ઠેકાણે આવી ગઈ : લોકસંસદ વિચાર મંચ

સિટી ન્યૂઝ@રાજકોટ

લોકસંસદ વિચાર મંચ દ્વારા NEET સહિતની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં પેપર લીકના મુદ્દે વિદ્યાર્થી આંદોલનને સમર્થન વ્યક્ત કરવા રાજકોટમાં કેન્ડલ માર્ચ અને મીઠાઈ વિતરણનો કાર્યક્રમ યોજાયો હતો. આ કાર્યક્રમ દરમિયાન વિદ્યાર્થીઓને ન્યાય મળે અને શિક્ષણ વ્યવસ્થામાં પારદર્શિતા આવે તેવી માંગ કરવામાં આવી હતી.આયોજકોના જણાવ્યા મુજબ, ભક્તિનગર સર્કલ ખાતે મીઠાઈ વિતરણ કરવામાં આવ્યું હતું. ઉપરાંત જ્યુબિલી બાગ ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમા પાસે તેમજ કોઠારિયા કોલોની સ્થિત તિરુપતિ ડેરી નજીક કેન્ડલ માર્ચ યોજી પેપર લીકના મુદ્દે મૃત્યુ પામેલા વિદ્યાર્થીઓને શ્રદ્ધાંજલિ અર્પણ કરવામાં આવી હતી.લોકસંસદ વિચાર મંચ દ્વારા જાહેર કરાયેલા નિવેદનમાં શિક્ષણ વ્યવસ્થામાં સુધારા, પેપર લીકની ઘટનાઓ સામે કડક કાર્યવાહી અને વિદ્યાર્થીઓને ન્યાય મળે તેવી માંગ કરવામાં આવી હતી. કાર્યક્રમ દરમિયાન વિવિધ સામાજિક અને જાહેર મુદ્દાઓ અંગે પણ પોતાના મંતવ્યો રજૂ કરવામાં આવ્યા હતા.કાર્યક્રમમાં પ્રવીણભાઈ લાખાણી, ગજેન્દ્રસિંહ ઝાલા, અશોકભાઈ બુટાણી, ચંદ્રેશભાઈ રાઠોડ, મગનભાઈ પટેલ, નટુભા ઝાલા, કમલેશભાઈ જોટંગીયા, ભરતભાઈ વસાણી, અમિતભાઈ મહેતા, પ્રજ્ઞેશભાઈ પારેખ, નીરવ ગોહેલ, મહેન્દ્રસિંહ ઝાલા, મનોજભાઈ ઝાપડિયા, મનહરસિંહ ચુડાસમા, અનોપભાઈ સોલંકી, જયંતીભાઈ હિરપરા, ડૉ. પાર્થ ઠુંમર, ડૉ. ધર્મેશ ગોહિલ, કેશુભાઈ છૈયા, સુરેશભાઈ અજાણી, ભરતભાઈ પરમાર, કલ્પેશભાઈ પરમાર સહિતના આગેવાનો અને જાગૃત નાગરિકો ઉપસ્થિત રહ્યા હતા.

# જરૂરિયાતમંદ દર્દીઓ માટે મહારક્તદાન કેમ્પ

## રાજકોટમાં વિઠલભાઈ રાદડિયાની પુણ્યતિથિ નિમિત્તે ૨૯ જુલાઈએ SPGનું આયોજન; રક્તદાતાઓને મોટી સંખ્યામાં જોડાવા અપીલ

સિટી ન્યૂઝ@રાજકોટ



સરદાર પટેલ ગ્રુપ (SPG) દ્વારા વિઠલભાઈ રાદડિયાની સાતમી પુણ્યતિથિ નિમિત્તે ૨૯ જુલાઈ, બુધવારે રાજકોટ સિવિલ હોસ્પિટલના જરૂરિયાતમંદ દર્દીઓ માટે મહારક્તદાન કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના સહયોગથી બેડીપરા પટેલ સમાજની વાડી, ભાવનગર રોડ ખાતે સવારે ૮:૦૦થી બપોરે ૧:૦૦ વાગ્યા સુધી કેમ્પ યોજાશે. આયોજકોના જણાવ્યા મુજબ, ચોમાસાની ઋતુ દરમિયાન રાજકોટ સિવિલ હોસ્પિટલમાં તમામ બ્લડ ગ્રુપના રક્તની તીવ્ર જરૂરિયાત ઉભી થઈ છે. સમગ્ર સૌરાષ્ટ્રમાંથી સારવાર માટે આવતા દર્દીઓને સમયસર રક્ત મળી રહે તે માટે વધુમાં વધુ રક્તદાતાઓએ કેમ્પમાં જોડાઈ રક્તદાન કરવા અપીલ કરવામાં આવી છે. સરદાર પટેલ ગ્રુપ (SPG)ના સૌરાષ્ટ્ર કન્વીનર જસ્મીનભાઈ પીપળીયા, SPG પરિવાર અને શ્રીમદ રાજચંદ્ર ફાઉન્ડેશનના વિનય જસાણીએ રક્તદાતાઓને બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહી માનવજીંદગીઓ બચાવવાના આ સેવાયજ્ઞમાં સહભાગી બનવા અનુરોધ કર્યો છે. આયોજકોએ જન્મદિવસ, પુણ્યતિથિ અથવા અન્ય પ્રસંગોએ પણ રક્તદાન કેમ્પ યોજી સમાજસેવામાં જોડાવા અપીલ કરી છે. ઉપરાંત રક્તદાન, ચક્ષુદાન, અંગદાન, સ્કીનદાન સહિતની સેવાકીય પ્રવૃત્તિઓ માટે વિનય જસાણીનો સંપર્ક નંબર 94282 00660 જાહેર કરવામાં આવ્યો છે.



# ભામસરા ધામે ગુરુ પૂર્ણિમા મહોત્સવનું ભવ્ય આયોજન

## હનુમાનજી મહારાજનો અદ્ભુત શણગાર, ગુરુ પાદુકા પૂજન અને મહાપ્રસાદ; ૨૯ જુલાઈએ હજારો ભાવિકો ઉમટશે

સિટી ન્યૂઝ@રાજકોટ

બાવળા-બગોદરા હાઈવે પર આવેલા પ્રસિદ્ધ શ્રી દેવદૂત હનુમાનજી મહારાજ મંદિર, ભામસરા ધામ ખાતે ૨૯ જુલાઈ, બુધવારે અષાઢ સુદ પૂનમ નિમિત્તે ગુરુ પૂર્ણિમા મહોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. રાજકોટ, સૌરાષ્ટ્ર અને ગુજરાતભરમાંથી મોટી સંખ્યામાં હરિભક્તો અને શ્રદ્ધાળુઓ આ પવિત્ર અવસરે ઉપસ્થિત રહેશે.મહોત્સવના પ્રારંભે હનુમાનજી મહારાજનો અદ્ભુત અને મનોહર શણગાર કરવામાં આવશે. ત્યારબાદ વિધિવત પૂજન-અર્ચના અને મહાઆરતી યોજાશે. આ ઉપરાંત સુરેશદાદા દ્વારા પૂજ્ય ગુરુવર્ય જીતુદાદાની પાદુકાનું વિધિવત પૂજન કરવામાં આવશે, જેમાં મોટી સંખ્યામાં ભાવિકો ગુરુવંદનાનો લાભ લેશે.

મહોત્સવ નિમિત્તે સર્વે હરિભક્તો માટે સવારે બટુક ભોજન (મહાપ્રસાદ)નું પણ આયોજન કરવામાં આવ્યું છે. ભામસરા ધામના સંચાલકોએ તમામ ધર્મપ્રેમી જનતા અને હરિભક્તોને ગુરુ પૂર્ણિમા મહોત્સવમાં ઉપસ્થિત રહી દર્શન, પૂજન અને પ્રસાદનો લાભ લેવા ભાવભર્યું આમંત્રણ પાઠવ્યું છે.

# ઈવનિંગ પોસ્ટમાં ત્રણ દિવસીય સંગીત સંધ્યાનું ભવ્ય આયોજન

**સિટી ન્યૂઝ@રાજકોટ**

સરગમ કલબ સંચાલિત સીનીયર સીટીઝન પાર્ક ઈવનિંગ પોસ્ટ ખાતે સભ્યો માટે ત્રણ દિવસીય સંગીત સંધ્યાનું ભવ્ય આયોજન કરવામાં આવ્યું છે. ૨૯ જુલાઈ, ૩૧ જુલાઈ અને ૨ ઓગસ્ટના રોજ સાંજે ૫:૩૦ કલાકે અલગ-અલગ સંગીત મંડળીઓ દ્વારા આકર્ષક કાર્યક્રમો રજૂ કરવામાં આવશે. આયોજકોના જણાવ્યા મુજબ, ૨૯ જુલાઈના રોજ 'મુકેશ ફેન કલબ' દ્વારા સુમધુર ગીતોની રજૂઆત થશે, ૩૧ જુલાઈના રોજ 'એ. રફી મ્યુઝિકલ' દ્વારા યાદગાર ફિલ્મી ગીતોની મહેફિલ જામશે, જ્યારે ૨ ઓગસ્ટના રોજ 'હનુમંત ક્રિએશન' દ્વારા વિશેષ સંગીત સંધ્યા યોજાશે. કાર્યક્રમમાં માત્ર સરગમ કલબના ઈવનિંગ પોસ્ટના સભ્યોને જ આઈકાર્ડના આધારે પ્રવેશ આપવામાં આવશે. સભ્યોએ ફરજિયાત પોતાનું આઈકાર્ડ સાથે લાવવાનું રહેશે. આઈકાર્ડ વિના પ્રવેશ આપવામાં આવશે નહીં. સાથે જ તમામ સભ્યોને સમયસર હાજર રહેવા આયોજકો દ્વારા અપીલ કરવામાં આવી છે.આ કાર્યક્રમને સફળ બનાવવા માટે સરગમ કલબના પ્રમુખ ગુણવંતભાઈ ડેલાવાળા, ઈવનિંગ પોસ્ટના ઈન્ચાર્જ મનસુખભાઈ મકવાણા, સહ ઈન્ચાર્જ જયપાલસિંહ ઝાલા, હરનેશભાઈ સોલંકી, મનસુખભાઈ એમ. વાવેચા, અફઝલ રફી તથા ડૉ. પુલકિત બક્ષી સહિતના આગેવાનો વિશેષ જહેમત ઉઠાવી રહ્યા છે.




| IPO DETAILS | | | | | |
|---|---|---|---|---|---|
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| XTRANET TECHNOLOGIES | 23/7 | 27/7 | 120 - 127 | 110 | 13,970 |
| INDO-MIM | 23/7 | 27/7 | 461 - 485 | 30 | 14,550 |
| LOHIA CORP | 23/7 | 27/7 | 404 - 425 | 35 | 14,875 |
| MANIPAL HEALTH ENTERPRISES | 29/7 | 31/7 | 560 - 590 | 25 | 14,750 |
| JUNIPER GREEN ENERGY | 30/7 | 03/8 | 214 - 225 | 66 | 14,850 |
| MV ELECTROSYSTEMS | 30/7 | 03/8 | 400 - 425 | 34 | 14,450 |
| SME DETAILS | | | | | |
| COMPANY NAME | OPEN | CLOSE | OFFER PRICE | SHARES | AMOUNT |
| SILVERSTORM PARKS & RESORTS | 24/7 | 28/7 | 123 - 133 | 2000 | 2,66,000 |
| ADVANCE TECHNOFORGE | 27/7 | 29/7 | 95 | 2400 | 2,28,000 |
| PROPSHOP EVENTS & EXHIBITIONS | 27/7 | 29/7 | 65 - 69 | 4000 | 2,76,000 |
| POOJAA PRECISION ENGG | 28/7 | 30/7 | 285 - 301 | 800 | 2,40,800 |
| H.R. HYGIENE PRODUCTS | 29/7 | 31/7 | 83 - 88 | 3200 | 2,81,600 |
| DHAVAL PACKAGING | 30/7 | 03/8 | 92 - 97 | 2400 | 2,32,800 |
| FUSION KLASSROOM EDUTECH | 31/7 | 04/8 | 151 - 159 | 1600 | 2,54,400 |

## આજના કંપની વિશેના નવીનતમ સમાચાર

- SHRIRAM FINANCE કન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૫૯.૮૯% વધીને ૩,૪૫૨.૭૭ કરોડ થયો છે. કુલ કન્સોલિડેટેડ આવકઃ ૧૩,૪૧૮.૭૪ કરોડ (ગયા વર્ષે Q1 FY૨૬ માં ૧૧,૫૪૨.૪૪ કરોડ હતી, જે ૧૬.૨૬% નો વધારો દર્શાવે છે). નેટ ઈન્ટરેસ્ટ ઈનકમઃ ૮,૦૫૫.૭૦ કરોડ (વાર્ષિક ધોરણે ૩૩.૬૭% નો વધારો).
- HINDUSTAN ZINC કન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૧૪૫% વધીને ૫,૪૬૯ કરોડ ના ઐતિહાસિક સ્તરે પહોંચ્યો છે. ઓપરેશનલ આવક (REVENUE) ૭૭% વધીને ૧૩,૭૪૭ કરોડ થઈ છે. કુલ આવકઃ ક્વાર્ટર દરમિયાન કંપનીની કુલ આવક ૭૪.૭૦% ના ગ્રોથ સાથે ૧૪,૦૬૩ કરોડ નોંધાઈ છે. EBITDA: કંપનીનો ઓપરેશનલ પ્રોફિટ ૧૦૯.૧૭% ના ઉછાળા સાથે ૮,૦૭૪ કરોડ થયો છે.
- TATA CONSUMER PRODUCTS કન્સોલિડેટેડ ચોખ્ખો નફો (NET PROFIT) વાર્ષિક ધોરણે (YOY) ૨૯% વધીને ૪૨૭ કરોડ થયો છે. ઓપરેશનલ આવક (REVENUE) ૧૨% વધીને ૫,૩૪૯ કરોડ પર પહોંચી છે. EBITDA: ૭૩૦ કરોડ (વાર્ષિક ધોરણે ૧૯% નો વધારો).
- STEEL AUTHORITY OF INDIA કન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૧૨૧% વધીને ૧,૬૪૪.૦૫ કરોડ થયો છે, જે ગયા વર્ષે સમાન ક્વાર્ટરમાં ૭૪૪.૫૮ કરોડ હતો. ઓપરેશનલ આવકઃ વાર્ષિક ધોરણે ૧.૨૫% ના નજીવા વધારા સાથે ૨૬,૨૪૫.૬૭ કરોડ રહી છે, જે ગયા વર્ષે Q1 FY૨૬ માં ૨૫,૯૨૧.૭૬ કરોડ હતી. કુલ આવકઃ ક્વાર્ટર દરમિયાન કંપનીની કુલ આવક વાર્ષિક ધોરણે ૧.૪૧% વધીને ૨૬,૪૫૧.૨૧ કરોડ નોંધાઈ છે. EBITDA: ઓપરેટિંગ પ્રોફિટ ૪૯.૯૯% ના ઉછાળા સાથે ૪,૧૫૨.૭૧ કરોડ પર પહોંચ્યો છે, જે ગયા વર્ષે ૨,૭૬૮.૬૬ કરોડ હતો.
- WELSPUN CORP કન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૨૦૦% ના ઉછાળા સાથે ૧,૦૪૭.૮૮ કરોડ ના ઐતિહાસિક સ્તરે પહોંચ્યો છે. ઓપરેશનલ આવકઃ વાર્ષિક ધોરણે ૧૫.૦૦% વધીને ૪,૦૮૧ કરોડ નોંધાઈ છે. કુલ કન્સોલિડેટેડ આવક ૧૫.૬% વધીને ૪,૧૪૪.૯૧ કરોડ થઈ છે. EBITDA: કંપનીએ અત્યાર સુધીનો રેકોર્ડબ્રેક ઓપરેટિંગ પ્રોફિટ નોંધાવ્યો છે, જે ૩૫.૦૦% ના વાર્ષિક વધારા સાથે ૭૫૬ કરોડ થયો છે.
- AU SMALL FINANCE BANK ચોખ્ખો નફોઃ જૂન ક્વાર્ટરમાં બેંકનો ચોખ્ખો નફો ૭૯૬ કરોડ નોંધાયો છે, જે ગયા વર્ષના સમાન ક્વાર્ટર (Q1 FY૨૬) માં ૫૮૧ કરોડ હતો. નેટ ઈન્ટરેસ્ટ ઈનકમઃ વ્યાજની કમાણી અને ચૂકવણી વચ્ચેનો તફાવત ૩૨% વધીને ૨,૬૯૫.૫ કરોડ થયો છે, જે ગયા વર્ષે ૨,૦૪૫ કરોડ હતો.
- IDFC FIRST BANK કન્સોલિડેટેડ ચોખ્ખો નફો વાર્ષિક ધોરણે ૧૫૩.૧૨% ના ઉછાળા સાથે ૧,૧૪૭.૮૨ કરોડ થયો છે. કુલ આવકઃ જૂન ક્વાર્ટરમાં બેંકની કુલ આવક વાર્ષિક ધોરણે ૧૨.૫૭% વધીને ૧૩,૩૬૦.૬૯ કરોડ નોંધાઈ છે. નેટ ઈન્ટરેસ્ટ ઈનકમઃ ૨૧.૧૦% વધીને ૫,૯૭૪.૧૨ કરોડ પર પહોંચી છે.

**DISCLAIMER: અમે સેબીના રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ એડવાઈઝર નથી અને અહીં અમે લે-વેંચની કોઈ સલાહ આપી રહ્યા નથી. આ લખાણ માત્ર માર્ગદર્શન પરતું છે. રોકાણ કરતાં પહેલાં આપનાં રજિસ્ટર્ડ ઈન્વેસ્ટમેન્ટ સલાહકારની સલાહ લેવી.**